વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૭મું
જૂન - ૨૦૨૨
અંક - ૫૨૯

મંગલ મંદિર ● જૂન-૨૦૨૨ ● ૧
(કુલ પાના : ૬૦)

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર

**માસ્ક પહેરો ● હાથને વારંવાર સાફ કરો ● પરસ્પરનું અંતર જાળવો ● કોરોના વેક્સિન અભિયાનને સફળ બનાવો**

## મઢડા ગામ સ્થિત દેશનું સૌથી પ્રાચીન ભારતમાતાનું મંદિર

**મઢડા ગામનું આ મંદિર ટૂંક સમયમાં શતાબ્દી ઉજવશે.**






અખંડ આરસમાંથી બનેલી મૂર્તિ અને
ભારતમાતાના પગ પાસે અખંડ ભારતનો નકશો.

મુખ્ય કાર્યાલય :
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન** (કોડાય-સુપ્રીમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 4890 6001, 4890 6002, 4890 6003, 4890 6004
Email : kjssmangalmandir@gmail.com • Web site : www.kutchijainahd.org

## રોટરી ક્લબના ડિસ્ટ્રીક્ટ ગવર્નરની ડૉ. ચંદ્રકાંત દેઢિયા ડાયાલિસિસ સેન્ટરની મુલાકાત



રોટરી ઇન્ટરનેશનલના ડિસ્ટ્રીક્ટ ગવર્નર શ્રી અશોક મંગલ, રોટરી ક્લબ - વાસણાના અન્ય હોદ્દેદારો અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના હોદ્દેદારો



શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની પ્રવૃત્તિઓ અને આગામી સમયમાં હાથ ધરવામાં આવનાર પ્રોજેક્ટો વિશે માહિતી આપતા સમાજના ઉપપ્રમુખ શ્રી હિરેન શાહ



રોટરી ક્લબ - વાસણાના હોદ્દેદારો અને
શ્રી કચ્છી જૈન સવા સમાજ - અમદાવાદના હોદ્દેદારો



'કલાપૂર્ણમ'સંસ્થાના ડાયરેક્ટર શ્રી સંજય શાહ સાથે
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના હોદ્દેદારો

અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશન અને સદ્‌વિચાર પરિવાર સંચાલિત કૌશલ્ય અને ઉદ્યમિતા સંસ્થાના ગાંધીનગર ખાતેના સંચાલક અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યો



## અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશન અને સદ્‌વિચાર પરિવાર સંચાલિત કૌશલ્ય અને ઉદ્યમિતા વિકાસ સંસ્થાની મુલાકાત




સંસ્થાના સંચાલક શ્રી રામસિંગભાઈ ચૌહાણ અને શ્રી અશોક મહેતા

## ઉચ્ચ શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ દ્વારા આયોજિત પેરેન્ટીંગ વર્કશોપ



પેરેન્ટીંગ વિશે પોતાનું વક્તૃત્વ આપતા ડૉ. શૈલેન્દ્ર ગુપ્તા.
સાથે શ્રી હિરેન શાહ અને ડૉ. નીરવ ઠક્કર



પેરેન્ટીંગના વર્કશોપમાં ભાગ લીધેલ
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યો

છેલ્લા ૪૬ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૧ થી ૬૦૦૬
ઈ-મેઈલ : kjssmangalmandir@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી**

**પ્રતાપ નારાણજી દંડ**

**કાર્યકારી સહતંત્રી**

**મહેન્દ્ર સાકરચંદ દોશી**

**મો. ૯૪૨૮૦ ૨૦૫૦૧**

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**

● વાત વિમર્શ ... **મહેન્દ્ર દોશી** ...... ૪
● 'નવનીત પરિવાર'ની ગૌરવગાથા... ૬

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ● સંસ્થા સમાચાર**

● સમાજ દર્પણ ● સરસ્વતી સન્માન ● સાભાર સ્વીકાર ... ૯
● રોટરી ક્લબના ડિસ્ટ્રીક્ટ ગવર્નરની ડૉ. ચંદ્રકાંત દેઢિયા ડાયાલિસિસ સેન્ટરની મુલાકાત ... ૧૦
● શૈક્ષણિક લોન (સહાય) મેળવવા બાબત ... ૧૦
● 'કલાપૂર્ણમ' સંસ્થાની મુલાકાત ... ૧૧
● અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશન અને સદ્‌વિચાર પરિવાર સંચાલિત કૌશલ્ય અને ઉદ્યમિતા વિકાસ સંસ્થાની મુલાકાત ... ૧૧
● ઉચ્ચ શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ દ્વારા આયોજિત વર્કશોપ : "Unique Parenting Club" ૧૨
● આયુર્વેદ વિભાગ ● નશ્વર દેહનો વિલય ... ૧૪
● સુઅવસર ● મા અમૃતમ કાર્ડ - આયુષ્યમાન ભારત કાર્ડ બનાવવા માટેની અપીલ ... ૧૫
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : વિવિધ સમિતિઓનો ટૂંકો અહેવાલ ... ૧૬
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : માસિક અહેવાલ ... ૧૮

★

● આંજો કાગર ... ૧૯
● મારા જીવનનો યાદગાર પ્રસંગ ... **શાંતિભાઈ ગાલા (નવનીત)** ..... ૨૦
● તીર્થ દર્શન ... **પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)** ..... ૨૧
● કચ્છમાં જૈનોની મોટી પંચતીર્થી : કોઠારા - નલિયાનાં દર્શનિય જિનાલયો ..... **ભરત'કુમાર' પ્રા. ઠાકર** ..... ૨૨
● મારા હૃદયના ધબકારા વારંવાર વધી જાય છે ... **ડૉ. મણિલાલ ગડા, સિનિયર મનોચિકિત્સક** ..... ૨૫
PANIC DISORDER (ભાગ-૪) **ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક**
● શ્રી મહાવીર જૈન વિદ્યાલય : જૈન વિદ્યાર્થીઓને ઉત્તમ કક્ષાની સેવા આપતી સંસ્થા ... ૨૭
● સરસ્વતી સન્માન : વર્ષ ૨૦૨૨માં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓએ ભરવાના ફોર્મ – A અને B ... ૨૯
● દેશનું મઢડા ગામ સ્થિત સૌથી પ્રાચીન ભારતમાતાનું મંદિર ... ૩૩
● કચ્છ રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ દ્વારા આયોજિત સાડત્રીસમો સન્માન ત્રિવેણી સમારોહ ... ૩૫

★


● *Nano Nine* શબ્દ રમત-૧૮૩ ... **સંકલન : રજનીકાંત પારેખ** ...... ૩૭
● *Nano Nine Sudoku* (ક્રમાંક-૧૧૪૧) ... **સંકલન : રજનીકાંત પારેખ** ...... ૩૯

★

● મૃત્યુ પછી ૫ વસ્તુ જીવાત્માની સાથે જાય છે ... **વિનોદભાઈ માછી નિરંકારી** ..... ૪૦
● સ્વજનના મૃત્યુ સમયે મહાદુઃખ વિસારવાનો ઉપાય ... **પ્રા. સૂર્યકાંત ભટ્ટ** ..... ૪૧
● જીંદગીની કરુણતા ... **પ્રા. પૃથ્વી શાહ** ..... ૪૨
● હિમાલયનું સર્વોચ્ચ શિખર પ્રથમ વખત સર થયું ... **જસ્મીન દેસાઇ 'દર્પણ'** ..... ૪૪
● ગજીયો મૂંજો જોર જલાણું, જલાણેતી જૂલીઆં ... **લાલજીભાઈ મેવાડા** ..... ૪૫
● ભુજના અબ્બાસઅલી પીરની ઐતિહાસિક દાસ્તાન ... **નરેશ અંતાણી** ..... ૪૬
● પ્રતિભાના પોંખણા : શ્રીમતી ભારતીબેન અશ્વિનભાઈ સાવલા ... **શ્રીમતી ફાલ્ગુની હિરેન** ..... ૪૯
● મોબાઈલ તમારો મિત્ર છે કે દુશ્મન? ... **પરિતા શર્મા** ..... ૫૨
● એક બોધ કથા : કાચની બરણી ને બે કપ ચા ... **સંગ્રાહક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)** ..... ૫૪
● ભારતના યોગી પતંજલીએ યોગાસનની દુનિયાને આપેલી ભેટ છે ... **ડૉ. મિહિર એમ. વોરા** ..... ૫૫
● દેહદાન કરવા માટેનું ફોર્મ ... ૫૮

તંત્રી લેખ

# વાત વિમર્શ



મહેન્દ્ર દોશી

આ મહિનાઓ વેકેશનના મહિનાઓ ગણાય. વેકેશનનો ડિક્ષનેરી અર્થ 'રજાનો સમય', 'કામ પરથી દૂર', 'વિરામ' એવો થાય. પણ છેલ્લા બે વર્ષથી વેકેશનની ફિલીંગ, વેકેશનનો ઉન્માદ બાળકો તેમજ મા-બાપ માટે સમય ક્યારેય થોભતો નથી, અટકતો નથી. આથી સમયાંતરે સાંપ્રત સમસ્યાઓની વિટંબણામાંથી છૂટી શકાતું નથી. એટલું જ નહીં, પણ સમસ્યાઓતો બુઝાઈ ગયેલ કોલસો હોવાથી અજાણતા પણ ફૂંક લાગી જાય તો પણ સળગતા અંગારા પર બાઝી ગયેલી રાખ ઉડી જાય તો પણ કોલસો અંગારો બની જાય છે. એના સમાન કેટલીક સમસ્યાઓ છે. રાષ્ટ્રભાષા, નવી શિક્ષણ નીતિ, પ્રાથમિક શિક્ષણના માધ્યમની ફોર્મ્યુલા, જેના નિવારણ કે સમાધાન માટેના કોઇ ચિહ્ન - સંકેતના એંધાણ દૂર દૂરના સમય સુધી દેખાતા નથી.

વિશ્વયુધ્ધ બાદ ભાષાકીય ત્રણ પ્રકારની સમસ્યાઓ સર્જાઈ : (૧) ઐતિહાસિક ઘટના, (૨) તેના કારણે લોકોના સ્થળાંતર, (૩) સીમાડા ઓળંગતા અન્યન્ય ભાષાઓ સામે ભાષકોના સંપર્કથી સર્જાયેલી સમસ્યા અને તેના નિવારણ માટે ભાષાની જાતિ અને નિયમોના અમલીકરણ કરવા માટે ઓર્ગેનાઇઝરની નિયુક્તિ (Historical, Demographical, Policies & Law).

ઉપરોક્ત ભાષાકીય સમસ્યાના કારણોને ભારતના સંદર્ભે તપાસીએ તો ભારત સ્વતંત્ર દેશ બન્યો. આથી સ્વતંત્ર ભારતના સંવિધાન ઘડવાની ફરજ પડી અને બંધારણીય નાગરિક હક્કોની જોગવાઈ કરવામાં આવી. જેમાં રાઇટ-ટુ-એજ્યુકેશન મુળભૂત હક્કની જોગવાઈ બંધારણના આઠમા ખંડના આર્ટીકલ ૩૪૩, ૩૫૧ હેઠળ ભાષાની સર્વોપરીતા અને અધિકૃતતાને રાષ્ટ્રીય ભાષા એ સત્તાવાર ભાષાના (નેશનલ લેંગ્વેજ / ઓફિસીયલ લેંગ્વેજ) હક્ક આપવા માટે ડૉ. કનૈયાલાલ મુનશી તથા એન. ગોપાલ સ્વામિની સમિતિનું આયોજન કરવામાં આવેલ. આ કમિટીએ ભારતના જુદા જુદા રાજ્યમાં બોલાતી ભાષાઓમાં ભાષકોની રજૂઆતને ધ્યાનમાં રાખીને આ સમિતિએ રાષ્ટ્રભાષા તેમજ સત્તાવાર ભાષાની બંધારણીય જોગવાઈ કરેલ.

૧. કેન્દ્ર સરકારની સત્તાવાર ભાષા (ઓફિશિયલ લેંગ્વેજ)માં કુલ ૨૨ ભાષાઓને ૩૪૩ હેઠળની જોગવાઈ હેઠળ સમાવેશ કરવામાં આવી.

૨. હિંદીને સત્તાવાર ભાષા (Official Language) તરીકે સમાવેશ થયો. હિંદી અને અંગ્રેજીને પંદર વર્ષ માટે સત્તાવાર ભાષા (ભાષા એસોસિએટ ઓફિસિયલી લેંગ્વેજ) તરીકે બંધારણમાં સ્થાન આપવામાં આવ્યું. (૧૯૬૫માં પંદર વર્ષ પૂરા થતાં માત્ર અંગ્રેજી (ડી-ફેક્ટો) સત્તાવાર ભાષા તરીકે ચાલુ રહી. (અમેરિકામાં અંગ્રેજી આ રીતે જ ચાલુ રહી છે.)

હિંદીને રાષ્ટ્રભાષા તરીકે બંધારણમાં સ્થાન ક્યારેય આપવામાં આવેલ નથી. આના કારણો અત્રે અપ્રસ્તુત છે, પણ ભાષા વિજ્ઞાની તરીકે ભાષાકીય કારણોને ધ્યાનમાં લેતાં એવું કહી શકાય કે, દક્ષિણ ભારતમાં બોલાતી (તમિલ, તેલુગુ, કન્નડ, મલયાલમ) ભાષાઓ માટે તેઓની દલીલ છે કે – આ ભાષાઓ સંસ્કૃત કરતા વધુ પ્રાચીન ભાષા છે. આથી તામિલ ભાષાને રાષ્ટ્ર ભાષાનો દરજ્જો મળવો જોઈએ. આ તાર્કિક દલીલ છે. પણ ભાષા વિસંગતતાની દષ્ટિએ વિશ્લેષણ કરીએ તો દક્ષિણ ભારતમાં બોલાતી ચારેય ભાષાઓ દ્રવિડ કુળની ભાષા છે અને (સંસ્કૃત) હિંદી એ આર્ય યુગની ભાષા છે. બંને કુળ અલગ હોવાથી દક્ષિણ ભારતના ભાષક માટે આર્ય કુળની ભાષાને અવગત કરવી સરળ

નથી. એક જ આર્ય કુળની ભાષાના ભાષક જાણીતા ભાષક માટે છે. આથી દ્રવિડ કુળના ભાષકો હિંદીનો સ્વીકાર રાષ્ટ્રભાષા માટે ન કરે એ ભાષાકીય કારણ છે.

વિશ્વમાં ભાષામાં ગ્લોબલાઈઝેશન આવવાને કારણે ભાષાકીય સમસ્યાઓ સર્જાઈ છે અને આના નિવારણ માટે ગ્લોબલાઈઝેશન ઓર્ગેનાઈઝેશન ભાષાકીય સમસ્યાના સમાધાન માટે કાર્યરત છે. દક્ષિણ ભારત અને ઉત્તર ભારતમાં બોલાતી ભાષાઓના ભાષક અલગ હોવાથી બંને ભાષકોની પોતાની માતૃભાષા માટેની સંવેદના સમાન છે. જેને રાજકીય ફલકના ચકડોળ પર ચડાવવાના રાજકીય પ્રયત્નોથી પ્રશ્ન વિકટ બન્યો છે. આવી સમસ્યા માત્ર ભારતમાં છે એવું નથી, અમેરિકામાં પણ અંગ્રેજી માટે આવો જ પ્રશ્ન ઉપસ્થિત કરવામાં આવેલ. અમેરિકાના બંધારણમાં અંગ્રેજીને બંધારણીય મોભો ન હોતા તેમ છતાં તે ઓફિશિયલ લેંગ્વેજ તરીકે સ્વીકૃત કરવામાં આવેલ છે.

આથી પણ આગળ, ભાષા માટેનું વ્યવહારુ પગલું તો ચીનનું ગણાય. ચીનની 'મડરિડને' નેશનલ લેંગ્વેજ હોવા છતાં પણ વિશ્વ સાથે ટકી રહેવા માટે ચીન સરકારે અંગ્રેજી શીખવું ફરજિયાત કર્યું. એટલું જ નહીં પણ અંગ્રેજી શીખવા માટે સરકારે અનુદાન પણ આપવાની જાહેરાત કરી.

આથી ભાષાકીય સમસ્યાનો નિવેડો ભાષકોની લાગણી અને વિશ્વમાં ટકી રહેવા માટે ભાષાની અનિવાર્યતા અને પ્રભુત્વ, એ જ ભાષાનો મોભો - દરજ્જો નક્કી કરવા માટેના નિર્ણાયક પરિબળો ગણી શકાય.

*મહેન્દ્ર સાકરચંદ દોશી – તંત્રી*


# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## 'મંગલ મંદિર'ની જાહેરાતના માસિક દરો

| ક્રમ | ટાઈટલ | કલર | આખુ પાનું | અડધું પાનું | પા પાનું | અન્ય |
|---|---|---|---|---|---|---|
| ૧. | કવર પેઈજ નં.-૪ | મલ્ટી કલર | ૭,૦૦૦ | ૪,૫૦૦ | ૩,૦૦૦ | — |
| ૨. | કવર પેઈજ નં. ૨ તથા ૩ | મલ્ટી કલર | ૬,૦૦૦ | ૩,૫૦૦ | ૨,૫૦૦ | — |
| ૩. | કવર પેઈજ ૨ તથા ૩ની સામેનું પાનું | મલ્ટી કલર | ૫,૫૦૦ | ૩,૨૫૦ | ૨,૨૫૦ | — |
| ૪. | અંદરનું પાનું | મલ્ટી કલર | ૫,૦૦૦ | ૩,૦૦૦ | ૨,૦૦૦ | — |
| ૫. | અંદરનું પાનું | સીંગલ કલર | ૪,૦૦૦ | ૨,૫૦૦ | ૧,૫૦૦ | — |
| ૬. | અંદરનું સાદુ પાનું | બ્લેક એન્ડ વ્હાઈટ | ૨,૦૦૦ | ૧,૫૦૦ | ૧,૦૦૦ | — |
| ૭. | ટચુકડી જાહેર ખબર ૧ કોલમ x ૫ સે.મી. | બ્લેક એન્ડ વ્હાઈટ | — | — | — | ૫૦૦ |
| ૮. | સાદા પાનાની નીચે ૧ ઈંચની પટ્ટી | બ્લેક એન્ડ વ્હાઈટ | — | — | — | ૩૫૦ |

**નોંધ** : ૧. એક સાથે **૧૨** મહિનાની જાહેરાત આપનારને **૧૦ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.
૨. એક સાથે **૬** મહિનાની જાહેરાત આપનારને **૭.૫ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.
૩. એક સાથે **૩** મહિનાની જાહેરાત આપનારને **૫ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.

*"શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"ના નામનો ચેક* ***(Payable at AHMEDABAD)*** */ ડ્રાફ્ટ મોકલાવવા વિનંતી.*

**નોંધ : જાહેરાતની સાઈઝ**

(૧) ફુલ પેજ : ૧૮.૦ x ૨૩.૬ સે.મી. (૨) હાફ પેજ : ૧૮.૦ x ૧૧.૬ સે.મી.
(૩) ૧/૪ પેજ : ૯.૦ x ૧૧.૬ સે.મી. (૪) બોટમ પટ્ટી : ૧૮.૦ x ૨.૫૪ સે.મી.

# NAVNEET EDUCATION LIMITED

(અમદાવાદ • મુંબઈ)

# 'નવનીત પરિવાર'ની ગૌરવગાથા

*ગાલા પરિવાર / નવનીત પ્રકાશન વર્ષોથી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની કોઈપણ સમાજલક્ષી પ્રવૃત્તિ માટે અનુદાન આપીને પ્રોત્સાહિત કરવા માટે તત્પરતા દાખવે છે. આ માટે સમાજ તેમનો ઋણી છે. આને અનુલક્ષીને 'ગાલા પરિવાર' – 'નવનીત પ્રકાશન'ની ગૌરવગાથા આ અંકમાં પ્રકાશિત કરવા માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ / મંગલ મંદિર આનંદ અનુભવે છે.*

**– તંત્રીશ્રી**

## ''સંપ ત્યાં પ્રગતિ આપોઆપ'' • ''કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી''

શ્રી કચ્છી વિસા ઓસવાલ (ક.વિ.ઓ.) સમાજની એક અત્યંત જાણીતી પ્રકાશન સંસ્થા એટલે 'નવનીત એજ્યુકેશન લિમિટેડ'. 'નવનીત' અનેક શૈક્ષણિક પ્રકાશનો તથા સ્ટેશનરીનું ઉત્પાદન કરે છે, અને આજે આ સંસ્થા શિક્ષણ જગતમાં પ્રતિષ્ઠિત સ્થાન ધરાવે છે.

'નવનીત'ની પ્રતિષ્ઠા આજે સર્વત્ર વ્યાપક છે. આ સંસ્થા વિદ્યાર્થીઓ માટે અભ્યાસક્રમ પર આધારિત પ્રકાશનો પ્રકાશિત કરે છે, જે સમસ્ત ગુજરાત તથા મહારાષ્ટ્રના શૈક્ષણિક ક્ષેત્રે ઉપયોગી બની રહ્યાં છે. આ શૈક્ષણિક પ્રકાશનો ગુજરાતી, મરાઠી, અંગ્રેજી, હિંદી તથા ઉર્દૂ ભાષાઓમાં પ્રકાશિત થાય છે. 'નવનીત'નાં પ્રકાશનોએ શિક્ષણ જગતમાં વિશ્વાસનું તથા શ્રેષ્ઠ ગુણવત્તાનું અદ્ભુત વાતાવરણ જમાવ્યું છે. 'નવનીત' ગ્રૂપે શૈક્ષણિક ઉપરાંત બાલ સાહિત્ય અને સામાન્ય જ્ઞાનને લગતાં અનેક સુંદર પ્રકાશનો પણ ગુજરાતી, મરાઠી, અંગ્રેજી, હિંદી તથા ભારતની અનેક ભાષાઓમાં પ્રકાશિત કર્યા છે. વિશેષમાં સમાજના સામાન્ય વર્ગને પણ કંઈક ઉપયોગી થવાની ભાવનાથી પ્રેરાઈને ગુજરાતી, હિંદી, મરાઠી, અંગ્રેજી તથા ભારતની અનેક ભાષાઓમાં ઘણાં બધાં આરોગ્યલક્ષી પ્રકાશનો છાપ્યાં છે. કુટુંબ વિશાળ થતાં પુસ્તક પ્રકાશનની સાથે સાથે 'નવનીત' ગ્રૂપે વિદ્યાર્થીઓ માટે ઉપયોગી એવી અનેક પ્રકારની સ્ટેશનરીનું ઉત્પાદન શરૂ કર્યું છે. આ સ્ટેશનરીઝને ભારતભરમાં સારો આવકાર મળ્યો છે. ઉપરાંત, આ સ્ટેશનરીઝ આજે વિશ્વના ૨૫ જેટલાં રાષ્ટ્રોમાં નિકાસ થાય છે. આ બાબત શ્રી ક.વિ.ઓ. સમાજ માટે ગૌરવ લેવા જેવી છે, એમ કહીએ તો એ અતિશયોક્તિ નહીં ગણાય.

કચ્છ-મોટી રાયણના વતની શ્રી રામજીભાઈ ગાલાનો બહોળો પરિવાર. વર્ષો પહેલાં શ્રી રામજીભાઈ વતન છોડીને ધંધાર્થે મુંબઈમાં વસેલા. તેઓ મુંબઈના વાલકેશ્વર વિસ્તારમાં કરિયાણાનો ધંધો કરતા હતા. તેઓ પોતાના દીકરાઓ માટે બીજો કોઈ ધંધો શરૂ કરવાનું વિચારતા હતા. એટલામાં કમનસીબે એમનું માત્ર ૪૫ વર્ષની વયે અવસાન થયું.

પિતાશ્રીના અવસાન સમયે મુંબઈ ખાતે સૌથી મોટા દીકરા શ્રી લાલજીભાઈ અને એમનાથી નાના ભાઈ શ્રી ધનજીભાઈ રહેતા હતા. માતુશ્રી લાખણીબાઈ પાસે થોડી ચાંદી હતી, જે વેચીને બંને ભાઈઓએ પ્રિન્સેસ સ્ટ્રીટ પર એક દાદર નીચેના ખાંચામાં જૂનાં પુસ્તકોની દુકાન શરૂ કરી. 'ધનજી' અને 'લાલજી' ઉપરથી 'ધનલાલ બ્રધર્સ' નામ આપ્યું. શ્રી ધનજીભાઈ દુકાને બેસીને પુસ્તકો વેચે, ને શ્રી લાલજીભાઈ મુંબઈ પસ્તીવાળાની દુકાનેથી જૂનાં પાઠ્યપુસ્તકો ખરીદી લાવી તેમને રિબાઈન્ડિંગ કરીને અડધી કિંમતે વેચે. આવક ઓછી અને મહેનત વધુ.

પતિના અવસાન પછી બે વર્ષે માતુશ્રી લાખણીબાઈ પણ અવસાન પામ્યા. ત્યાં સુધી નાના ભાઈઓ તો કચ્છમાં, રાયણ ગામે રહેતા હતા. હવે મોટા ભાઈઓ તેમના નાના ભાઈઓને મુંબઈ લઈ આવ્યા. એ સમયે ધંધાની આવક થોડી અને કુટુંબ

મોટું. આર્થિક રીતે સાધારણ પરિસ્થિતિમાં પણ મોટા ભાઈઓએ જીવનના દરેક ક્ષેત્રે પ્રામાણિકતા જાળવી રાખી હતી અને નાના ભાઈઓને પણ એ જ પ્રામાણિકતાનું શિક્ષણ આપ્યું.

મોટા ભાઈઓની નિશ્રામાં નાના ભાઈઓ મોટા થતા ગયા. થોડું ઘણું શિક્ષણ મેળવીને એક પછી એક 'ધનલાલ બ્રધર્સ'માં જોડાતા ગયા. ધંધામાં વ્યક્તિઓની સંખ્યા વધતાં મુંબઇના જુદા જુદા વિસ્તારોમાં નાની-મોટી દુકાનો શરૂ કરી. ગાડું જેમ તેમ ગબડવા લાગ્યું. જોકે એનાથી એક ફાયદો થયો કે આવકમાં થોડો-ઘણો વધારો થયો. બધાએ 'કુટુંબ-સંપ'નો મંત્ર વ્યવહારમાં સાચવી રાખ્યો.

શ્રી લાલજીભાઈએ કુટુંબની આપત્તિ સમયમાં પણ સંયમ, સહનશીલતા, ધૈર્ય જેવાં સદ્‌ગુણો જાળવી રાખ્યા. આમ, પ્રચંડ આત્મવિશ્વાસ તથા ભગીરથ પુરુષાર્થ લાંબા ગાળે હંમેશાં પ્રગતિ અપાવે છે.

ધંધાનો વ્યાપ વધે તો જ કુટુંબની પ્રગતિ થાય અને હાથમાં પૈસા દેખાય. બહોળા કુટુંબને માત્ર દુકાનદારીમાંથી મળે કેટલું? પુસ્તકોનું પ્રકાશન જાતે જ શરૂ કરીએ તો આગળ વધાય. આ વિચારને સંજોગોએ સાથ આપ્યો અને ૧૯૫૯માં SSC (જૂનું ધોરણ-૧૧) માટે એ સમયના અંગ્રેજીના એક તજજ્ઞ શિક્ષક પાસે અંગ્રેજી વિષય પર એક પુસ્તક લખાવીને પ્રકાશિત કર્યું. એ પુસ્તકને સારો પ્રતિસાદ મળ્યો. એની સારી એવી નકલો વેચાઈ. એમાંથી પ્રેરણા લઇ SSC માટે બીજા વિષયો પરનાં પુસ્તકો પ્રકાશિત કર્યાં. એ સમયે મુંબઈ, અમદાવાદ, સુરત, વડોદરા, પુણે (પૂના) તથા બીજાં શહેરોમાં અનેક નાના-મોટા પ્રકાશકો શૈક્ષણિક પુસ્તકો બહાર પાડતા હતા. એ પ્રકાશકો પાસેથી પુસ્તકો ખરીદીને મુંબઈ ખાતે હોલસેલનો ધંધો શરૂ કર્યો. એક બાજુ સંસ્થાના પ્રકાશનો વધતાં ગયાં, બીજી બાજુ હોલસેલના ધંધામાં પણ સારી પ્રગતિ થઈ. કેટલાય સમય પછી 'નવનીત' ખાનગી પ્રકાશન સંસ્થામાંથી 'પબ્લિક લિમિટેડ'માં ફેરવાઈ ગઈ.

સૌ ભાઈઓમાં એક જ લગન હતી કે ખૂબ મહેનત કરીને ધંધો વિકસાવવો. સંજોગોએ પણ સારો સાથ આપ્યો. શરૂઆતનાં વર્ષોમાં મુંબઇનાં ખાનગી પ્રેસોમાં પુસ્તકો છપાવવાં પડતાં હતાં. ૧૯૬૭માં અમદાવાદમાં પોતાનું નાનું સરખું પ્રેસ શરૂ કર્યું. ત્યાં સૌથી મોટા ભાઈ શ્રી લાલજીભાઈ અને સૌથી નાના ભાઈ શ્રી શાંતિભાઈએ વ્યવસ્થા સંભાળી. પાછળથી મુંબઈથી આવીને શ્રી હરખચંદભાઈ (છોટુભાઈ) ધંધામાં જોડાયા.

શ્રી લાલજીભાઈએ અમદાવાદમાં 'ગાલા પબ્લિશર્સ' નામે નાની પ્રકાશન સંસ્થા પણ શરૂ કરી. એ પ્રકાશન સંસ્થામાં ગુજરાતના અભ્યાસક્રમ ઉપરનાં પ્રકાશનો તૈયાર થવા લાગ્યાં. શ્રી લાલજીભાઈ, શ્રી હરખચંદભાઈ તથા સૌથી નાના ભાઈ શ્રી શાંતિભાઈએ સખત મહેનત કરીને એના વેચાણમાં સારી સફળતા મેળવી. 'નવનીત' અને 'ગાલા'ના પ્રકાશનોની સંખ્યા વધવા માંડી. એટલે અમદાવાદ ખાતે જમીનનો એક પ્લોટ ખરીદીને ત્યાં પ્રેસનું મોટું મકાન બાંધ્યું. સમય જતાં બધા સીમાડા ટૂંકા પડવા લાગ્યા. આથી અમદાવાદથી થોડે દૂર, ગાંધીનગર પાસે દંતાલી ગામે વિશાળ જમીન ખરીદીને ત્યાં મોટું પ્રેસ ઊભું કર્યું.

શ્રી લાલજીભાઈએ એક મહાન કાર્ય હાથમાં લીધું. એ જમાનામાં અંગ્રેજી-ગુજરાતી વિસ્તૃત ડિક્ષનરી છપાઈ નહોતી. લાલજીભાઈએ અનેક ડિક્ષનરીઓનું દોહન કરીને સાત વર્ષના અંતે પચાસ હજાર એન્ટ્રીઓ તથા દોઢ લાખ શબ્દોના અર્થથી સભર એવી 'ગાલા એડવાન્સ્ડ ડિક્ષનરી' તૈયાર કરી. ઑક્સફર્ડ કક્ષાની આ ડિક્ષનરીની પ્રસ્તાવના તે સમયના મૂર્ધન્ય સાહિત્યકાર, મોટા ગજાના રાજપુરુષ તથા ભારતીય વિદ્યાભવનના કુલપતિ શ્રી કનૈયાલાલ મુનશીએ લખી આપી. પછી તો આ ડિક્ષનરીની આવૃત્તિઓ દર વર્ષે છપાતી. આગળ જતાં નાની-મોટી ડિક્ષનરીઓની શૃંખલા પ્રગટ થઇ. સફળતા ક્યારેય અટકી નહીં. સફળતાનાં સોપાન ચડવામાં હવે સરળતા આવી, હિંમત વધી, ઉત્સાહ વધ્યો.

અપેક્ષિતો, ગાઈડો તથા બીજાં શૈક્ષણિક પ્રકાશનો વધતાં જ ચાલ્યાં. શાખમાં ઉમેરો થતો ગયો. સારો સમય આવ્યે મુંબઈ - દાદર ખાતેની તે સમયે ચોકલેટ બનાવતી એક જાણીતી કંપની ડૉ. રાઈટર્સની જગ્યા ખરીદી, ને ત્યાં 'નવનીત ભવન' ઊભું કર્યું. અહીં બે ભાઈઓ શ્રી અમરચંદભાઈ તથા શ્રી ડુંગરશીભાઈ અને એમનાં દીકરાઓ કામ કરવા લાગ્યા.

આમ, આખું કુટુંબ ભેગું થઈને સંસ્થાના ઉત્થાન માટે પરસેવો પાડવા લાગ્યું. કુટુંબને સારી નામના (કીર્તિ) મળી.

બહોળા કુટુંબને દુઃખમાં એકસૂત્રે બાંધી રાખનાર શ્રી લાલજીભાઈની સમજ હતી કે સુખમાં બધાં કુટુંબોએ રહેઠાણની રીતે જુદાં જુદાં રહેવું સારું. જેથી કુટુંબમાં કલેશ ન થાય, અંતરનો ભાવ સચવાય ને વ્યવસાયમાં કોઈ ક્ષતિ ન આવે.

પછી તો પરિવારમાં બધા સભ્યો એમ વિચારતા થયા કે, આપણે ઘણી ગરીબાઈમાંથી પસાર થયા છીએ અને આજે આપણી આર્થિક સ્થિતિ સારી થઈ છે, ત્યારે 'સમાજ માટે પણ કંઈક કરી છૂટવું.' આવી ભાવનાથી પ્રેરાઈને નવનીત પરિવારે સમાજમાં નાનાં-મોટાં અનેક પ્રકારનાં દાન આપવાનાં શરૂ કર્યાં. તેમાંય વિશેષ કરીને વૈદકીય ક્ષેત્રે મુંબઇ, અમદાવાદ અને કચ્છમાં 'નવનીત પરિવાર'નું યોગદાન ઘણું રહ્યું. તાજેતરમાં ક.વિ.ઓ. સમાજમાંના ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોના રહેઠાણના પ્રશ્નો ઉકેલવા માટે શ્રી કચ્છી જૈન ફાઉન્ડેશનની સ્થાપના થઇ છે, એમાં પણ 'નવનીત પરિવાર'નું યોગદાન પ્રશંસનીય રહ્યું છે.

૧૯૭૭ના અરસામાં શ્રી લાલજીભાઈને કિડની તથા કમળાના રોગે જકડી લીધા. પોતાના ભાઈઓના લહેરાતા વડલાની છાંયમાં સંતોષ સાથે શ્રી લાલજીભાઈ ૧૯૮૭માં વિદાય થયા. એ સમયે એમની ઉંમર ફક્ત ૬૭ વર્ષની હતી.

શૈક્ષણિક પુસ્તકો તૈયાર કરવા માટે વિદ્વાન લેખકોની જરૂર પડે. સંસ્થા સાથે અત્યારે ઉચ્ચ શિક્ષણ પામેલા ૨૫૦ જેટલા લેખકો જોડાયેલા છે. દરેક લેખકને એમનાં પુસ્તકોની સારી રોયલ્ટી મળે છે. આમ, અરસ-પરસના સહયોગથી નવનીત પરિવારે પ્રકાશન ક્ષેત્રે સારી એવી હરણફાળ ભરી.

આજે તો 'નવનીત એજ્યુકેશન લિમિટેડ' સંસ્થા ભારતની પ્રમુખ પ્રકાશન સંસ્થા છે. સંસ્થા શ્રેષ્ઠ ગુણવત્તાવાળાં પ્રકાશનો વાજબી કિંમતે વિદ્યાર્થી જગતને આપે છે. અત્યારે અંદાજે ૪૦૦૦ જેટલાં પ્રકાશનો વિવિધ ભાષામાં છપાય છે. અમદાવાદ તથા મુંબઈમાં પોતાના વિશાળ ભવનોમાં વહીવટી કાર્યાલયો ચાલે છે. સંસ્થાના સમગ્ર વહીવટ માટે SAP જેવી કમ્પ્યુટર સિસ્ટમ અમલમાં છે. સાથે સાથે સમગ્ર તંત્રના સુવ્યવસ્થિત સંચાલન માટે Kaizen System ની વ્યવસ્થા ગોઠવી છે. અતિ અદ્યતન શિક્ષણ ટેકનોલોજી 'E-learning' પણ શરૂ કરી છે.

આજે સંસ્થાનાં બધાં કાર્યાલયોમાં એકંદરે મળીને આશરે ચાર હજાર જેટલા કર્મચારીઓ કામ કરે છે. ઉપરાંત પૂરા સમયના 14 CA, 2 Cost Accountants, 2 Lawyers વગેરેનો સ્ટાફ છે.

***નવનીતે કોરોનાના બે વર્ષમાં ધંધો ન હોવા છતાં, આવા કપરા સમયમાં લેખકશ્રીઓને રોયલ્ટી, સ્ટાફને પગાર-બોનસ - ઈન્ક્રીમેન્ટ અને અન્ય આર્થિક વ્યવહારો પણ સાચવ્યા.***

'નવનીત એજ્યુકેશન લિમિટેડ' પ્રચંડ પુરુષાર્થ, આદર્શ અને વ્યવહારુ સંચાલન, આડંબર રહિત તથા નિરંહકારભર્યા જીવનનું જીવંત મંદિર છે.

આ છે શ્રી ક.વિ.ઓ. સમાજના અતિ સામાન્ય કુટુંબમાંથી આજની ઉચ્ચ કક્ષાએ પહોંચેલા 'નવનીત પરિવાર'ની વિકાસગાથા! કુટુંબ-સંપની ભાવના, વિકાસ માટેની લગન તથા સમાજનું ઋણ ચૂકવવાની અદમ્ય ભાવનાનો એક દસ્તાવેજી ઈતિહાસ!!!

## પૂ. શ્રી લાલજીભાઈની સોનેરી સલાહો

- કુટુંબને દુઃખમાં એકસૂત્રે જાળવવું સરળ છે, પણ સુખમાં તે મુશ્કેલ છે. એટલે લગ્ન પછી દરેક ભાઈ જુદા જુદા રહે તો અંતરનો ભાવ સચવાય અને વ્યવહારમાં ક્ષતિ ન આવે.
- ધંધાના નફામાં કુટુંબના બધા પુરુષ સભ્યોનો ભાગ રાખવો.
- ધંધામાં કે સમાજમાં વ્યવહારમાં કદી ચૂકવું નહીં.
- ધંધામાં કોઈ છેતરપિંડી કરે, તો એ સમજાતાંની સાથે જ એનો હિસાબ ચૂકતે કરી દેવો. એ પછી ભવિષ્યમાં કદી પણ એની સાથે વ્યવહાર કરવો નહીં. કોર્ટની લપમાં કદી પડવું નહીં.
- કોઈની સાથે મનદુઃખ થયું હોય તો પણ એના સારા-માઠા પ્રસંગે જરૂર પહોંચી જવું. એમ કરવાથી ઘણા મતભેદો આપોઆપ જ ઊકલી જશે.
- એટલું નક્કી માનવું કે ***"શ્રમ વિના સિદ્ધિ નથી, સંપ વિના પ્રગતિ નથી, નીતિ વિના ઉન્નતિ નથી."***

**તા.ક.**

*'નવનીત પરિવાર'ના મોભી **શ્રી અમરચંદભાઈ ગાલા** અને **શ્રી ડુંગરશીભાઈ ગાલા**ને 'કચ્છી જૈન ફાઉન્ડેશન - મુંબઈ' તથા 'શ્રી ક.વિ.ઓ. જૈન મહાજન - મુંબઈ'ના સંયુક્ત ઉપક્રમે શનિવાર, તા. ૨૩-૭-૨૦૧૬ના રોજ 'લાઈફટાઈમ એચિવમેન્ટ ઍવોર્ડ' એનાયત કરવામાં આવ્યો જે આખા 'નવનીત પરિવાર' માટે ગૌરવ તથા આનંદભરી ઘટના બની.*

*"શ્રમ વિના સિદ્ધિ નથી, સંપ વિના પ્રગતિ નથી,*
*નીતિ વિના ઉન્નતિ નથી."*

***– પૂ. શ્રી લાલજીભાઈ ગાલા***

# સમાજ દર્પણ

## સરનામા ફેરફાર

- **પીયૂષ હરિલાલ મૂલચંદ મોરબીયા**
  ૨૦૩, સમ્યક્ ફ્લેટ, ૫, જિતેન્દ્ર સોસાયટી,
  જેઠાભાઈ પાર્કની પાછળ, AIMS હોસ્પિટલની સામે,
  પાલડી, અમદાવાદ -૩૮૦ ૦૦૭.
  મો. ૯૪૨૬૮ ૩૮૦૦૧
- **સોમચંદ માણેકજી કુંવરજી શિયાડ**
  બી-૪૦૫, સમર્પણ રેસિડેન્સી, હિલોની ૪૪૪ની સામે,
  કઠવાડા રોડ, નવા નરોડા,
  અમદાવાદ-૩૮૨ ૩૩૦. • મો. ૮૦૦૦૭ ૨૦૨૩૪
- **ભરત શાંતિલાલ રાયશી ત્રેવાડિયા**
  ૨૦૧, સુપાર્શ્વ એપાર્ટમેન્ટ, શંકર આશ્રમ સામે,
  રાજનગર ચાર રસ્તા, નારાયણનગર રોડ,
  પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭. • મો. ૯૪૨૬૦ ૪૨૪૮૭
- **મહેન્દ્ર દલસુખલાલ પોપટલાલ પુજ**
  ૪૦૪, વિહાર એપાર્ટમેન્ટ,
  લક્ષ્મીવર્ધક જૈન દેરાસરની પાસે,
  નારાયણનગર રોડ, શાંતિવન,
  પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭. • મો. ૯૯૨૪૫ ૮૫૨૪૫

# સરસ્વતી સન્માન

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દર વર્ષે સમાજના નિયમાનુસાર ઉત્તીર્ણ થયેલ (બાળવર્ગથી અનુસ્નાતક) સુધીના દરેક વિદ્યાર્થીને ઇનામો આપી પ્રોત્સાહિત કરે છે. પરંતુ વર્ષ ૨૦૨૦ અને ૨૦૨૧માં કોરોનાકાળ દરમિયાન વિદ્યાર્થીઓનું સન્માન થઈ શકે તેમ ના હોવાથી આ બે વર્ષને Skip કરીને આ વર્ષે ૨૦૨૨માં "સરસ્વતી સન્માન" કરવાનું નક્કી કરેલ છે.

"સરસ્વતી સન્માન" માટે ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓની માહિતી મેળવવા આ અંકમાં પાના નં. ૨૭ થી ૩૦ (સેન્ટર પેઇજ)માં ફોર્મ આપેલ છે. ધોરણ-૯ સુધીના વિદ્યાર્થીઓનું ફોર્મ – A ભરવાનું રહેશે અને ધોરણ-૧૦ અને તેનાથી ઉપરના ધોરણમાં ભણતા વિદ્યાર્થીઓને ફોર્મ – B ભરી, સમાજના કાર્યાલય – શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે પહોંચતું કરવાનું રહેશે.

*ફોર્મ ભરીને જમા કરાવવાની છેલ્લી તારીખ : ૧૦-૦૮-૨૦૨૨.*

*ફોર્મ ભરીને છેલ્લી તારીખ પહેલા મોકલાવી આપવા ખાસ વિનંતી.*

*પંકજ મેઘજી ગોગરી, કન્વીનર - સરસ્વતી સન્માન સમિતિ*

# સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

### ડૉ. ચંદ્રકાંત દેઢિયા ડાયાલિસિસ સેન્ટર - ગીતા મંદિર

રૂા. ૧,૦૦,૦૦૦/- શ્રીમતી સુલુબેન જલદીપ શાહ - અમદાવાદ

### વૈયાવચ્ચ ફંડ

રૂા. ૧૬,૦૦૦/- ડૉ. દેવલ ભરતભાઈ શાહ - અમદાવાદ
રૂા. ૫૦૦/- શ્રી ચંદ્રેશભાઈ લોડાયા - અમદાવાદ

### સાધર્મિક સહાય યોજના

રૂા. ૧૧,૦૦૦/- શ્રી પૃથ્વીભાઈ નરેન્દ્રભાઈ શાહ - ગાંધીનગર

### વયસ્ક સમિતિ

રૂા. ૫,૧૦૦/- શ્રી રોહિત શાંતિલાલ સંઘવી - અમદાવાદ તરફથી ચિ. પૂજનના લગ્ન નિમિત્તે
રૂા. ૫,૧૦૦/- શ્રીમતી દમયંતીબેન દામજી નીસર - અમદાવાદ તરફથી નૂતન ગૃહ પ્રવેશ નિમિત્તે

### મેડિકલ રીલીફ યોજના

રૂા. ૨,૫૦૦/- શ્રી મોહંમદ કાસીમ અબ્દુલ રહેમાન શેખ - અમદાવાદ
રૂા. ૧,૦૦૦/- શ્રી કુમારપાલ અંબાલાલ શાહ - અમદાવાદ
રૂા. ૫૦૦/- શ્રી ચંદ્રેશભાઈ લોડાયા - અમદાવાદ

### અન્નક્ષેત્ર ફંડ

રૂા. ૫૦૦/- શ્રી જીજ્ઞેશ ઠક્કર (વાપી - અંજાર)

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

# ક્ષતિ સુધાર

*'મંગલ મંદિર'ના ગત અંકમાં સાભાર સ્વીકાર વિભાગમાં છપાયેલ વિગત નીચે પ્રમાણે સુધારીને વાંચવા વિનંતી છે.*

### અન્નક્ષેત્ર ફંડ

રૂા. ૧૧,૦૦૦/- સ્વ. હંસાબેન રમેશભાઈ સાવલાની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે.

### વયસ્ક સમિતિ

રૂા. ૩૧,૦૦૦/- સ્વ. હંસાબેન રમેશભાઈ સાવલાની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે.

દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર.

*નોંધ : વયસ્ક સમિતિના ગત કાર્યક્રમના અહેવાલમાં છપાયેલ ઉપરની વિગતમાં પણ અત્રે જણાવેલ સુધારો વંચાણે લેવા વિનંતી.*

# રોટરી ક્લબના ડિસ્ટ્રીક્ટ ગવર્નરની ડૉ. ચંદ્રકાંત દેઢિયા ડાયાલિસિસ સેન્ટરની મુલાકાત

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રથમ એવા Joint Venture with Rotary International પ્રોજેક્ટ, એસ.ટી. ભવન ઉપર આવેલ ડાયાલિસિસ સેન્ટરની રૂબરૂ મુલાકાત કરવા રવિવાર, તા. ૧૫-૦૫-૨૦૨૨ના રોજ વેલ હતા.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી પ્રતાપ નારાણજી દંડ, પૂર્વ પ્રમુખ શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા, મંત્રી શ્રી રજનીકાંત પારેખ, ખજાનચી શ્રી કે.ડી. શાહ, ટ્રસ્ટી શ્રી રમણિકલાલ ગોસર તથા ઉપપ્રમુખ શ્રી હિરેન કે. શાહ દ્વારા તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવેલ હતું.

રોટરી ઇન્ટરનેશનલ અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સહિયારા પ્રયત્નનો આ પ્રથમ પ્રયોગ હોવાથી રોટરી ક્લબ ઓફ અમદાવાદ, વાસણામાં તેનો ભારોભાર ઉત્સાહ હતો. વેલકમ સ્પીચ માટે ઉપપ્રમુખ અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તથા રોટરી ઇન્ટરનેશનલ વચ્ચે સેતુ તેવા શ્રી હિરેન કે. શાહને વિનંતી કરવામાં આવી હતી અને બંને સંસ્થાના પ્રતિનિધિ તરીકે તેમણે રોટરીના ડિસ્ટ્રીક્ટ ૩૦૫૪ના ડેપ્યુટી ગવર્નર શ્રી અશોક મંગલનું સ્વાગત કરતાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સેવાકીય પ્રવૃત્તિઓ વિશે જણાવ્યું હતું. જૈનોને સંસ્કારમાં જ સેવાભાવના અને દાન વિશે શીખવવામાં આવે છે અને તેમાંયે અમે કચ્છી જૈનો તો દાનવીર કોમ્યુનિટી જ કહેવાઈએ છીએ. વળી પધારેલા ઉપપ્રમુખ શ્રી શાંતિલાલ સાવલા અને શ્રીમતી પ્રભાબેન સાવલાનો ઉલ્લેખ કરતાં તેમણે અને નવનીત ગ્રુપે કરેલાં પ્રદાનની પણ ચર્ચા કરી હતી. તેમણે વધુમાં કેવી રીતે રોટરીનાં ડૉ. ભાવિક શાહનું, જેઓ ઝાયડસ હોસ્પિટલમાં રેડિયોલોજિસ્ટ છે અને પ્રમુખ શ્રી દેવેન શાહે અહીં આવીને ડાયાલિસિસ સેન્ટર બનાવવામાં રસ દાખવ્યો અને આખીયે પ્રક્રિયાને અંતે આ ડાયાલિસિસ સેન્ટર ઊભું થયેલ હતું.

૭૦ વર્ષની વયને વટાવી ચૂકેલા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટીઓને પોતાના કરતા પહેલાં આવીને સ્વાગત માટે તૈયાર જોઈ, રોટરી ક્લબના મિત્રો અવાક્ થઇ ગયા હતા. વળી શ્રી પ્રતાપભાઈ દંડે તેમની સ્પીચ દરમ્યાન કેટલાં વર્ષોથી તે બધાં ટ્રસ્ટીઓ કાર્યરત છે? તે વિશે વાત કરી અને શ્રી અશોકભાઈ મહેતાએ આવતા દસ વર્ષમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ અને રોટરી ઇન્ટરનેશનલના જોઇન્ટ વેન્ચરમાં ઓછામાં ઓછા વીસ (૨૦) પ્રોજેક્ટ કરવા જ જોઈએ તેવું આહ્વાન આપ્યું હતું. જેનો રોટરી ક્લબની યુવા ટીમે સહર્ષ સ્વીકાર કરેલ હતો.

આગામી થોડા જ મહિનાઓમાં સ્કીલ ડેવલપમેન્ટ, ડાયાલિસિસ સેન્ટર્સ, ન્યુરો રીહેબિલિટેશન સેન્ટર જેવા પ્રોજેક્ટ ઉપર કામ કરવું તેમ નક્કી થયેલ હતું.

ડેપ્યુટી ગવર્નર શ્રી અશોકભાઈ મંગલ અને રોટરી ક્લબની ટીમોએ ડાયાલિસિસ સેન્ટરની મુલાકાત લઇ, ટેકનિશિયન જાવેદભાઈ અને રીન્કુબેન પાસેથી સંતોષકારક માહિતી લીધા પછી મંત્રીશ્રીએ કરેલ 'જંગલ મેં મંગલ' જેવા આયોજનરૂપી ફાફડા - જલેબી - ખમણનો આસ્વાદ માણીને સર્વ છૂટા પડ્યા હતા.

***અહેવાલ : એચ. કે. શાહ***

**નોંધ :**

[A] જ્યાં સુધી "મા અમૃતમ યોજના"ની એપ્રુવલ ના આવે ત્યાં સુધી દરેક ડાયાલિસિસ માટે ૪૦૦ રૂા. રોટરી ક્લબ આપે તથા બાકીની વ્યવસ્થા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ કરે તેમ નક્કી થયેલ હતું – જરૂરી ડોનેશન મેળવી લેવામાં આવશે.

[B] એસ.ટી. ભવનના બીજા માળે સ્કીલ ડેવલપમેન્ટની પ્રવૃત્તિની શક્યતા તપાસવાની ચર્ચા થયેલ હતી.

[C] શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને નજીકમાં ઓફર થયેલ ૧૬૦૦ સ્કવેર ફૂટ જગ્યામાં ન્યુરો રીહેબિલીટેશન સેન્ટર માટેની શક્યતા તપાસી લેવાનું નક્કી થયેલ.

## શ્રી બિપીનચંદ્ર કાનજી રવજી (નાની ખાખરવાલા) કેળવણી સહાય ફંડ

### શૈક્ષણિક લોન (સહાય) સમિતિ

*શૈક્ષણિક લોન (સહાય) મેળવવા માંગતા સભ્યશ્રીઓએ તે અંગેના ફોર્મ પાલડી ભવન પરથી મેળવી, તા. ૩૦-૦૬-૨૦૨૨ સુધી સંપૂર્ણ વિગત સાથે ભરીને પરત કરવા.*

***કન્વીનર, શૈક્ષણિક લોન (સહાય) સમિતિ***

# "કલાપૂર્ણમ્" સંસ્થાની મુલાકાત

મંગળવાર, તા. ૧૦-૫-૨૦૨૨ના રોજ "કલાપૂર્ણમ્" ઇન્સ્ટીટ્યુટની મુલાકાત શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના હોદ્દેદારો દ્વારા લેવામાં આવી હતી. આ મુલાકાતમાં શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી રજનીકાંત પારેખ, શ્રી હિરેન શાહ, શ્રી કે.ડી. શાહ, શ્રી મૂકેશ સાવલા, શ્રી અશોકભાઈ મહેતા અને શ્રી રાજેન્દ્રભાઈ દોશી હાજર હતા.

કલાપૂર્ણમ્ ઇન્સ્ટીટ્યુટના ડાયરેક્ટર શ્રી સંજયભાઈ શાહે માહિતી આપતા જણાવ્યું હતું કે આ સંસ્થા દ્વારા ગ્રાફિક ડિઝાઈન, ફોટોગ્રાફી, ફેશન ડિઝાઇન, મલ્ટીમીડિયા, 2D - 3D એનિમેશન, વેડિંગ આલ્બમ ડિઝાઈન, પ્રિન્ટ મીડિયા, ફાઈન આર્ટસ જેવા વિવિધ કોર્સ ચલાવવામાં આવે છે.

આ કોર્સનો સમયગાળો છ માસથી ૧૨ માસ સુધીનો હોય છે અને આ કોર્સ પૂર્ણ થયા બાદ લગભગ સોએ સો ટકાને જોબ મળી રહે છે. તેઓ બે-ત્રણ વર્ષ સુધી જોબ કરી અનુભવ મેળવ્યા બાદ પોતાનો બિઝનેસ શરૂ કરે છે અને સહેલાઇથી મહિને લાખેક રૂપિયા કમાઈ લે છે. આ બધામાં ગ્રાફિક ડિઝાઇન, એ હોટ કેક જેવો કોર્સ છે. કોર્સ પૂરો થવાની સાથે જ આ સંસ્થામાંથી તેમને વિવિધ જરૂરિયાતવાળા લોકો જોબ ઓફર કરે છે. એટલે કે જોબ પ્લેસમેન્ટ કોર્સ પૂર્ણ થતાની સાથે જ તેમના હાથમાં હોય છે. આપણી સંસ્થા દ્વારા આવા વિવિધ કોર્સ સાથે સ્કીલ ડેવલપમેન્ટ શરૂ કરવા વિગતવાર ચર્ચા કરી સૌ છૂટા પડ્યા હતા.

***અહેવાલ : રજનીકાંત પારેખ***

# અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશન અને સદ્‌વિચાર પરિવાર સંચાલિત કૌશલ્ય અને ઉદ્યમિતા વિકાસ સંસ્થાની મુલાકાત

શનિવાર, તા. ૨૧-૫-૨૦૨૨ના રોજ અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશન અને સદ્‌વિચાર પરિવાર સંચાલિત કૌશલ્ય અને ઉદ્યમિતા વિકાસ સંસ્થાની મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાતમાં શ્રી રજનીકાંત પારેખ, શ્રી હિરેન શાહ, શ્રી કે.ડી. શાહ, શ્રી મૂકેશ સાવલા, શ્રી અશોકભાઈ મહેતા અને શ્રી રાજેન્દ્ર દોશી હાજર રહ્યા હતા.

આ સંસ્થા સદ્‌વિચાર પરિવાર અને અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશનના સહયોગથી કાર્યરત છે. સંસ્થાના લોકલ સંચાલક શ્રી રામસિંગ ચૌહાણએ અમોને આવકારી, સંસ્થાની વિગતવાર માહિતી આપી અને તેઓ આવી સંસ્થા સાથે લગભગ ત્રીસ વર્ષથી જોડાયેલ છે તેમ જણાવ્યું.

શ્રી રામસિંગ ચૌહાણે અમને સંસ્થાની મુલાકાત દરમિયાન વિવિધ ફેકલ્ટીની મુલાકાત કરાવી. સૌપ્રથમ અમોએ નર્સિંગ વિભાગમાં મુલાકાત લીધી. આ વિભાગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી કરતા તેમણે સંસ્થામાં કરાવવામાં આવતા અભ્યાસની અને ત્યાર પછી તેમને મળી રહેતા જોબની વાત કરી સંતોષ વ્યક્ત કર્યો. ત્યારબાદ અમોએ એ.સી. વિભાગની મુલાકાત લીધી. અહીં જુદા જુદા પ્રકારના એ.સી. વિશે માહિતી આપવામાં આવી. કન્વર્ટર અને વિધાઉટ કન્વર્ટર એ.સી.ના ફાયદા વિશે માહિતી આપવામાં આવી. અંતમાં વોશિંગ મશીનના વિભાગની મુલાકાતમાં વિદ્યાર્થીઓને શીખવવામાં આવતા સેમી ઓટોમેટીક, ફુલ્લી ઓટોમેટીક, ફ્રન્ટ લોડિંગ અને ટોપ લોડિંગ મશીનો વિશે માહિતી આપવામાં આવી. આ દરમિયાન ત્યાં અભ્યાસ કરી ગયેલ એક વિદ્યાર્થી સાથેની મુલાકાતમાં તેણે જણાવ્યું કે એ.સી. રીપેરિંગના કોર્સ પછી મને મહિનામાં સહેજે ૫૦થી ૬૦ હજાર રૂપિયા સુધીના કામો મળી જાય છે. આ ઉપરાંત લોકડાઉન વખતે ગામડામાં ટેકનિશિયનો ઉપલબ્ધ ન હોવાથી ત્યાં જઇને મેં કામ શરૂ કર્યું તો આ સમય દરમિયાન મને મહિને એક લાખ કરતાં વધુનું વળતર મળતું હતું. આ ઉપરાંત અહીં કોમ્પ્યુટર, ઈન્ડસ્ટ્રીયલ ટેલરીંગ, ફ્રીજ રીપેરીંગ વગેરેની પણ તાલીમ આપવામાં આવે છે.

ખરેખર ટૂંકા સમયમાં આવા અદ્‌ભુત કોર્સ શીખવાડીને લોકોને પગભર કરતી આ સંસ્થાના જેટલા વખાણ કરીએ તેટલા ઓછા છે. આ સંસ્થા વર્ષ દરમિયાન લગભગ ૫૦૦થી ૭૦૦ વિદ્યાર્થીઓને તૈયાર કરી પગભર બનાવે છે.

અંતમાં ભોજન લઇ આ સંસ્થા વિશે મનમાં વાત વાગોળતા વાગોળતા છૂટા પડ્યા.

***અહેવાલ : રજનીકાંત પારેખ***

***જ્યારથી હું ધંધામાં જોડાયો છું અને સફળતાનાં એક પછી એક શિખર સર કરતો ચાલ્યો છું ત્યારથી મેં મારા શરીર માટે એક નવી બારાખડી બનાવી દીધી છે : A = એટેક, B = બી.પી., C = કોલેસ્ટેરોલ, E = ડાયાબિટીસ અને E = એન્ડ!***

## ઉચ્ચ શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ દ્વારા *આયોજિત*

### "સક્ષમ" Series of Workshops

### Organised a Unique Parenting Club

તા. ૦૩-૦૪-૨૦૨૨ના રોજ શરૂ થયેલ Parenting Club ને મળેલ બહોળા પ્રતિસાદરૂપે ફરી એકવાર તેનું પ્રથમ લેક્ચર રીપીટ કરવામાં આવ્યું હતું. તા. ૦૮-૦૫-૨૦૨૨ના રોજ....

***પણ Unique શું હતું?***

Unique હતી પેરેન્ટ્સની સંખ્યા – ૭૦

Unique હતી બાળકોની સંખ્યા – ૨૮

Unique હતી બાળકોને સંભાળવાવાળાની સંખ્યા – ૦૬

એવી પ્રબળ હતી – વોલન્ટિયર્સની સમજદારી, મહેનત અને સેવા ભાવના, કે જેના લીધે નાના બાળકોના પેરેન્ટ્સ લેક્ચર માણી શક્યા – સવાલ જવાબ કરીને પ્રશ્નોનું નિરાકરણ / સમાધાન પૂછી શક્યા.

*ફેકલ્ટી* : *ડૉ. શૈલેન્દ્ર ગુપ્તા (પી.એચ.ડી. સાઈકોલોજી)*

*વિષય સાર* : બાળકો જન્મે ત્યારથી બહારના વાતાવરણનો જ વાંક કાઢતા શીખીને મોટા થાય છે. મા-બાપની ફરજ છે કે તેમને પોતાની જવાબદારીનું ભાન કરાવે.

***Example તરીકે*** : [A] 'યુક્રેન ભણવા ગયેલ વિદ્યાર્થીને લાવવાની જવાબદારી સરકારની છે'ની સમજ External Locus of Control દર્શાવે છે. તેની જ સામે, 'જવાબદારી તો સરકારની છે જ, પણ જ્યારે સરકાર વિમાન મોકલે, તો આપણે કમસેકમ ભાડું તો આપીએ...' તે Internal Locus of Control છે.

[B] પરીક્ષામાં એવા પ્રશ્નો પૂછ્યા, કે જે અમને કોરોનાને લીધે ભણાવ્યા ન હતા – વિદ્યાર્થી [External Locus of Control]

'તું જાતે આગળ આગળ કેમ ભણતો નથી, કોઈ સિનિયર કે સરની મદદ લઈને?' – વાલી [Internal Locus of Control]

***૨૮ બાળકોને ત્રણ કલાક રમાડ્યા - રાખ્યા - સમજાવ્યા – કોણે?***

**આ સેવાભાવીઓએ** : શ્રીમતી નેહા શાહ, શ્રી મનીષ શાહ (બોબી), શ્રીમતી કલ્પના શાહ, શ્રીમતી કર્ણિકા લાલન, શ્રીમતી ઈલાબેન, શ્રીમતી નીલમબેન

રસ પૂરી - ઢોકળાના જમણવાર પછી બધા છૂટા પડ્યા 'હવે ક્યારે મળશું?' તેવા પ્રશ્નાર્થ સાથે...

***નોંધ : સાથે જ ભાગ લેનાર વાલીઓના મંતવ્યો સામેલ છે.***

***– એચ. કે. શાહ***

---

### તા. ૦૮-૦૫-૨૦૨૨ના રોજ આયોજિત "Parenting Club"ના વાલીના મંતવ્યો

★ ખૂબ જ સરસ સેમિનાર હતો. ઘણું બધું નવું શીખવા મળ્યું. હજુ વધુ લોકો જોડાઈને લાભ લઈ શકે તેવા પ્રયાસો કરવા જોઈએ.

***– ભાવેશ મોરબીયા***

★ Mind Blowing... અદ્દ્ભુત... અકલ્પનીય.

***– મનન મહેતા***

★ Superb Seminar. Excellently presented. Please repeat at small intervals.

***– Dheer Koradia***

★ The session was good. Enjoyed frankly the time.. learnt something. But same content could be delivered in 45 minutes, instead of 140 minutes.

***– Harsh Morabia***

★ પેરેન્ટીંગ સેમિનાર ખૂબ જ ફાયદાકારક રહ્યો. બાળકના ઉછેરમાં અમારાથી થતી ભૂલો ધ્યાનમાં આવી. Locus of Control નો concept ખરેખર સમજવા જેવો છે. રવિવારના દિવસે પણજો Experts આપણા માટે સમય કાઢતાં હોય, તો આપણે સૌએ તેનો લાભ લેવો જ જોઈએ.

***– ડૉ. કૈતુલ પૂજ***
***કેન્સર સર્જન, સિવિલ હોસ્પિટલ - અમદાવાદ***

★ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ આયોજિત પેરેન્ટીંગ વર્કશોપ અને સંપૂર્ણ સક્ષમ પ્રોગ્રામ ખૂબ સુંદર રીતે ચાલી રહ્યો છે. હું છેલ્લા એક વર્ષથી ભાગ લઈ રહ્યો છું, જે મને ખૂબ ઉપયોગી નીવડી રહ્યું છે. બાળકોના માતા-પિતા તરીકે ઘણા બધા નાના-મોટા પ્રશ્નો હોય છે કે બાળકો સાથે કેવી રીતે કામ પાર પાડવું, એમની જીદના સમયે કેવી રીતે મેટર હેન્ડલ કરવી વગેરે બાબતોનો વૈજ્ઞાનિક અભિગમ દ્વારા પદ્ધતિસર માર્ગદર્શન ડૉ. શૈલેન્દ્ર ગુપ્તા અને ડૉ. નીરવ ઠક્કર દ્વારા મળી રહ્યો છે જે આજની પેઢીના બાળકો સાથે કેવી સમજણ અને કુનેહપૂર્વક કામ કરાવવું, એ બાબતમાં ઉપયોગી થઈ રહ્યો છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ દ્વારા આ પ્રવૃત્તિને ખૂબ આગળ ધપાવવી જોઈએ.

***– આશિષ દોશી***
***મો. ૯૮૨૫૭ ૫૩૫૯૩***

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ પાસે નીચે પ્રમાણેની વસ્તુઓ ઉપલબ્ધ છે. આ વસ્તુઓ લેવા ઇચ્છતા સમાજના સભ્યશ્રીએ પાલડી ભવન ખાતે મેનેજર **શ્રી કિશોરભાઈ ઠક્કર (મો. ૯૯૨૪૦ ૮૭૬૫૪)**નો સંપર્ક કરવો.

*૧. સીવવાના સંચા (સોઈંગ મશીન)*
*૨. પલંગ (લાકડાના)*
*૩. પલંગ (લોખંડના)*
*૪. પાટ*
*૫. સાઈડ ટેબલ*
*૬. ટીપોય*
*૭. નહાવાના સ્ટુલ*
*૮. લોખંડના કબાટ*

***ઉપરોક્ત વસ્તુઓ રાહત દરે આપવામાં આવશે.***

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## "સક્ષમ"

***શ્રી શૈલેન્દ્રભાઈ ગુપ્તા સર, શ્રી નીરવભાઈ સર***

આપે મારા પુત્રને તા. ૨૪-૦૪-૨૦૨૨ અને તા. ૦૧-૦૫-૨૦૨૨ના રોજ કાઉન્સેલિંગ કરાવ્યું. આ કાઉન્સેલિંગ કરાવ્યા પછી મારા પુત્રને ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ પછી કયા કોર્સ કરવા એ અંગે પૂરતી જાણકારી મળી અને બધા કોર્સ કરવાનો ખુલાસો થયો. ખૂબ જ સારો અનુભવ થયો. બંને સર જોડે જે પણ વાતચીત થઈ તેમાં અમને પૂરતુ અને ખૂબ જ ઉપયોગી જ્ઞાન મળ્યું છે. મારા પુત્રને કયો કોર્સ કરવો એ અંગે એને પૂરતી માહિતી મળી અને એ આ અંગે આગળ જવા તૈયાર છે.

આપણા કચ્છી જૈન સેવા સમાજ આપણા માટે આ કાઉન્સેલિંગની ખૂબ જ સારી અને ઉપયોગી સેવા આપે છે. તો તેનો લાભ સમાજના બધા જ સભ્યોએ લેવો જોઈએ.

સમાજ આપણા માટે આટલી મહેનત કરે છે તો સમાજ પાસેથી આપણે પણ સેવાનો લાભ જરૂર લેવો જ જોઈએ અને આ સેવામાં શ્રી હીરેનભાઈ આટલી મહેનત કરે છે, તો એમને સપોર્ટ આપવો જ જોઈએ.

***નિમેષ બિપેન્દ્રભાઈ ગોગરી • મો. ૯૦૩૩૦ ૯૩૮૨૭***

*દરેક ક્ષેત્રમાં સ્પર્ધાએ સ્થાન જમાવ્યું છે, અત્રે અભિપ્રેત છે. આપણા સંતાનોનું ભણતર દરેક મા-બાપ પોતાના સંતાન અભ્યાસના ક્ષેત્રમાં પ્રવેશી ગયેલી સ્પર્ધામાં ટકી રહે તે માટે ઇચ્છુક હોય છે અને આથી સંતાનો પોતાની ઇચ્છાનુસાર ભવિષ્યમાં જે અભ્યાસ કમાવી દે તેવા અભ્યાસના કોર્સમાં જોડાવવા માટે આગ્રહી હોય છે. આવો વડીલોના સહજ દુરાગ્રહને કારણે સંતાનોની રસ-રૂચિ અને પસંદગીવાળા અભ્યાસમાં જોડાઈ શકતા નથી.*

*પરિણામે મા-બાપની પસંદગીથી પસંદ કરેલ કારકિર્દીમાં સંતાન જાજુ ગજુ કાઢી શકતા નથી, જાજી સફળતા મળતી નથી.*

*સમય બદલાય છે. સમયની તાકીદે સંતાનોની કારકિર્દી નક્કી કરવાના વડીલોના વલણમાં પણ બદલાવ આવ્યો છે. પરિણામે સંતાનોના ઉજળા ભવિષ્ય માટે સંતાનોની રૂચિ, રસ અને પસંદગીના અભ્યાસક્રમનું માર્ગદર્શન આપતા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના અભ્યાસ માટે અભ્યાસલક્ષી કાઉન્સેલરોની ઉપલબ્ધ સેવાનો લાભ લેવા તત્પરતા બતાવી રહ્યા છે, જે સંતાનની અભ્યાસની રૂચિને પારખીને તેના કૌશલ્યને ઉજાગર કરનાર કોર્સમાં જવું તે માટે માર્ગદર્શન આપે છે. આવી કાઉન્સેલિંગની વ્યવસ્થા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના શ્રી હિરેન શાહના નેતૃત્વ હેઠળ પ્રવૃત્તિ કરવામાં આવી રહી છે. જેનો લાભ સમાજના બાળકોને લેવા માટે અનુરોધ છે.*

***– તંત્રી***

## આયુર્વેદ વિભાગ

આપ સહુને જણાવતા આનંદ થાય છે કે આપણા શ્રી કચ્છી જૈન સેવા સમાજમાં આયુર્વેદ વિભાગમાં પંચકર્મ ચાલુ થઈ ગયું છે.

આયુર્વેદથી કોઈ પણ અજાણ નથી. સવારે ઉઠતાની સાથે બ્રશ કરવું અને એમાં આયુર્વેદના ઔષધો જેવા કે લીમડો, કરંજ, વજ્રદંતી, તલનું તેલ વગેરે જેવા પદાર્થો હોય કે મંજન હોય કે દાતણ હોય તે સર્વ આયુર્વેદ જ છે.

સવારના બ્રશ કરવું, ગંઠોડા - સુંઠ નાખેલું દૂધ કે ઉકાળો પીવો કે ચ્યવનપ્રાશ ખાવો એ પણ આયુર્વેદ જ છે.

સવારના નવશેકુ પાણી પીવું, જમવામાં મગનો ખોરાક, ઉકાળેલું પાણી, ખાખરા જેવા હલકા પદાર્થ હોય કે ઘઉં, ઘી, ગોળમાંથી કે ગાયના દૂધમાંથી બનતી વાનગી હોય – આ બધું જ આયુર્વેદ છે.

સાદો, સુપાચ્ય ખોરાક અને સાંજે વહેલા જમી લેવું તે પણ આયુર્વેદની જ એક પ્રણાલી છે કે લાઈફ સ્ટાઈલ છે.

હમણા કોરોનાના સમયે આપણે સહુએ અનુભવ કર્યો કે હાથ ધોવા, નાસ લેવી, ગરમ પાણીના કોગળા કરવા, ઈમ્યુનિટી વધે તેવું ભોજન કરવું, ખૂબ ચોખ્ખાઈ રાખવી, નજીક નજીક ન રહેવું, તડકાનું નિયમિત સેવન કરવું, ચોખ્ખી હવા લેવી વગેરે દિનચર્યા બિલકુલ આયુર્વેદની જ છે.

અત્યારે આપણે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પરથી દરેક રોગો માટેની આયુર્વેદ દવાઓ કરીએ છીએ અને હવે પંચકર્મ પણ શરૂ કરેલ છે. આપણે ત્યાં આપણે નસ્ય, સ્નેહન, સ્વેદન, હેર પેક, ફેઈસ પેક, શિરોધારા, વિરેચન, અલગ અલગ પ્રકારની બસ્તી વગેરે શરૂ કરેલ છે.

આ દરેક કાર્યો કયા રોગોમાં ઉપયોગી થાય તે વિશે અહિંયા જણાવીએ છીએ.

■ **નસ્ય :** શરદી, કફ, એલર્જીની છીંક, માઈગ્રેન, વર્ટીગો, ચહેરાનો લકવા, માથાનો દુઃખાવો, વાયુ, પિત્ત ઉપર ચઢી જવા તે, ચહેરા પરના - આંખ પરના સોજા, ઉંમર દેખાવી, કરચલી પડવી, ચહેરાની કાળાશ, રફનેસ, નાકમાંથી વાસ જતી રહેવી, દુર્ગંધ આવવી, નસકોરા બોલવા વગેરે રોગોમાં ઉપયોગી છે.

■ **સ્નેહન - સ્વેદન :** ત્વચાની કાળાશ, રફનેસ, મેદસ્વિતા, ડાયાબિટીસ, સાંધામાં ઘસારો, સાંધાનો સોજો, ફ્રોઝન શોલ્ડર, ટેનિસ એલ્બો, ગઠિયો વા, ચામડી પર એલર્જી, શીળસ નીકળવું તે, લકવા પર, નસોની નબળાઈ પર, શરીરમાં સુન્નતા આવી જવી અને ઘણા રોગો પર કામ કરે છે.

■ **શિરોધારા :** વાળ માટે અત્યંત લાભદાયી, ખરતા વાળ, ખોડો, ટાલ પડવી, ઉંદરી થવી, ભૂલકણાપણું, ડિપ્રેશન, એન્ઝાઈટી, મનની સુન્નતા, ક્રોધ આવવો, સ્ત્રીઓના મેનોપોઝ વખતે, વગેરેમાં ખૂબ મદદગાર છે.

તમારા દરેક પ્રશ્નોનો ઉકેલ આયુર્વેદમાં છે જ. રોગો મટાડવા ઉપરાંત લાંબું જીવન, નિરોગી જીવન જીવવા માટેનું પણ શાસ્ત્ર છે અને આપણે ત્યાં તે માટેના ઔષધો પણ પ્રાપ્ત કર્યા છે.

***આપ સહુના કોઈપણ પ્રશ્નો હોય તો તે લખી જણાવવા વિનંતી.***

હેર ઓઈલ, મસાજ ઓઈલ, હેર પેક, હેર કલર પેક, ફેસવોશ, શેમ્પુ, મહેંદી, નાના બાળકોની શક્તિની દવા, પથરી માટેના ઉકાળા, ચીકન ગુનિયા ડેન્ગ્યુ માટેના ઉકાળા, સગર્ભા સ્ત્રીઓ માટે ૯ માસ માટેના ઉકાળા, ગર્ભસ્રાવ, ગર્ભપાત ન થાય તે માટેના ઉકાળા અને દવાઓ પ્રાપ્ય છે.

*(વધુ આવતા અંકે....)*

***ડૉ. ગાર્ગીબેન વસાવડા***
***આયુર્વેદિક વિભાગ***

## નશ્વર દેહનો વિલય

મૃત્યુ, એ મનુષ્યના જીવનના વિલયનો અંતિમ વિસામો છે. પણ આત્માની સાતત્યપૂર્ણ યાત્રા માટે બીજા સજીવ ખોળિયામાં આગલા જન્મમાં કરેલ કર્મોનુસાર તેમનો આત્મા પુનઃ પ્રવેશ કરે છે. આ નિરંતર સાતત્યપૂર્ણ યાત્રામાં પોતાના નશ્વર દેહ તેમના સ્વજનો પાસે મૂકીને જાય છે. સ્વજનો આ નશ્વર દેહને સ્મશાન ગૃહમા પંચમહાભૂતમાં ભળી જવા માટે બાળી નાખે છે. આ પ્રથા પરા-પૂર્વથી ચાલી રહી છે. આ પરંપરામાં વૈજ્ઞાનિકો અને મેડિકલ સાયન્સ બદલાવ લાવવા માટે પ્રયત્નશીલ છે. જેઓના મત અનુસાર મૃતદેહને બાળવાથી નિષ્પન્ન થતી રાખ પ્રદૂષણ ફેલાવે છે. જેને અટકાવવા માટે તેમજ પીડિત દર્દીને નવું જીવન આપવા માટે શરીરના અંગો (ચામડી, લીવર, હૃદય, કિડની, આંખ, હાથ)નું પ્રત્યારોપણ કરવા માટે દાન કરવામાં આવે તો મનુષ્યને નવજીવન બક્ષી શકાય તેમજ વંચિત અવયવોનું પ્રત્યારોપણ કરવાથી તેમના અંગોની ખોટ પૂરી પાડી શકાય.

પીડિત મનુષ્ય માટે લોકોપયોગી થવા માટે તેમજ અભિયાનના સંદેશાનું પ્રસારણ કરવા માટે આ અભિયાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ કરી રહ્યું છે. આપ સૌને પણ સાથ અને સહકાર આપવા માટે અનુરોધ છે.

*દેહદાન કરવા માટે ભરવાનું ફોર્મ*
*આ અંકમાં પાના નં. -૫૮ ઉપર છાપેલું છે.*

***આ અભિયાનની વિગતો માટે સંપર્કસૂત્ર :***

*દેહદાન સમિતિ કન્વીનર :*
***શ્રી કમલેશ બાબુભાઈ શાહ, મો. ૯૮૯૮૭ ૪૨૬૨૪***

## સુઅવસર

*"સંબંધને સાથ હોય જો સહવાસનો, તો સહવાસ એક બહાનું છે. તોયે સંબંધોનું એ સરનામું છે."*

થોડા લાગણીભર્યા સંબંધોની તરસ છે, બાકી જીંદગીમાં બહુ મોજ છે. આવી લાગણીભરી મોજ રાખવા ને માણવા અમને સિનિયર સિટીઝનના પ્રોગ્રામમાં આજે અવસર મળ્યો. હંમેશાં તેમના દરેક પ્રોગ્રામના વખાણ સાંભળતા આવ્યા હતા. આજે પ્રત્યક્ષ માણ્યા પછી ખબર પડી કે અમારે હજી ઘણું શીખવાનું બાકી છે. કહેવત અહીં સાચી પડી : "Old is Gold."

પ્રોગ્રામમાં હાઉસી રમાડવામાં આવી. 'હાઉસી' નામ સાંભળતા તમને કશું નવું ના લાગે પણ અહીં તો હાઉસી તદ્દન નવી સ્ટાઇલની હતી. હાઉસીમાં અડધા કલાકમાં કંટાળી જાવ. અહીં તો ત્રણ કલાક પણ ઓછા પડ્યા! શું હતું એમાં?

૮૦ના દાયકાથી કરી, ૨૦૨૨ વર્ષ સુધીના બધા જ સરસ ગીતોને ૧ થી ૯૦ નંબરમાં મૂક્યા. જે માટે ૧૫થી ૨૦ દિવસની સખત મહેનતથી તૈયાર કરી હતી હાઉસી. આ રેડીમેડ કે ચીલાચાલુ ન હતી.

તો અલગ શું હતું? જાણીએ... ગીતોની વિશિષ્ટતા, ઇનામોની વણઝારમાં ત્રણ લાઇન, ત્રણ ફૂલ હાઉસી, શૂન્ય હાઉસી. આગળના પ્રોગ્રામના બે અલગ ઇનામ હાઉસીમાં સમાવેલા. ને એક સરપ્રાઇઝ ઇનામ, જેને છેલ્લે સુધી આનંદને લોકોને જકડી રાખઅયા. છેલ્લો નંબર જે એક ના આવે તે જેટલા બધામાં હોય તેટલા બધાને ઇનામ! બોલો, કેટલી સુંદર હાઉસી?

બધા જ ગીતો પ્રોજેક્ટર દ્વારા સ્ક્રીન પર જોઈ - સાંભળી શકતા. ઇનામ બધાને મળતા ગયા. બધાણ ત્રણ કલાક કોઈપણ અલગ કાર્યકર્તા વગર ખૂબ જ સુંદર રતે શાંતિથી માણ્યો. જે આજની પેઢીએ આ સ્વયંશિસ્ત વડીલો પાસેથી શીખવા જેવી છે.

કાર્યક્રમની વચ્ચે દાતાઓનું બહુમાન પણ સરસ રીતે થયું. પછી કાર્યક્રમ બાકી હતો, તે માણીને પૂર્ણ કર્યા પછી ડિનરની વ્યવસ્થા હતી. જેમાં ફેમસ 'પનીયારમ'ના ઢોસા, ઉત્તપમ ને સ્વીટ સાથે પૂર્ણ થયો.

આ લખવાનો હેતુ યુવા પેઢીને માર્ગદર્શન મળે, સ્વયંશિસ્ત, શાંતિ ને સુંદર રીતે નવા પ્રકારનું આયોજન કેવી રીતે સફળ બનાવાય તે મેનેજમેન્ટના ગુરૂ શ્રી રજનીભાઈથી માર્ગદર્શન મેળવે. આવા કાર્યક્રમોનું રેકોર્ડિંગ યુવાપેઢીને બતાવવું જોઈએ. જેથી ખબર પડે કે નામ હાઉસી, પણ કેટલી સુંદર, વિશિષ્ટ ને અલગ!

"ગીરા અનયન નયન બીનું બાની" એટલે આંખને વાણી નથી, વાણીને આંખ નથી.

હું ગમે તેટલા વખાણ કરીશ, પણ યુવાનો જાતે જોશે ત્યારે સમજાશે – આ કાર્યક્રમના સંચાલનનું મહત્ત્વ.

મને તો ખૂબ મજા આવી. અમારા જેવાને તમારા પ્રોગ્રામમાં આવવાની સ્પેશિયલ પરમિશન મળે તો સારું એવી એક વિનંતી.

***ઉર્વશી મનીષ સાવલા - મણિનગર, અમદાવાદ***

---

### શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## સ્ટાફ જોઈએ છે....

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને નીચે પ્રમાણેના સ્ટાફની જરૂરત છે. તો ઇચ્છા ધરાવનાર વ્યક્તિએ પાલડી ભવન ખાતે મેનેજર **શ્રી કિશોરભાઈ ઠક્કર (મો. ૯૯૨૪૦ ૮૭૬૫૪)**નો સંપર્ક કરવો.

- **એકાઉન્ટન્ટ**
- **કાઉન્ટર ક્લાર્ક**
- **એટેન્ડન્ટ**

---

### માઁ અમૃતમ કાર્ડ – આયુષ્યમાન ભારત યોજના કાર્ડ બનાવવા માટેની અપીલ

આ કાર્ડ બનાવવા અંગેની માહિતી આપતો એક કેમ્પ શનિવાર, તા. ૨૫-૦૬-૨૦૨૨ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે સાંજે ૪.૦૦ કલાકે રાખેલ છે. તો જરૂરિયાતવાળાએ પોતાના નામ **શ્રી અમરીશભાઈ સંઘવી (મો. ૯૪૦૯૫ ૧૨૬૬૨)**ને પાલડી સ્થિત કાર્યાલય પર નોંધાવી દેવા.

ઉપરોક્ત કાર્ડ માટે રેશન કાર્ડ, આધાર કાર્ડ અને આવકનો દાખલો જરૂરી છે. આમાંથી જે કોઈ ડોક્યુમેન્ટની જરૂર હશે તે ડોક્યુમેન્ટ કઢાવી આપવા મદદ કરવામાં આવશે.

***રજનીકાંત પારેખ - માનદ્ મંત્રી***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સમિતિઓનાં કાર્યોનો ટૂંકો અહેવાલ

### મેડિકલ સમિતિ

સમિતિની એક મીટિંગ તા. ૦૫-૦૫-૨૦૨૨ના રોજ મળેલ હતી. તેમાં શ્રી અશ્વિનભાઈ સાવલા, ડૉ. હિતેન્દ્ર શાહ, શ્રી રજનીકાંત પારેખ, શ્રી હિરેન શાહ, શ્રી લક્ષ્મીચંદ વીરા, શ્રી અશોક મહેતા, શ્રી મૂકેશ સાવલા, શ્રીમતી હાસ્યલતા મહેતા, શ્રીમતી શીલ્પિબેન શાહ, શ્રી દક્ષેસભાઈ સંઘવી, શ્રીમતી દક્ષાબેન રામાવત અને શ્રી પીન્ટુ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

આ મીટિંગમાં મેમોગ્રાફીના ચાર્જિસ નક્કી કરી, ટ્રસ્ટ મંડળમાં મંજૂરી મેળવવાનું નક્કી કરવામાં આવેલ હતું. ઈ.એન.ટી. વિભાગ માટે માઈક્રોસ્કોપ મંગાવી, તેને ઈન્સ્ટોલ કરવા માટેનું કામ આપવાનું નક્કી કરવામાં આવ્યું. ઓડિયોગ્રામના રૂમો સાઉન્ડ પ્રુફ બનાવી, ચાલુ કરવા માટે ઓર્ડર આપવાનું નક્કી કરવામાં આવ્યું તેમજ તેના ચાર્જિસ નક્કી કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત સમાજના મેડિકલ કાર્ડમાં કન્સેશનની લીમીટ વધારવા તેમજ ૧૮ થી ૩૦ વર્ષની વ્યક્તિના બોડી ચેક-અપની નવી સ્કીમ દાખલ કરવા અંગે નિર્ણય લઈ, ટ્રસ્ટ મંડળની મંજૂરી લેવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

તા. ૧૫-૦૫-૨૦૨૨ના રોજ ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા ડાયાલિસીસ સેન્ટર - ગીતા મંદિર ખાતે રોટરી ક્લબના ડિસ્ટ્રીક્ટ ગવર્નર અને અન્ય સભ્યો તેમજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટીઓની એક સંયુક્ત મુલાકાત ગોઠવવામાં આવી હતી. આ ડાયાલિસીસ સેન્ટરનું સુંદર સેટઅપ જોઈને તેઓ ખૂબ જ પ્રભાવિત થયા હતા અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સાથે ભવિષ્યમાં સંયુક્ત રીતે પ્રોજેક્ટ કરવાની મહેચ્છા દર્શાવી હતી.

મેડિકલની સુવિધાઓમાં થયેલ ફેરફાર અંગે તા. ૨૨-૦૫-૨૦૨૨ના રોજ મળેલ ટ્રસ્ટ મંડળની મીટિંગમાં મેડિકલ સમિતિ દ્વારા નીચે પ્રમાણે મંજૂરી માંગવામાં આવેલ હતી. જેને સર્વાનુમતે મંજૂર કરવામાં આવેલ હતી. જેની વિગતો નીચે પ્રમાણે છે :

૧. ૪૦ વર્ષ કે તેનાથી વધારે ઉંમરવાળી સ્ત્રીના બોડી ચેક-અપમાં મેમોગ્રાફીની સુવિધા આપવી અથવા તો ડૉક્ટર રેકમન્ડ કરે તો તેવી સમાજની સ્ત્રીને કોઈપણ જાતના ચાર્જ વગર મેમોગ્રાફી કરી આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

૨. ૧૮થી ૩૦ વર્ષની વ્યક્તિ માટે બોડી ચેક-અપ સ્કીમ મૂકવામાં આવી હતી. તેની કોસ્ટ લગભગ ૬૨૫/- રૂપિયા થાય છે, જે ફ્રી માં કરી આપવામાં આવશે. આ સ્કીમને પણ સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી.

૩. સભ્યોના પરિવારને મેડિકલ કાર્ડમાં હાલમાં વ્યક્તિ દીઠ જે રૂા. ૨,૫૦૦/-ની લીમીટ છે તે વધારીને રૂા. ૫,૦૦૦/- કરવાની અને સિનિયર સિટીઝનને ડેન્ટલ માટે રૂા. ૫,૦૦૦/-થી વધારીને રૂા. ૧૦,૦૦૦/- કરવાની અને ડેન્ટલ ટ્રીટમેન્ટ ઈમ્પ્લાન્ટ જે અહીં ન થતી હોય અને તે ટ્રીટમેન્ટ ડૉ. હિતેન્દ્રભાઈ શાહને ત્યાં કરાવવામાં આવે તો પણ આ કન્સેશનનો લાભ આપવો તેવું મંજૂર કરવામાં આવેલ હતું.

### મેડિકલ સેન્ટરમાં આપવામાં આવતી વિવિધ સેવાઓ તથા નવી શરૂ કરવામાં આવેલ સેવાઓની માહિતી

***મેડિકલ સેન્ટરમાં નવી ચાલુ કરાયેલ ઓ.પી.ડી. :***

૧. દર શનિવારે સવારે ૧૧ થી ૧૨માં સ્પાઈન સ્પેશિયાલિસ્ટ ડૉ. નિસર્ગ પરીખ મળે છે.

૨. દર મંગળવારે સવારે ૯.૩૦ થી ૧૦.૩૦ એન્ડોક્રાઈનોલોજિસ્ટ ડૉ. આકાશ શાહ મળે છે. જેઓ ડાયાબિટીસ, થાઈરોઈડ અને અન્ય એન્ડોક્રાઈનની તકલીફો માટે તપાસ અને ટ્રીટમેન્ટ કરે છે.

૩. ઈ.એન.ટી. વિભાગમાં દર મંગળ - ગુરુ - શનિવારે ડૉ. રોહન પટેલ બપોરે ૧૨ થી ૧.૩૦માં મળે છે.

૪. ઓર્થોપેડિક વિભાગમાં દર મંગળ - ગુરુ - શનિવારે સાંજે ૫ થી ૬.૩૦માં ડૉ. મૌલિક પટેલ આવે છે તથા સોમ - બુધ - શુક્ર સાંજે ૫ થી ૬.૩૦માં ડૉ. સ્નેહલ શાહ મળશે.

૫. દર બુધવારે ડૉ. હાર્દ શાહ રેટીના સ્પેશિયાલિસ્ટ બપોરે ૧૨ થી ૧ માં આવે છે.

૬. સ્કીન વિભાગમાં તા. ૧૦મી જૂનથી દર સોમ-બુધ-શુક્ર સવારે ૯ થી ૧૨ અને મંગળ-ગુરુ-શનિ સવારે ૯ થી ૧૦.૩૦માં ડૉ. મીત બારભૈયા મળશે.

૭. બોડી ચેક-અપ કરાવનારા વ્યક્તિઓ માટે બી.પી. ચેક-અપ અને હિસ્ટ્રી લેવા માટે સવારના ૮.૩૦થી ૧૧.૩૦ ડૉ. શ્રદ્ધા પરમારની નિમણૂંક કરવામાં આવી છે.

૮. આયુર્વેદ વિભાગમાં ડૉ. ગાર્ગી વસાવડાની ઓ.પી.ડી. દર સોમ-બુધ-શુક્ર સવારે ૯.૩૦થી ૧ માં ચાલુ કરવામાં આવી છે અને પંચકર્મ ચિકિત્સા પણ ચાલુ કરવામાં આવેલ છે.

**અન્ય સુવિધાઓ :**

૧. ઇ.એન.ટી. વિભાગમાં નાક તથા ગળાની એન્ડોસ્કોપી અને કાનનો મેલ વગેરે કાઢવા માટે અને બારીક તપાસ માટે માઇક્રોસ્કોપ આવી ગયેલ છે. આ સુવિધા માટે અત્યાર સુધી જે તે ઇ.એન.ટી. સ્પેશિયાલિસ્ટને ત્યાં પ્રાઇવેટમાં જવું પડતું હતું તે ટૂંક સમયમાં અહીં ચાલુ થઈ જશે.

૨. મેમોગ્રાફીની સુવિધા ચાલુ કરવામાં આવી રહી છે અને શ્રી કચ્છી જૈન સેવા સમાજની ૪૦ વર્ષથી ઉપરની બહેનોને ડોક્ટરની ભલામણ હશે તો મેમોગ્રાફી ફ્રી માં કરી આપવામાં આવશે.

૩. ભોંયરામાં સાઉન્ડપ્રુફ રૂમ તૈયાર થઈ રહ્યો છે જ્યાં ઓડિયોગ્રામની સુવિધા મળશે (કાનની બહેરાશની તપાસ).

૪. બોડી ચેક-અપ માટે આવતા શ્રી કચ્છી જૈન સેવા સમાજના સભ્યો માટે બેસવાની અલગ વ્યવસ્થા રૂમ નં.-૩૨૦માં કરવામાં આવશે.

## ભવન સમિતિ / રિનોવેશન સમિતિ

મેડિકલ સેન્ટરમાં રૂમ નં. - ૩૧૪ રિનોવેટ કરી તેને મેમોગ્રાફી માટે તૈયાર કરવામાં આવ્યો હતો. રૂમ નં. ૩૦૬ને રિનોવેટ કરી તેમાં ઇ.એન.ટી. માટેના માઇક્રોસ્કોપ વગેરે સાધનો મૂકવામાં આવ્યા હતા. ચોથા માળે લીફ્ટની બાજુની ખાલી જગ્યામાં એલ્યુમિનિયમ પાર્ટીશન બનાવી સ્ટોર રૂમ તૈયાર કરવામાં આવ્યો હતો. મેનેજરશ્રીની કેબિન પાછળના ભાગને રિનોવેટ કરીને રૂમ. નં.-૨૦૧ના સાહિત્યને ત્યાં ટ્રાન્સફર કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. પાલડી ભવનમાં લીફ્ટ પાસેની જગ્યામાં ચારે માળ ઉપર ઇલેક્ટ્રીક પેનલને એલ્યુમિનિયમથી કવર કરવા માટેનું કામ આપવમાં આવ્યું હતું.

## વયસ્ક સમિતિ

સમિતિ તરફથી કાર્ડિયોલોજિસ્ટ ડૉક્ટર શ્રી ધવલ દોશીની મુલાકાત લઈ વયસ્ક સમિતિના ૧૫ જૂનના કાર્યક્રમમાં તેમના પ્રવચન માટે આમંત્રણ આપવામાં આવ્યું. સાહિત્યકાર અને કવિ શ્રી કૃષ્ણા દવે સાથે મુલાકાત કરી, સમિતિના કાર્યક્રમમાં હાજર રહેવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું.

## શૈક્ષણિક લોન (સહાય) સમિતિ

આ સમિતિની મીટિંગમાં વર્ષ ૨૦૨૨-૨૦૨૩ માટે લોન સહાય મેળવવા અંગેની માહિતી ‘મંગલ મંદિર’માં આપવા માટે નક્કી કરવામાં આવ્યું હતું. તેના અનુસંધાને આ અંગેના ખર્ચ રૂા. ૧૫.૦૦ લાખ માટે ટ્રસ્ટ મંડળની મંજૂરી તા. ૨૨-૫-૨૦૨૨ના મળેલ મીટિંગમાં મળી ગયેલ છે.

## શ્રી મહેન્દ્રભાઈ રતનશી સંગોઇ - મુંબઈ (રામદેવ ગ્રુપ (એંકરવાળા))ની મેડિકલ સેન્ટરની મુલાકાત

શ્રી મહેન્દ્રભાઈ રતનશી સંગોઈ, જેઓ તા. ૧૯-૫-૨૦૨૨ના રોજ શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં રોકાયા હતા. તેઓએ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત મેડિકલ સેન્ટરની મુલાકાત લીધેલ. જેનો પ્રતિભાવ તેમના જ શબ્દોમાં :

*“આજે રાત્રે કચ્છી ભવનમાં ઉતરવાનું થયું. ખૂબ જ સુંદર વ્યવસ્થા જોવા મળી. મેડિકલ સેન્ટર વિશે સાંભળેલ. આથી જીજ્ઞાસાથી પ્રેરાઈને ટ્રસ્ટી શ્રી નીતિનભાઈ સાથે મેડિકલ સેન્ટરની વિઝીટ કરી. મેડિકલ સેન્ટરની વ્યવસ્થા તથ સારવાર માટે આવતા કચ્છના દર્દીઓ માટેનો અભિગમ ખૂબ જ પ્રેરણાદાયક છે. કચ્છી ભાઈઓ, દાતાઓના સહયોગથી કાર્યરત સંસ્થામાં ઈશ્વરીય કામ થાય છે.”*

***મહેન્દ્ર સંગોઇ - એંકરવાળા (રામદેવ ગ્રુપ)***

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### કર્મચારીની પ્રામાણિકતા

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત શ્રી કચ્છી વિશ્રામગૃહ – તેની વ્યવસ્થા, સ્ટાફની સર્વિસ અને તેમના સ્ટાફની નિષ્ઠા, પ્રામાણિકતા માટે વિશ્રામ ગૃહનો લાભ લેતા પેસેન્જર પ્રભાવિત છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત શાહીબાગ ખાતેના શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં તા. ૫-૫-૨૦૨૨ના રોજ ભુજ નિવાસી શ્રી રાહુલભાઈ મકવાણા રૂમ નં.-૨૧૯માં રોકાયા હતા. તેઓ પોતાનો આશરે રૂા. ૮૦,૦૦૦/-ની કિંમતનો મોબાઈલ ઉતાવળમાં ભૂલી ગયેલા. વિશ્રામ ગૃહના કર્મચારી **ભાવેશે** ચેકિંગ કરતા, રૂમમાંથી તેમને આ મોબાઈલ મળી આવેલ. તાત્કાલિક તેમણે શ્રી રાહુલભાઈનો ફોન પર સંપર્ક કરી તેમને જણાવેલ અને તેમનો મોબાઈલ ફોન પરત કરેલ.

***આ કર્મચારીની નિષ્ઠા, પ્રામાણિકતા અને કર્તવ્ય માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ગૌરવ અનુભવે છે.***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : માસિક અહેવાલ

- **તા. ૦૧-૦૫-૨૦૨૨**

<u>**કારોબારી સમિતિની મીટિંગ**</u>

આજરોજ કારોબારી સમિતિની મીટિંગ બોલાવવામાં આવેલ હતી. તેમાં કુલ ૨૦ સભ્યો હાજર રહ્યા હતા. મંગલ મંદિરના સહતંત્રી માટે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. જેમાં શ્રી મહેન્દ્રકુમાર સાકરચંદ દોશીને કાર્યકારી સહતંત્રી તરીકે નવી નિમણુંક ન થાય ત્યાં સુધી ચાલુ રાખવાનું નક્કી કરવામાં આવ્યું હતું. મેડિકલ સેન્ટરમાં સેવા આપવા માટે આવતા ડૉક્ટર્સના ટાઇમિંગ અંગે નિયમિતતા જળવાય તેવા પ્રયત્નો કરવા માટે મેડિકલ સમિતિને ભલામણ કરવામાં આવી હતી.

ગીતા મંદિર ખાતે ડાયાલિસિસ સેન્ટર ચાલુ કરેલ છે. તેમાં આવતા ડૉક્ટર્સ જનરલ મેડિકલ ચેક-અપ કરી દવા આપે એવી ઓ.પી.ડી. શરૂ કરવાનુ નક્કી કરવામાં આવ્યું હતું.

આજની મીટિંગમાં સંસ્થાના કારોબારી સમિતિના કન્વીનરોને પણ આમંત્રણ આપવામાં આવેલ હતું અને આજની સભામાં સૌ સમિતિનાં કન્વીનરોને આપણી સંસ્થા તરફથી થતા સેવાકીય કાર્યોને વધારે સારી રીતે કરવા માટે સહકાર આપવા અપીલ કરવામાં આવી હતી. પાલડી ખાતે મેડિકલ સેન્ટરમાં આપણે મેમોગ્રાફીનો નવો વિભાગ શરૂ કરવા જઈ રહ્યા છીએ. તે બદલ મેમોગ્રાફી માટેનો રૂમ તૈયાર થઈ ગયો. મેમોગ્રાફી મશીન આવી જતાં ટૂંક સમયમાં તેની સેવાઓ શરૂ કરી દેવામાં આવશે.

- **તા. ૦૩-૦૫-૨૦૨૨**

આજરોજ સંસ્થાના માનદ્ મંત્રીશ્રી તથા મેનેજરશ્રી સ્વામિવાત્સલ્યના કાર્યક્રમ માટે વિવિધ હોલ જોવા ગયા હતા. દર વર્ષે પર્યુષણ પછીના બીજા રવિવારે આપણે આ કાર્યક્રમ યોજીએ છીએ. આ વર્ષે પણ તા. ૧૧-૦૯-૨૦૨૨ના રવિવાર હોવાથી હોલ બુક કરાવવા ગયા હતા પણ હોલ બુક હોતા, બીજો હોલ જોવા ગયા હતા. પણ અનુકૂળ ન હોતા, તા. ૧૮-૦૯-૨૦૨૨ના રોજ ટાગોર હોલ બુક કરાવી દીધેલ છે.

- **તા. ૦૫-૦૫-૨૦૨૨**

આજરોજ મેડિકલ સમિતિની મીટિંગ મળેલ હતી. તેમાં મેમોગ્રાફીના ચાર્જિસ, ઈ.એન.ટી. ડિપાર્ટમેન્ટ માટે માઈક્રોસ્કોપ ખરીદવા તથા ઓડિયોગ્રામના ચાર્જિસ અંગે અને સમાજના સભ્યોને મેડિકલ કાર્ડમાં આપવામાં આવતા કન્સેશન વધારવા અંગે અને ૧૮થી ૩૦ વર્ષની વ્યક્તિઓ માટે બોડી ચેક-અપ કરાવવા સ્કીમ વિચારવા અંગે નિર્ણય લેવામાં આવેલ હતા.

- **તા. ૦૬-૦૫-૨૦૨૨**

સામાજિક સુરક્ષા સમિતિ તરફથી સમાજના સભ્યો માટે રૂપિયા પાંચ લાખના એક્સિડન્ટ વીમા અંગેનો ચેક તૈયાર કરી ઇન્સ્યોરન્સ કંપનીમાં મોકલવામાં આવ્યો.

- **તા. ૦૭-૦૫-૨૦૨૨**

આજરોજ અડાલજ સ્થિત અંબુજા સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરની મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાતમાં શ્રી રજનીકાંત પારેખ, શ્રી હિરેન શાહ, શ્રી કે.ડી. શાહ, શ્રી અશોકભાઈ મહેતા, શ્રી મૂકેશભાઈ સાવલા અને શ્રી રાજેન્દ્રભાઈ દોશી જોડાયા હતા. ત્યાં ચાલતા નર્સિંગ, એ.સી., ફ્રીજ, વોશિંગ મશીન તેમજ વાયરમેનના કોર્સ અંગે માહિતી મેળવવામાં આવી હતી. ત્યાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ તેમજ સંચાલક સાથે વિચાર-વિમર્શ કરવામાં આવેલ હતા.

- **તા. ૦૮-૦૫-૨૦૨૨**

આજરોજ શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ તરફથી પેરેન્ટીંગ અંગેનો સેમિનાર યોજવામાં આવેલ હતો. તેમાં પેરેન્ટ્સ અને વિદ્યાર્થીઓ મળીને કુલ ૧૦૦ વ્યક્તિઓએ ભાગ લીધો હતો. તેમાં પેરેન્ટીંગ અંગેના વિવિધ પાસાઓ અને બાળકોના વિવિધ પ્રશ્નો ઉકેલવા અંગે ચર્ચા કરવામાં આવેલ હતી તેમજ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

- **તા. ૧૦-૦૫-૨૦૨૨**

આજરોજ 'કલાપૂરમ'ની વિઝીટ કરવામાં આવેલ હતી. તેમાં શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી રજનીકાંત પારેખ, શ્રી હિરેન શાહ, શ્રી કે.ડી. શાહ, શ્રી અશોક મહેતા, શ્રી મૂકેશ સાવલા વગેરેએ ભાગ લીધો હતો. અહીં ચાલતા ગ્રાફિક ડિઝાઈન, ફેશન ડિઝાઈન, ફોટોગ્રાફી, વિડિયોગ્રાફી, એડવર્ટાઇઝીંગ, પ્રિન્ટ મીડિયા, ક્લેમેશન અને ફાઇન આર્ટસ વગેરેના ચાલતા કોર્સ અંગે માહિતી મેળવી હતી.

- **તા. ૧૫-૦૫-૨૦૨૨**

આજરોજ રોટરી ક્લબના ડિસ્ટ્રીક્ટ ગવર્નર પ્રમુખ અને અન્ય હોદ્દેદારોએ એસ.ટી. ભવન ખાતેના ડાયાલિસિસ સેન્ટરની મુલાકાત લીધી હતી. સમાજ તરફથી શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી શાંતિલાલ સાવલા, શ્રી હિરેન શાહ, શ્રી રજનીકાંત પારેખ, શ્રી કે.ડી. શાહ, શ્રી રમણિકલાલ ગોસર, શ્રી જિતેન્દ્ર સંઘવી, શ્રી લક્ષ્મીચંદભાઈ વીરા, શ્રીમતી પ્રભાબેન સાવલા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. રોટરી ક્લબના હોદ્દેદારોએ ડાયાલિસિસ સેન્ટરનું નિરીક્ષણ કર્યું હતું અને ભવિષ્યમાં સાથે રહીને અન્ય કાર્યો કરવાનું નક્કી કર્યું હતું.

# આંજો કાગર

*પૂજ્ય વડીલ શ્રી ચંદ્રકાંતભાઈ દેઢિયા સાહેબ,*

આપશ્રીની છત્રછાયા નીચે છેલ્લા ૩૦ વરસથી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના નેજા હેઠળ જે જે માનવ સેવાલક્ષી પ્રવૃત્તિઓ થઈ રહી છે, તેનો વિશેષ જાણકાર રહ્યો છું.

સમાજ ઉત્કર્ષના એક નહીં અનેક કાર્યો આપશ્રીની રાહબરી હેઠળ થયા છે, થઇ રહ્યા છે અને થશે તે સર્વે આપ જેવા નિષ્ઠાવાન અને નિઃસ્વાર્થ સેવા કરનારા કાર્યકરોના જુથને કારણે છે.

આપશ્રીની કપ્તાની હેઠળ લાખો નહીં કરોડો રૂપિયા સમાજે આપની સેવા પરાયણતાને ભેટરૂપે આપ્યા, જેને સમાજ ઉત્કર્ષમાં શ્રેષ્ઠ રીતે આપશ્રીએ વાપરી તેમના સ્વપ્નો સાકાર કર્યા છે.

બોપલના ડાયાલિસિસ સેન્ટરની મુલાકાત લેતા, માનવસેવાનો એક વધુ પરિચય થયો છે. સ્ટાફ સિલેક્શન પણ અતિ ઉત્તમ રહ્યો છે. જેનું પરિણામ તેમના વ્યવહારમાં જણાઈ આવે છે. એક સરસ છાપ ઊભી કરવામાં આપશ્રીના કમિટી મેમ્બરો, સ્ટાફ, કર્મચારી વર્ગ, પેરા મેડિકલ તેમજ ડૉક્ટર સાહેબોનું ભવ્ય યોગદાન છે. સતત પ્રવૃત્તિવાન રહી આપશ્રીની સધ્ધરતા પુરવાર કરી છે.

સંસ્થાના સુકાની તરીકે હવે આપશ્રી નિવૃત્તિકાલે આપની સેવાના મધમીઠા ફળ ચાખી રહ્યા છે, જેમાં માનવતાની મહેંક છે. હાર્દિક અભિનંદન.

અનેક શુભકામનાઓ પાઠવું છું.

***માનવ જ્યોત વતી કે.સી. લુઢિયા - મુંબઈ***

★

માનનીય મહેન્દ્રભાઈ, નમસ્કાર. 'મંગલ મંદિર'ના સંપાદન માટે હાર્દિક શુભેચ્છાઓ. 'મંગલ મંદિર'ને ઉચ્ચતમ શિખરે પહોંચાડશો એ વિશ્વાસ પણ છે. થોડા અનિવાર્ય પારિવારિક કામકાજમાં વ્યસ્ત હોવાથી વિલંબ બાદ પત્ર લખી રહ્યો છું. 'મંગલ મંદિર' માટે ગઝલ પ્રસ્તુત છે. સ્થાન મળશે તો અવશ્ય આનંદ થશે. પણ તમારો નિર્ણય સહર્ષ સ્વીકાર્ય. ઉત્તરની અપેક્ષા છે. વિશ્વાસ છે, નિરાશ નહીં કરો. હાર્દિક શુભકામનાઓ સહ.

***સાહિલ - રાજકોટ***

★

Dear Gupta Sir & Nirav Sir – અત્રે બાળકોના Future માટે Academic Activity, Professional અને Corporate Portfolio કેવી રીતે સારામાં સારો બનાવવો, તેનું બેસ્ટ માર્ગદર્શન આપે છે.

ભવિષ્યમાં Science, Commerce કે Arts – કઈ Stream માં આગળ વધવું તેનું પણ સુપર્બ માર્ગદર્શન આપે છે કે જે પર્સનલી ખૂબ જ મદદરૂપ થાય છે. ભવિષ્યમાં સફળ થવા કયા પગલા લેવા જરૂરી છે તેનું ખૂબ જ સારૂં માર્ગદર્શન અને અગત્યની જાણકારી (Tips) આપે છે.

***કુ. દેવાંશી (ડૉ.) કેતન શાહ - અમદાવાદ***

★

***Dear Dr. Gupta & Dr. Thakkar***

I feel extremely grateful to have you as my daughter's school guidance counsellor. Thank you so much for you advice! You are always so generous with your help and time. Without all of your advice and great suggestions about which colleges to apply for, Jiya might have missed out on so many wonderful possibilities and Opportunities. Once Jiya receives letter of acceptance from the Universities that she applied to, we will return to your office to let you know which opportunities she have been presented with.

Hopefully, you can continue to advise and counsel my Daughter Jiya on which college is the best choice for her.

*Again, thank you so much for your helpful adivce.*

***Jalpa Gautam Daulat - Ahmedabad***

★

મારું નામ આશિષ દોશી છે. હું શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો સભ્ય છું. છેલ્લા ૪ વર્ષથી સમાજના મેડિકલ વિભાગ દ્વારા ચાલતી રસીકરણ સુવિધાનો લાભ હું મારી ૪ વર્ષ અને ૧ વર્ષની દીકરી માટે લઈ રહ્યો છું. હું ખાસ જણાવવા માંગીશ કે આ સુવિધા ખૂબ જ સુંદર રીતે અને રાહતદરે ચાલી રહી છે. ડોક્ટરનું માર્ગદર્શન, સ્ટાફનો અભિગમ ખૂબ જ પોઝિટીવ છે અને સમાજ દ્વારા આ આખું મેડિકલ વિભાગ ચાલી રહ્યું છે, એ ખરેખર, લોકો માટે ખૂબ જ ઉપયોગી છે.

આ ઉપરાંત મારું એક સજેશન છે કે, કોરોના બાદ નાના બાળકો માટે ફલુ માટે નવી રસી શોધવામાં આવી છે, જે હાલ રસીકરણનો જે કાર્યક્રમ છે એમાં એનો સમાવેશ નથી થતો. જે ખરેખર ઉપયોગી રસી છે. જો સમાજ આ ફલુની રસીને પણ રસીકરણના પ્રોગ્રામમાં સમાવી લેવામાં આવે તો બાળકોને તાવ તથા અન્ય નાની મોટી બીમારી સામે રક્ષણ મળશે.

***આશિષ દોશી - અમદાવાદ***
***મો. ૯૮૨૫૭ ૫૩૫૯૩***

# મારા જીવનનો યાદગાર પ્રસંગ

શાંતિભાઈ ગાલા
(નવનીત)

*માનનીય શ્રી શાંતિભાઈ ગાલા (નવનીત ગ્રુપ)નું નામ અને કામ હિંદુસ્તાનના છેડા સુધી પરીચિત છે. આ ઉંમર અને વ્યસ્તતા હોવા છતાં તેમણે બાલ્યાવસ્થામાં નવકાર મંત્રની શક્તિની થયેલ અનુભૂતિને વાગોળતા વાગોળતા સરળ ભાષામાં તે સમયે થયેલ ચમત્કારી અનુભૂતિને લોકો સુધી પહોંચાડવા માટે 'મંગલ મંદિર'ના માધ્યમની પસંદગી કરી, 'મંગલ મંદિર'ની જે પ્રતિષ્ઠા વધારી છે તે અમારી નિષ્ઠા માટેની પૂંજી સમાન છે.*

*આવા પ્રેરક પ્રસંગો અમોને મોકલાવી અમારી કર્તવ્યનિષ્ઠાને પ્રોત્સાહિત કરવા બદલ આપને શત શત નમન.*

આજે મારી ઉંમર ૮૦ વર્ષની છે. હું જે પ્રસંગ લખવા જઈ રહ્યો છું તે પ્રસંગ મારી ૧૨-૧૩ વર્ષની ઉંમરનો હતો.

હું, મારા મોટાભાઈ ધનજીભાઈ તથા હીરૂભાભી હવાફેર માટે મુંબઈથી નજીક દેવલાલી ગયા હતા. દેવલાલીમાં ભાટિયા સેનેટોરિયમમાં એક બ્લોક બે મહિના માટે ભાડે રાખ્યો હતો.

હવે, જીવનમાં ઈશ્વર પ્રત્યેની મારી શ્રદ્ધાની વાત આવે છે, જે આજે પણ જળવાઈ રહી છે.

ભાટિયા સેનેટોરિયમના બીજા બ્લોકમાં મારી ઉંમરનો છોકરો રહેતો હતો. એક દિવસ અમે બંને ભાડાની સાઈકલો લઈને દેવલાલથી પંદર કિ.મી. દૂર નાસિક સિટીમાં ૩ થી ૬ના શૉમાં પિક્ચર જોવા ગયા. મારી સાથે આવેલા છોકરાને સાઈકલ ચલાવવાની પ્રેક્ટિસ હતી, જ્યારે મને થોડી-થોડી સાઈકલ ચલાવવાની કામચલાઉ પ્રેક્ટિસ હતી. સાંજે ૬ વાગે પિક્ચર છૂટ્યું ત્યારે મારી સાઈકલ ચલાવવાની વધુ પ્રેક્ટિસ ન હોવાથી મારા પગ ભરાઈ ગયા. જેમતેમ કરીને અમે બંને નાસિક સિટીની બહાર આવીને રોડની સાઈડમાં એક બાંકડા જેવી જગ્યા હતી તેના ઉપર બેઠા.

હવે અંધારું થવાની તૈયારી હતી અને મારે પંદર કિ.મી. દૂર દેવલાલી પહોંચવું જરૂરી હતું. તેથી મેં મારી સાથે આવેલ છોકરાને વાત કરી કે મારા પગ ભરાઈ ગયા હોવાથી હવે હું આગળ સાઈકલ ચલાવી શકું તેમ નથી. મારી વાત સાંભળીને તે છોકરાએ મારી વાતની અવગણના કરી, મને એકલો મૂકીને પોતાની સાઈકલ દેવલાલી તરફ મારી મૂકી. હું ખૂબ જ ગભરાઈ ગયો.

હવે શું કરવું? પંદર કિલોમીટરનું અંતર...

હું દસ મિનિટ શાંતિથી બેસી ગયો અને નવકાર મંત્રનો જાપ કરવા લાગ્યો. નવકાર મંત્રના જાપ સાથે હિંમત એકઠી કરી અને એકીશ્વાસે પંદર કિલોમીટર દૂર દેવલાલી તરફ મેં મારી સાઈકલ મારી મૂકી. મારા મોટાભાઈ તથા ભાભી મારા આવવાની રાહ જોતા ચિંતામાં હતા. મને જોઈને તેઓ ખૂબ જ ગદ્‌ગદ્‌ થઈ ગયા.

મહામંત્ર નવકાર મંત્રની શક્તિનો અનુભવ થવાથી આજે પણ હું રોજ સવારે ઊઠતી વખતે તથા રાત્રે સૂતી વખતે નિયમિત નવકાર મંત્રના જાપ કરૂં છું. તેનાથી મને બળ મળે છે તેમજ દિવસ દરમિયાન બનતા નબળા પ્રશ્નો હળવા થઈ જાય છે.

મિત્રો, મારે તમને પણ સલાહ આપવાની છે કે ભારતીય ધર્મોમાં જેટલા પણ મહામંત્રો છે તે તમામ સિધ્ધ છે. તમે પણ જીવનમાં તમને યોગ્ય લાગે તે મહામંત્રનો શ્રદ્ધાપૂર્વક દિવસે ઊઠતી વખતે તથા રાત્રે સૂતી વખતે જાપ કરતા રહો તેવી મારી વિનંતી છે. જેથી તે મંત્ર તમને જીવનમાં બનતી નબળી ઘટનાઓને હળવી બનાવવામાં મદદરૂપ થશે.

આ છે ભારતીય સંસ્કૃતિના વિવિધ ધર્મોના મહામંત્રોની તાકાત...

## નવકાર મંત્ર

*નવકાર મંત્ર હૈ ન્યારા*
*જીસને લાખોંકો હૈ તારા*
*ઈસ મહામંત્રકા જાપ કરો*
*જીસે ભવજલ મિલે કિનારા....*

*જેમનામાં એકલા ચાલવાનો હોંસલો હોય છે,*
*એક દિવસ એમની જ પાછળ કાફલો હોય છે.*

# તીર્થ દર્શન

## તીર્થ દર્શન-૬

### શ્રી મહુવા તીર્થ
### (શ્રી મહાવીર ભગવાન)




સમુદ્ર કિનારે નાળિયેરીનાં વૃક્ષોની હરિયાળી ગોદમાં આવેલું મહુવા ગામ એક પ્રાચીન અને મહિમાવંતુ ગામ છે. એનું પ્રાચીન નામ હતું મધુમતી. આ ગામની વચ્ચે બિરાજમાન શ્રી જીવિતસ્વામી મંદિર ઘણું પ્રાચીન છે તેમજ આ મહુવા તીર્થ શત્રુંજય પંચતીર્થીનું એક તીર્થ ગણાય છે.

મહુવા તીર્થમાં શ્રી મહાવીર સ્વામી ભગવાનની શ્વેત વર્ણની લગભગ ૯૧ સે.મી.ની પદ્માસનસ્થ પ્રતિમા છે. આ પ્રતિમાને જીવિત સ્વામી કહેવામાં આવે છે. જેનો ઉલ્લેખ ૧૪મી સદીમાં ઉપાધ્યાય શ્રી વિનયપ્રભવિજયજીએ 'તીર્થમાળા'માં કર્યો છે. આ તીર્થનો છેલ્લો જીર્ણોધ્ધાર તીર્થોધ્ધારક શ્રી નેમિસૂરીશ્વરજી મ.સા.એ કરાવ્યો. વિ.સં. ૧૮૮૫ના મહા સુદ-૧૩ના રોજ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. આમેય આ ગામ જિન શાસનમાં મહાન જિનરત્નો પેદા કરવા માટે ખ્યાતનામ છે. એવી જ રીતે તીર્થોધ્ધારક શ્રી વિજય નેમિસૂરીશ્વરજી તથા આ. શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી જેવા શાસન સમ્રાટોનું આ જન્મસ્થાન છે. આ તીર્થના અંતિમ ઉધ્ધારક શાસન સમ્રાટ શ્રી વિજય નેમિસૂરીશ્વરજીના જન્મ સ્થળે રાયેલું શ્રી નેમિવિહાર નામનું ભવ્ય જિન મંદિર ભાવિકોને માટે યાત્રાધામ બની રહ્યું છે. એ જ રીતે પૂ.આ. શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મ.સા.નો કાળધર્મ પણ આ ગામમાં જ થયો હોવાથી એમના અગ્નિ સંસ્કારના સ્થળે એક ભવ્ય જિનમંદિર રચવામાં આવ્યું છે, જે શાસન સમ્રાટ આચાર્યશ્રીની પાવન અને પ્રેરક સ્મૃતિને દર્શાવે છે. આ ઉપરાંત આ ગામમાં શ્રી કેસરિયાજી આદિનાથ ભગવાનનું પણ વિશાળ મંદિર આવેલું છે.

## તીર્થ દર્શન-૭

### શ્રી દાઠા તીર્થ
### (શ્રી શાંતિનાથ ભગવાન)




દાઠા રોડથી ૧ માઈલ દૂર આ તીર્થ આવેલું છે. એના શિખરબંધી દેરાસરમાં મૂળનાયક ભગવાન શાંતિનાથ બિરાજમાન છે. અહીં ચૌદ પાષાણની અને આઠ ધાતુની પ્રતિમાજીઓ છે. અહીંના શ્રી સંઘે વિ.સં. ૧૯૦૫માં શિખરબંધી દેરાસર બંધાવીને આ ભગવાન શાંતિનાથની પ્રતિમાજી પ્રતિષ્ઠિત કરી. મૂર્તિ પર વિ.સં. ૧૮૯૨નો લેખ નોંધાયેલો છે. આ મૂર્તિ અત્યંત ભવ્ય અને દર્શનીય છે. ઊંચી બાંધણીનું આ મંદિર કાચનું મંદિર છે અને એનું કાચનું કામ સુંદર અને આકર્ષક છે. તળાજાથી મહુવા જતાં વચ્ચે આવતા દાઠામાં ધર્મશાળા, ભોજનશાળા અને ઉપાશ્રય આવેલા છે.

દાઠા, એ શત્રુંજય મહાતીર્થની પંચતીર્થીનું એક તીર્થ છે. આ પંચતીર્થીમાં શ્રી કદંબગિરિજી, શ્રી દાઠા તીર્થ તથા શ્રી મહુવા તીર્થ વગેરેનો સમાવેશ થાય છે. આ જિન મંદિરમાં જયપુરની પદ્ધતિ મુજબનું અતિ સુંદર કાચકામ થયું છે અને આજે બીજે પણ આ પ્રકારનું કાચકામનું અનુકરણ થવા લાગ્યું છે. આ જિન મંદિર તીર્થ તરીકે પ્રસિદ્ધિ પામ્યું હોવાથી પ્રતિ વર્ષ સેંકડો યાત્રિકો યાત્રાએ આવે છે. મૂળ દાઠાના નિવાસી એવા જૈનો વ્યાપાર નિમિત્તે દેશના દૂર દૂરના પ્રદેશોમાં ગયા. પરંતુ તેઓ અર્થોપાર્જન કરીને પોતાની જન્મભૂમિના વિકાસમાં રસ લે છે અને આ ક્ષેત્રનું ગૌરવ વધારી રહ્યા છે.

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*
*મો. ૯૪૨૭૩ ૯૦૦૦૭*

*'મારી પાસે હોવી જોઈએ એના કરતાં બુદ્ધિ વધુ જ છે.' મારી આ માન્યતા મને સમર્પિત બનવા જ નથી દેતી અને 'મારી પાસે હોવા જોઈએ એના કરતાં પૈસા ઓછા જ છે' મારી આ માન્યતા મને સંતોષી બનવા જ નથી દેતી. આજે મને ખ્યાલ આવે છે કે શાંતિ, સમાધિ અને સદ્‌ગુણોએ મારાથી પીઠ કેમ ફેરવી લીધી છે?*

# કચ્છમાં જૈનોની મોટી પંચતીર્થી
# કોઠારા - નલિયાનાં દર્શનિય જિનાલયો



ભરત'કુમાર' પ્રા. ઠાકર

કચ્છની 'મોટી જૈન પંચતીર્થી'ની આપણે યાત્રા કરી રહ્યા છીએ. ગત બે લેખાંકોમાં અબડાસા તાલુકાના ક્રમશઃ સાંધાણ-તેરા અને સુથરી-જખૌ એમ ચાર જિનાલયોની તવારીખ જોઈ ગયા. હવે આ લઘુ શ્રેણીના અંતિમ લેખાંક-૩ માં બાકી બે – કોઠારા અને નલિયાનાં સુંદર દેરાસરોની સ્પર્શના કરી મોટી પંચતીર્થીની યાત્રા પૂર્ણ કરીએ....

## શાંતિનાથ જિનાલય : કોઠારા

અબડાસાની મોટી પંચતીર્થીમાં સુથરીની જેમ કોઠારા જિનાલયની ગણના પણ મહાતીર્થ સમકક્ષ તરીકે થાય છે. પંચતીર્થીમાં સુથરી જિનાલય સૌથી જૂનું ગણાય છે તેમ કોઠારા જિનાલય પંચતીર્થીમાં સૌથી ઊંચું શિખર ધરાવતું દેરાસર તો છે જ, વધુમાં કચ્છનાં પણ સર્વ જિનાલયોમાં તે ઊંચા શિખરો સુધી શિલ્પકામ કરેલું સૌથી ઊંચું જૈન દેરાસર છે! તે તેની કળાકારીગરી અને શિલ્પકામ માટે સુપ્રસિદ્ધ છે.



શાંતિનાથ જિનાલય : કોઠારા

તેના નાનામોટા બાર ઉન્નત શિખરો દૂરથી યાત્રિકોનું મન હરી લે છે. જિન મંદિરમાં બહુ જ ઝીણવટભર્યું કોતરકામ કરેલું છે. મંદિરના રંગમંડપ, તોરણો, સ્તંભો વગેરે પર નાજુક અને કલાકૌશલ્યભરી કોતરણી કરીને શિલ્પોને જાણે જીવંત બનાવ્યા છે. મંદિર અંદર છતમાં ચિત્રકામના રંગો તો હજુ તાજા જ હોય એવા લાગે છે. મંદિરની ઉપલી છતમાં મનોહર રંગોથી રચેલું 'નાગદમનનું શિલ્પ' અદ્‌ભુત છે.

કોઠારાનાં નવા દેરાસરોના ઝુમખાને 'કલ્યાણ ટૂક' કહે છે અને તે આઠ ટૂક ધરાવે છે. 'આટલું વિશાળ મંદિર આખા કચ્છમાં એક પણ નથી. જાણે એક મોટો પહાડ ઊભો કરવામાં આવ્યો હોય એવું વિશાળ અને નક્કર આ મંદિર છે.' ('મારી કચ્છયાત્રા' (૧૯૪૨)માં મુનિ વિદ્યાવિજયજી). મેરુ પર્વત જેવી ઊંચાઈને કારણે જ તેનું મુખ્ય જિનપ્રાસાદ 'મેરુપ્રભ જિનાલય'ની ઉપમા પામ્યું છે!

- **પ્રારંભ - પરિશ્રમ - પ્રતિષ્ઠા**

કોઠારાના રત્નત્રયી જેવા ત્રણ મહાજનો શા. વેલજી માલુ લોડાયા, શા. શિવજી નેણશી લોડાયા અને શા. કેશવજી નાયક ગાંધી (૧૮૧૯-૧૮૮૫)ની ત્રિપુટીએ પોતાના વતનમાં એક મનોહર અને શ્રેષ્ઠ જિન પ્રાસાદ બનાવવાનો શુભ વિચાર કર્યો. તેઓએ કોઠારામાં એવો આલીશાન દેવવિમાન જેવો દિવ્ય અને ધ્યાનસ્થિ યોગી જેવો ભવ્ય જિન પ્રાસાદ બનાવ્યો કે જેણે દેશભરનાં વિશિષ્ટ, વિરલ અને કળામય દેવાલયોમાં સ્થાન મેળવ્યું છે!

મંદિરનું બાંધકામ શરૂ કરવા સમયે કોઠારાના જાગીરદાર મોકાજી જાડેજા હતા. બે માળના મંદિરની મંજૂરી માટે તેઓ સંમત ન થયા. કેમકે બાજુમાં જ દરબારગઢ હોવાને કારણે મંદિર આટલું ઊંચું બંધાય તો પ્રભુ દર્શને આટલે ઊંચે જનારની નજર રાજમહેલના રાણીવાસ પર પડે અને તેથી મર્યાદા લોપાય. ઠાકોરશ્રીનો દરબારગઢ પણ અવિલોક્ય રહે અને સાથે મંદિર નિર્માણ સંકલ્પ પણ પાર પડે તે માટે શ્રેષ્ઠીઓએ જનાનખાનામાં કોઈની નજર ન પડે એટલો ઊંચો ગઢ રાજમહેલ ફરતે સ્વખર્ચે બંધાવી આપેલો!

અને આમ, આખરે કચ્છની ધરતી પર આવું ભવ્ય જિનાલય બાંધવાનો સંવત ૧૯૧૪ (સન ૧૮૫૮)માં પ્રારંભ થયો હતો. ચાર વર્ષ લગી ચારસો માણસનો દિવસરાત પરિશ્રમને અંતે તેનું કામ પૂર્ણ થતાં સંવત ૧૯૧૮ (સને ૧૮૬૨)ના મહા સુદ તેરસના મૂળનાયક જિન ચોવીસીના ૧૬મા તીર્થંકર શાંતિનાથ પ્રભુજીની પ્રતિષ્ઠા થયેલી. તે વખતે સોળ લાખ કોરી (અંદાજે રૂપિયા

૫.૨૮ લાખ)ના ખર્ચે તે તૈયાર થયેલું! (કોરી = ત્યારના કચ્છ રાજ્યનું આશરે એક તૃતિયાંશ રૂપિયાની કિંમતનું રૂપાનાણું).




શ્રી ચંદ્રપ્રભ જિનાલય : નલિયા

● **જિનાલય પરિસરના દર્શન**

પોતાની સ્થાપનાની દોઢ સદી વટાવી ચૂકેલું આ દેરાસર ૭૮ ફૂટ લાંબું, ૬૯ ફૂટ પહોળું અને ૭૩॥ ફૂટ ઊંચું છે! તીર્થસ્થાનની આસપાસ પાંચ કોઠાવાળો ઊંચો ગઢ રચીને તેને સુરક્ષિત બનાવવામાં આવ્યું છે. ગઢના બાર ફૂટ ઊંચા અને છ ફૂટ પહોળા પ્રવેશદ્વારની બંને બાજુ આબુના વિખ્યાત દેલવાડાનાં દહેરામાંના દેરાણી-જેઠાણીના ગોખલાની પ્રતિકૃતિ પણ તમને જોવા મળશે.

મુખ્ય નિજ મંદિરમાં બંને બાજુ સાત મૂર્તિઓની વચ્ચે સાડા ત્રણ ફૂટ ઊંચા આસન પર સુવર્ણ મુકુટધારી મૂળનાયક શાંતિનાથજીની પલાંઠી વાળીને વિરાજેલી મોટી મૂર્તિનાં દર્શન થાય છે. મૂળ જિનાલયમાં નીચે કુંથુનાથ સ્વામીની પ્રતિમાવાળું એક ભોંયરું, તેમાં સંકટ સમયે કામ લાગે એવી છૂપી ઓરડીઓ તથા તેની ઉપર સાત ગભારા અને વિશાળ રંગમંડપ બનાવેલ છે. મુખ્ય મંદિરના ઉપલા માળે ધર્મનાથ, સુવ્રતસ્વામી અને સુપાર્શ્વનાથના ત્રણ ચોમુખજી બિરાજિત છે. આખો જિનપ્રાસાદ મુખ્ય પાંચ શિખરો, સામરણ અને ઘુમ્મટથી દેદીપ્યમાન ભાસે છે. જિનાલયમાં કુલ ૨૧૩ મૂર્તિઓ છે.

દલપતરામ પ્રાણજીવન ખખ્ખરે (૧૮૩૫-૧૯૦૨) તૈયાર કરેલ 'આર્કિયોલોજીકલ સર્વે ઓફ ઇન્ડિયા' (સન ૧૮૭૭), 'ગેઝેટિયર ઓફ બોમ્બે પ્રેસિડેન્સી'ના વોલ્યુમ-૫ (૧૮૮૦) અને વ્રજલાલ ભગવાનલાલ છાયા દ્વારા 'સ્વદેશ'ના દીપોત્સવ અંક (૧૯૨૪)માં પણ આ જિનાલયની ભવ્યતા અને તેની બેનમૂન શિલ્પકળાની વિગતે નોંધ લેવાઈ છે. ('શ્રી ભદ્રેશ્વર-વસઈ મહાતીર્થ' (૧૯૭૭), લે. રતિલાલ દીપચંદ દેસાઈ (૧૯૦૭-૧૯૮૫)).

● **વજનદાર ઘંટનો ઘંટારવ :**

આવા કળામય અને વિશાળ જિન પ્રાસાદની રચના કરવાનું કૌશલ્ય દર્શાવવાનું માન કચ્છના સાભરાઈ ગામ (તા. માંડવી)ના સલાટ નથુભાઈ રાઘવજીને ઘટે છે. મુખ્ય જિન મંદિરની આસપાસ ત્રણ શ્રેષ્ઠીવર્યોના સગાં સ્નેહીઓએ બનાવેલાં નાનામોટાં શિખરબંધ મંદિરો છે. મુખ્ય મંદિરની ડાબી તરફે શાંતિનાથ ભગવાનનું નાનું મંદિર પણ આવેલું છે, જે સાડા ચારસો વર્ષ જૂનું છે અને તેમાંની પ્રતિમા બાર સદી જૂની મનાય છે.

જેનો ઘંટારવ લગભગ ત્રણેક કિ.મી. દૂરથી પણ સંભળાય છે અને કચ્છમાં ક્યાંય જોવા ન મળે એવો બસ્સો કિલો વજનનો ઘંટ ધરાવતું કોઠારાનું જિન મંદિર આખાય કચ્છમાં વિશાળતા અને ભવ્યતામાં અજોડ છે. કળાકારીગરીના ઉત્કૃષ્ટ નમૂનારૂપ આ દેરાસર ૨૦૦૧ના ધરતીકંપમાં ક્ષતિગ્રસ્ત બનતાં ૧૫ લાખ રૂપિયાના ખર્ચે તેનું સમારકામ કરાયું છે.

કોઠારાના 'કામેશ્વર મહાદેવ મંદિર'નો મહિમા પણ ન્યારો છે. મૂળ કોઠારાના વતની અને મુંબઇના સખાવતી ભાટિયા ઉદ્યોગપતિ શેઠ ગોકુલદાસ તેજપાલ (૧૮૨૨-૧૮૬૭)નું નામ જાણીતું છે. જેમના ઉદાર દાન થકી અનેક ધર્માદા સંસ્થાઓ, હોસ્પિટલો, શાળા - કોલેજો, છાત્રાલયો સ્થપાયા છે. તેમાં જી.ટી. હોસ્પિટલ (ફોર્ટ, મુંબઈ – ૧૮૭૫), જી.ટી. સંસ્કૃત કોલેજ (તારદેવ, મુંબઈ – ૧૮૮૫), જી.ટી. હાઈસ્કૂલ (માંડવી, કચ્છ – ૧૮૯૦) મુખ્ય છે.

## ચંદ્રપ્રભ જિનાલય : નલિયા

અબડાસાના તાલુકા મથક નલિયામાં આવેલું 'ચંદ્રપ્રભ જિનાલય' પણ દિવ્ય, સુશોભિત અને કલાસમૃદ્ધ છે. જિન ચોવીસીના આઠમા તીર્થંકર ચંદ્રપ્રભ સ્વામીનું આ વિશાળ અને મનોહર દેરાસર આચાર્ય મુક્તિસાગર સૂરિજીના ઉપદેશથી શેઠ નરશી નાથા નાગડાએ સંવત ૧૮૯૭ (સને ૧૮૪૧)ના મહા સુદ પાંચમના બંધાવ્યું હતું. નલિયાના જિન મંદિરોના ઝુમખાને 'વીરવસહી ટૂક' કહે છે, જે મોટી પંચતીર્થીનું 'પ્રથમ નવ ટૂક જિનાલય' બન્યું હતું.

૧૪ રંગ મંડપો, ૧૬ વિશાળ શિખરો, ૧૩૮ સિદ્ધચક્રો અને ૧૭૬ જિન પ્રતિમાઓ ધરાવતું આ જિન મંદિર તેની શિલ્પકળા અને પથ્થર પરની સુવર્ણકળા માટે ખાસ જાણીતું છે. વીરવસહી સંકુલમાં સમયાંતરે સર્જન પામેલ શાંતિનાથ (સં. ૧૯૦૫ / સન

## મોટી પંચતીર્થીના ગામો વચ્ચેનું પારસ્પરિક અંતર (અંદાજિત કિ.મી.)

| ક્રમ | ગામ | કોઠારા | જખૌ | તેરા | નલિયા | સાંધાણ | સુથરી | માંડવી | ભુજ | ગાંધીધામ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | કોઠારા | – | ૩૨ | ૨૭ | ૧૯ | ૧૮ | ૧૩ | ૬૩ | ૮૩ | ૧૪૩ |
| ૨. | જખૌ | ૩૨ | – | ૩૧ | ૧૬ | ૩૮ | ૨૫ | ૮૫ | ૮૫ | ૧૪૫ |
| ૩. | તેરા | ૨૭ | ૩૧ | – | ૧૩ | ૪૫ | ૪૦ | ૮૫ | ૮૫ | ૧૪૫ |
| ૪. | નલિયા | ૧૯ | ૧૬ | ૧૩ | – | ૩૭ | ૩૨ | ૭૫ | ૧૦૦ | ૧૬૦ |
| ૫. | સાંધાણ | ૧૮ | ૩૮ | ૪૫ | ૩૭ | – | ૧૦ | ૫૦ | ૮૫ | ૧૪૫ |
| ૬. | સુથરી | ૧ | ૨૫ | ૪૦ | ૩૨ | ૧૦ | – | ૭૫ | ૯૦ | ૧૫૦ |
| ૭. | માંડવી | ૬૩ | ૮૫ | ૮૫ | ૭૫ | ૫૦ | ૭૫ | – | ૬૦ | ૧૨૦ |
| ૮. | ભુજ | ૮૩ | ૮૫ | ૮૫ | ૧૦૦ | ૮૫ | ૯૦ | ૬૦ | – | ૬૦ |
| ૯. | ગાંધીધામ | ૧૪૩ | ૧૪૫ | ૧૪૫ | ૧૬૦ | ૧૪૫ | ૧૫૦ | ૧૨૦ | ૬૦ | – |

૧૮૪૯), કુંથુનાથ, મહાવીર સ્વામી, અષ્ટાપદ ચોમુખજી (ઋષભદેવાદિ જિનચોવીસી) એમ બીજા ચાર દેરાસરો પણ આવેલા છે. હિમાલયની ગોદમાંથી મળેલ 'અષ્ટાપદજીનું દેરાસર' કચ્છમાં બીજે ક્યાંય નથી, માત્ર નલિયામાં છે. ચાર દિશાઓમાં સૂક્ષ્મ શિલ્પકામથી મંડિત છ-છ દેરીઓમાં કુલ ચોવીસ તીર્થંકરોના દર્શન કરવા મળે છે.

નલિયા નજીકના વડસર ગામમાં સંવત ૧૯૧૮ (સને ૧૮૬૨)માં પાર્શ્વનાથ દેરાસર બંધાયેલું, પણ વડસરમાં જૈનોની વસતી નહીં રહેવાથી એ દેરાસરનું ઉત્થાપન કરીને તેની પ્રતિમાને નલિયામાં લાવવામાં આવી હતી. તેને માટે લાલ પથ્થરનું નાનું નવું દેરાસર બનાવીને સંવત ૨૦૨૭ (સન ૧૯૭૧)માં એ પ્રતિમાને એમાં બિરાજિત કરાયેલી ('શ્રી ભદ્રેશ્વર - વસઈ મહાતીર્થ (૧૯૭૭), લે. રતિલાલ દીપચંદ દેસાઈ (૧૯૦૭-૧૯૮૫), પૃષ્ઠ-૨૧૮). ડિસેમ્બર ૧૯૯૮માં અહીં 'રત્ન તીર્થપટ્ટ મંદિર'નું પણ નિર્માણ થયું છે. ૨૦૧૬માં આ દેરાસરે પોતાની સ્થાપનાની અમૃત શતાબ્દી (૧૭૫મી જયંતી) ઉજવી હતી.

- **ચાંદીના રથનું આકર્ષણ**

કોઠારા જિનાલય તેના વજનદાર ઘંટ માટે સુખ્યાત છે તેમ નલિયા જિનાલયમાં ચાંદીનો એક ભવ્ય રથ પણ દર્શનીય છે. સંવત ૧૯૯૪ (સને ૧૯૩૮)માં મિસ્ત્રી આદિત્યરામ વલ્લભરામ (વીસનગરવાળા) દ્વારા તે મુંબઈમાં તૈયાર થયો હતો. ૯,૬૩૩ તોલા ચાંદીના આ રથની સામેની બાજુ કચ્છરાજની મુદ્રા ઉપસાવેલી છે. આ રથ વર્ષમાં ત્રણ વખત મહાવીર જયંતી (ચૈત્ર સુદ-૧૩), ભાદરવા સુદ-૧ અને ભાદરવા સુદ-૬ ના નગરના રસ્તા પર નીકળે છે.

નલિયા જાડેજા ગરાસદારો, ઓસવાળ જૈનો, માહેશ્વરી વણિકો તથા ભણશાળી ખેડૂતોની વસતિ ધરાવતું જૂનું શહેર છે. અબડાસા તાલુકાનું નામ જેના ઉપરથી ઓળખાય છે એ વડસરના ગરાસદાર જામ જખરા અબડા અડભંગે (૧૨૬૦-૧૩૦૦) સિંધથી આવેલી સુમરા યુવતીઓને રક્ષણ આપવા માટે દિલ્હીના સુલતાન અલ્લાઉદ્દીન ખીલજીના સૈન્ય સાથે યુદ્ધ કરીને કુરબાની આપી હતી. તેની યાદ સાચવતી જામ અબડાની સમાધિનું સ્થાનક નલિયાથી પાંચ-છ કિ.મી. દૂર રામપર ગામ પાસે આવેલું છે. ('પથિક' માસિક : એપ્રિલ ૧૯૯૧માં ઠાકરશી પુરુષોત્તમ કંસારા (૧૯૦૮ – ૧૯૯૬))

નલિયામાં જૈન દેરાસર ઉપરાંત પાંડુરંગ શાસ્ત્રી (૧૯૨૦-૨૦૦૩) પ્રેરિત તત્ત્વભાવના સંસ્થા અને તેમાંનું યોગેશ્વર મંદિર, રા'હમીરજીની છતરડી, ગાયત્રી પ્રજ્ઞાપીઠ, જંગલેશ્વર શિવાલય વગેરે પણ દર્શનીય છે. જેમ કોઠારા ગામ નગરશ્રેષ્ઠી કેશવજી નાયક દંડ (૧૮૧૯-૧૮૮૫)નાં જીવન અને ધર્મકાર્યોથી ગૌરવશાળી બન્યું છે તેમ નલિયા ગામે સ્વનામધન્ય શ્રેષ્ઠી નરશી નાથા નાગડા (૧૭૮૪-૧૮૪૩) જેવા નરરત્નની ભેટ આપીને પોતાના નામને અજવાળ્યું છે.

નલિયાના અન્ય ત્રણ વ્યક્તિ વિશેષોમાં મુંબઈના વિખ્યાત નાટ્યકાર - લેખક પ્રાગજી જમનાદાસ ડોસા (૧૯૦૭-૧૯૯૭), એમના બંધુ ક્રિકેટ સ્કોરર આણંદજી જમનાદાસ ડોસા (૧૯૧૬-૨૦૧૪) અને કવિ 'તેજ' તરીકે વધુ જાણીતા તેજપાલ ધારશી નાગડા (૧૯૩૭-૨૦૨૧)નો સમાવેશ છે.

*(સંપૂર્ણ)*

*'શિવમ્', ૪૦, વૃંદાવન નગર-૧, ખડિયા તળાવ સામે,*
*વૈશાલી સિનેમા રોડ, અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.*
*ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯, મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦*

સ્વાસ્થ્ય

# મારા હૃદયના ધબકારા વારંવાર વધી જાય છે : PANIC DISORDER

## ભાગ-૪ : સારવાર-૨


ડૉ. મણિલાલ ગડા
(સિનિયર મનોચિકિત્સક)


ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

આપણે આગળના લેખમાં જાણ્યું કે પેનિક ડીસઓર્ડરમાં નીચેના લક્ષણો જોવા મળે છે : (૧) હૃદયના ધબકારાઓ ઓચિંતા, અચાનક, અણધાર્યા આવે છે. (૨) છાતીમાં દુઃખાવો ઉપડે છે. (૩) ખૂબ જ પરસેવો થાય છે. (૪) શ્વાસ રૂંધાય છે. (૫) મુંઝવણ થાય છે. (૬) હમણાં જ કાંઈક થઈ જશે, હું જીવતો નહીં બચું એવું લાગ્યા કરે છે. (૭) હાર્ટ એટેક આવ્યો છે વગેરે.

હૃદયના ધબકારા થોડા સમયમાં (મોટા ભાગે ૩૦ મિનિટથી ઓછા સમયમાં) નોર્મલ થઇ જાય છે. શારીરિક વૈદ્યકીય તપાસ તથા લેબોરેટરી તપાસ, કાર્ડિયોગ્રામ, એન્જિયોગ્રાફી, ૨-ડી ઈકો બધું જ નોર્મલ આવે છે.

આપણે જાણ્યું કે પેનિક ડીસઓર્ડર બીમારીની સારવારના ત્રણ ઉપ-વિભાગમાં વર્ગીકરણ કરાય છે :

૧. ધબકારા વધી ગયા હોય ત્યારે (During Attack)
૨. ધબકારા નોર્મલ થાય કે તરત જ (Immediately after the Attack)
૩. ધબકારા ફરીથી વધી ન જાય તે માટે (Prevention of Future Attacks)

આપણે જાણ્યું કે ધબકારા વધી ગયા હોય ત્યારે પેનિક પ્રતિરોધક દવાઓ (Anti Panic Medication) અગત્યની છે.

ધબકારા શરૂ થયા એ પહેલાની પ્રવૃત્તિ ધબકારા નોર્મલ થયા બાદ ચાલુ રાખવી મહત્ત્વની છે.

આ લેખમાં આગળની સારવાર વિશે જાણીએ.

### ૩. ધબકારા ફરી વધી ન જાય તે માટે :

પેનિક ડીસઓર્ડરમાં હૃદયના ધબકારા વારંવાર વધી જાય છે. આથી દર્દીનો ડર વધી જાય છે. આત્મવિશ્વાસ ઓછો થઇ જાય છે. જીવનશૈલી પર આની નકારાત્મક અસર થાય છે. ધબકારા વારંવાર થતા અટકાવવા નીચેના ઉપાયો લેવાય છે.

**(અ) પેનિક ડીસઓર્ડર વિશે યોગ્ય વૈજ્ઞાનિક માહિતી (Psycho Education) :**

મનોચિકિત્સક દ્વારા ધબકારા - પેનિક ડીસઓર્ડર વિશે દર્દી, કુટુંબીજનો, હિતેચ્છુઓને યોગ્ય વૈજ્ઞાનિક માહિતી આપવામાં આવે છે. દરેક સમજી શકે એ રીતે નીચેના મુદ્દાઓની છણાવટ સારી સરળ ભાષામાં કરાય છે.

૧. વારંવારના ધબકારા - પેનિક ડીસઓર્ડર કોઈ ગંભીર બીમારી નથી, હાર્ટ એટેક નથી, અસાધ્ય બીમારી નથી. સારવારથી દર્દી નોર્મલ થાય છે.
૨. પેનિક ડીસઓર્ડરનો હુમલો ટુંક સમય (અડધા કલાકથી ઓછા સમય) માટે થાય છે. ત્યારબાદ દર્દી નોર્મલ થાય છે.
૩. પેનિક ડીસઓર્ડરના હુમલા બાદ તરત જ દર્દી પોતાનું રોજિંદુ કાર્ય કરી શકે છે.

**(બ) ધબકારાના હુમલાની ડાયરીમાં વૈજ્ઞાનિક નોંધ :**

દર્દીએ ધબકારાના હુમલાની નોંધ ડાયરીમાં કરવી જોઈએ. જેમાં નીચેના મુદ્દાઓ મહત્ત્વના છે :

૧. ધબકારા વધવાનો સમય, તારીખ.
૨. ધબકારા વધ્યા તે સ્થળ.
૩. ધબકારા કેટલો વખત બાદ નોર્મલ થયા.
૪. ધબકારા નોર્મલ થયા બાદનું કાર્ય.
૫. ધબકારા વધ્યા એ પહેલાની મનની સ્થિતિ, મન અસ્વસ્થ થવાનું કારણ, સ્ટ્રેસનું કારણ.

ઉપરોક્ત નોંધથી જાણી શકાય છે કે ધબકારા ક્યાં, ક્યારે વધે છે તથા ધબકારા વધવાનું મનનું કારણ કયું છે. કાઉન્સેલિંગ માટે તથા કોગ્નિટીવ બિહેવિયર થેરાપી માટે આ ખૂબ જ મહત્ત્વનું છે.

**(ક) દવાઓ :**

પેનિક પ્રતિરોધક દવાઓ છેલ્લા પેનિકના હુમલા બાદ દર્દીએ એક વર્ષ ચાલુ રાખવી જરૂરી છે. નહિં તો પેનિક ડીસઓર્ડરની બીમારી ઉથલો મારે છે.

૭૦થી ૭૫% પેનિક ડીસઓર્ડરની બીમારી જોડે ડિપ્રેશનની બીમારી પણ સાથે હોય છે. આ ડિપ્રેશનની બીમારીની યોગ્ય સારવાર કરવી જરૂરી છે.

દર્દીને જ્યારે પણ લાગે કે હૃદયના ધબકારા વધવાની શક્યતા છે કે તરત જ પેનિક પ્રતિરોધક દવા જીભ પર રાખવી જોઈએ. આથી પેનિક એટેક ટાળી શકાય છે. દર્દીનો આત્મવિશ્વાસ વધે છે. એકલા મુસાફરી કરવામાં ડર લાગતો નથી.

**(ડ) માનસિક શિથિલતા (Mental Relaxation) :**

માનસિક શિથિલતા મેળવવા માટે સક્રિય પ્રયાસ દર્દીએ કરવો જોઈએ. રોજિંદા કાર્યમાં આ માટે સમય ફાળવવો અગત્યનો છે. યોગ, મેડિટેશન, ધ્યાન વગેરે માનસિક શિથિલતા મેળવવાની પદ્ધતિઓ છે. કોઈપણ એક પદ્ધતિ નિયમિત રીતે, દરરોજ એકચિત્તે થવી જોઈએ. મોર્નિંગ વૉક, કસરત, તરવાનું વગેરેથી પણ શારીરિક તથા માનસિક તંદુરસ્તી જળવાઈ રહે છે.

**(ઇ) કોગ્નિટીવ બિહેવિયર થેરાપી તથા કાઉન્સેલિંગ (વલણ, વિચારો, વર્તણુંક, અપેક્ષામાં જરૂરી બદલાવ) :**

દર્દીના વ્યક્તિત્વ, વલણ, લાગણીશીલતા, અપેક્ષિત વિચારો પર ધ્યાન કેન્દ્રિત કરી, સમભાવપૂર્વક (Empathy) વર્તમાન સમયની સમસ્યાઓના નિરાકરણ માટે નિખાલસપૂર્વક ચર્ચા કરવામાં આવે છે.

બનેલા પ્રસંગો તથા દર્દીની એ પ્રસંગો પ્રત્યેની પ્રતિક્રિયા (Emotional Reaction)નું પૃથ્થકરણ કરવામાં આવે છે. હકીકતનો સ્વીકાર નકારાત્મક લાગણી કે પ્રતિક્રિયા વગર સમભાવથી (Neutral feelings) કરવો એ બાબત ચર્ચા કરવામાં આવે છે. પરસ્પરના સંબંધો, અપેક્ષાઓ વિશે તટસ્થપણે ચર્ચા કરાય છે. સમસ્યાનો હલ અલગ અલગ પદ્ધતિથી કેવી રીતે થઈ શકે અને તત્કાલીન સંજોગો તથા પરિસ્થિતિમાં યોગ્ય નિર્ણયો લેવામાં મનોચિકિત્સક દર્દીને મદદ કરે છે (મનોચિકિત્સક દર્દીને માટે થઇ નિર્ણયો કરતા નથી). નિર્ણયો કર્યા બાદ એને અમલમાં મૂકવા માટેની પદ્ધતિઓ વિશે ચર્ચા કરવામાં આવે છે. સકારાત્મક વિચારો, સકારાત્મક લાગણી અપનાવી, સકારાત્મક નિર્ણયો અમલમાં લાવી, સકારાત્મક પરિણામ લાવી શકાય છે.

ઉપરોક્ત પદ્ધતિઓથી માનસિક શાંતિ મળે છે તથા પેનિક ડીસઓર્ડર રોગ પર કાબૂ મેળવાય છે તથા રોગની ઉથલો મારવાની શક્યતા નહિવત થાય છે.

- **સારાંશ :**

૧. હૃદયના ધબકારા વારંવાર વધી જવા એ પેનિક ડીસઓર્ડરની બીમારી છે.

૨. વિશ્વ આરોગ્ય સંસ્થાએ આવા વારંવારના હૃદયના ધબકારા વધી જવાની બીમારીને તનાવજનક માનસિક બીમારીમાં વર્ગીકરણ કર્યું છે.

૩. વૈદ્યકીય તપાસ તથા લેબોરેટરી તપાસ નોર્મલ હોય ત્યારે મનોચિકિત્સકનો અભિપ્રાય લેવો અગત્યનો છે.

૪. યોગ્ય નિદાન તથા યોગ્ય સારવાર આવા કિસ્સામાં મનોચિકિત્સક પાસે કરાવવી જરૂરી છે.

*(સંપૂર્ણ)*

## શ્રી નૌતમભાઈ વકીલને ખૂબ ખૂબ અભિનંદન

***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ઓડિટર શ્રી નૌતમભાઈ વકીલને સહધાર્મિક સેવા બદલ વર્ષ ૨૦૨૨ના "ગુજરાતી ગૌરવ રત્ન" એવોર્ડથી સન્માનિત કરવામાં આવેલ છે. આ ગૌરવ માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તેમને અભિનંદન પાઠવે છે.***

## "ગુજરાત ગૌરવ રત્ન"કારનો પરિચય

શ્રી નૌતમભાઈ વકીલ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તરીકે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદમાં વર્ષોથી સેવા આપી રહ્યા છે. શ્રી નૌતમભાઈ મૂળ તો પ્રોફેસર, પણ સાથોસાથ જૈન ફિલોસોફીના અઠંગ અભ્યાસી. સાથોસાથ શ્રાવક જીવન જીવવાનો પાક્કો મનસુબો. આથી નોકરી છોડીને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની પ્રેક્ટિસ ચાલુ કરી.

શ્રી નૌતમભાઈએ જૈન ફિલોસોફીના અભ્યાસી હોવાથી પોતાના અભ્યાસના માધ્યમથી દેશ-વિદેશમાં જૈન ફિલોસોફીના પ્રસારણ માટે દેશ વિદેશમાં વ્યાખ્યાનમાળાનું આયોજન કરી જૈન ધર્મનો પ્રચાર કર્યો.

શ્રી નૌતમભાઈ આધ્યાત્મિક ચિંતનમાં પણ રસ રૂચિ અને અભ્યાસ અને તેમના વિચારોને પ્રગટ કરવા માટે 'મનને શાંતિ' જેવા આધ્યાત્મિક વિચારોને પ્રગટ કરતા પુસ્તકનું પ્રકાશન કરેલ. આ પુસ્તકને અમેરિકા સિટીઝન દ્વારા સ્પોન્સર કરવામાં આવેલ છે અને એનું વિમોચન ગવર્નરશ્રીએ કરેલ હતું.

શ્રી નૌતમભાઈ ધાર્મિક - માર્મિક આધ્યાત્મિક વિષયો પરત્વેના પોતાના અભ્યાસલક્ષી વિચારોનું પ્રસારણ ટી.વી. ઉપર તેમજ સી.ડી.ના માધ્યમથી લોકભોગ્ય બન્યા છે.

આ ઉપરાંત તેમણે બોધકથા પણ પ્રકાશિત કરેલ છે. જેનું વિમોચન પૂર્વ મુખ્યમંત્રી શ્રી રૂપાણીએ કરેલ હતું.

વ્યવસાયે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ હોવાથી તેમણે ચેરીટેબલ ટ્રસ્ટના માર્ગદર્શન માટે પણ પુસ્તકનું નિર્માણ કરેલ છે.

આવા સહધર્મી, અભ્યાસુ અને જૈન ધર્મના પ્રચારકને સાધર્મિક સેવા બદલ વર્ષ ૨૦૨૨નો "ગુજરાત ગૌરવ રત્ન" એવોર્ડથી સન્માનિત કરવામાં આવેલ છે.

## "મંગલ મંદિર" – જુલાઈ ૨૦૨૨ અંક

***"અષાઢી બીજ" – કચ્છીઓનો માનીતો ઉત્સવ અને તહેવાર નિમિત્તે 'મંગલ મંદિર'ના આગામી અંકમાં અષાઢી બીજને લગતા – વિષયક લેખો આવકાર્ય છે.***

***– તંત્રી***

# શ્રી મહાવીર જૈન વિદ્યાલય

## જૈન વિદ્યાર્થીઓને ઉત્તમ કક્ષાની સેવા આપતી સંસ્થા

જ્ઞાન ઉપાર્જન, સંસ્કાર વારસો અને કેળવણીના પ્રસારને વરેલી શ્રી મહાવીર જૈન વિદ્યાલય મૂલ્યનિષ્ઠ સંસ્થા છે.

ઈ.સ. ૧૯૧૫-૧૯૧૬ના શૈક્ષણિક વર્ષમાં "શ્રી મહાવીર જૈન વિદ્યાલય"ની ખરેખર શરૂઆત થઈ. ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓને સગવડ આપવા, ભાયખલા લવલેન તારા બાગમાં જગ્યા ભાડે લઈને હોસ્ટેલ શરૂ કરવામાં આવી. ૧૫ વિદ્યાર્થીઓથી શરૂ થયેલી અને અનેક સ્વપ્ના સેવતી આ સંસ્થાનો પ્રારંભકાળ ઘણો વિકટ હતો. પણ તેના આદ્યપ્રેરક પ.પૂ. વલ્લભ વિજયજી મ.સા. અને તેમની આ વિકાસવાંચ્છુ સંસ્થાને સાકાર રૂપ આપનારા સૌ શ્રેષ્ઠીઓ અને કર્મઠ આગેવાનો ધીરજપૂર્વક આ નવી કેડી કંડારવામાં મથ્યા રહેનાર હતા.

ભવિષ્યને માટે જે આશા પ્રારંભથી સેવવામાં આવી હતી, તે આશાને ફળીભૂત કરતાં આજે વિદ્યાલયની ૧૨ શાખાઓ જુદા જુદા સ્થળે ચાલે છે અને ૧૫ વિદ્યાર્થીઓથી શરૂ થયેલ આ સંસ્થામાં આજે પંદરસોથી પણ વધુ વિદ્યાર્થીઓ પ્રતિવર્ષ સીધો લાભ લે છે. વિદ્યાર્થીઓને રહેવા માટે લોન સેવા ઉપલબ્ધ છે. એ રીતે ઉચ્ચ અભ્યાસ માટે તથા વિદેશ ભણવા જનાર વિદ્યાર્થીઓને પણ આર્થિક સહાય પ્રાપ્ત થાય છે.


હાલમાં મુંબઈમાં બે હોસ્ટેલ, અમદાવાદમાં બોયઝ અને ગર્લ હોસ્ટેલ, વડોદરામાં બોયઝ અને ગર્લ હોસ્ટેલ, વલ્લભ વિદ્યાનગરમાં બોયઝ અને ગર્લ હોસ્ટેલ, ભાવનગરમાં બોયઝ હોસ્ટેલ, પૂનામાં બોયઝ અને ગર્લ હોસ્ટેલ અને ઉદયપુરમાં બોયઝ હોસ્ટેલ – એમ કુલ ૧૨ હોસ્ટેલ કાર્યરત છે. ઉપરાંત વડોદરામાં મેનેજમેન્ટ કોલેજ પણ ઈ.સ. ૨૦૦૯થી કાર્યરત છે.

અમદાવાદની ૧૯૪૬માં બનેલી શેઠ શ્રી ભોળાભાઈ જેસીંગભાઈ દલાલ વિદ્યાર્થીગૃહના મકાનોને સમય જતાં કાળની અસર થતાં ઈ.સ. ૨૦૧૭-૧૮ના વર્ષમાં તેને જમીનદોસ્ત કરીને નવા મકાનનું ખાતમુહૂર્ત કરીને તેના નિર્માણનું કામ શરૂ કર્યું. જેનું ઉદ્‌ઘાટન જાન્યુઆરી ૨૦૨૦માં ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે થવા પામ્યું.

આ નવા મકાનનું બાંધકામ ૧,૨૦,૦૦૦ સ્કે. ફૂટમાં થયું. બેઝમેન્ટમાં ૨૫,૦૦૦ સ્કે. ફૂટમાં પાર્કિંગની સુવિધા ઉપર ગ્રાઉન્ડ ફલોર અને સાત માળનું નિર્માણ કરવામાં આવેલ છે. આ નવનિર્મિત ભવનમાં વિદ્યાર્થીઓને રહેવા માટે ૧૨૦ રૂમ અને



શ્રી મહાવીર જૈન વિદ્યાલય – હોસ્ટેલ



હોસ્ટેલનો રૂમ



ઓડિટોરિયમ

દરેક રૂમમાં ત્રણ વિદ્યાર્થીઓ એટલે કુલ ૩૬૦ વિદ્યાર્થીઓનો સમાવેશ કરી શકાય છે. દરેક વિદ્યાર્થીને સ્ટડી ટેબલ, વોર્ડ રોબ, પલંગની સુવિધા, ૨૦૦ વિદ્યાર્થીઓ એક સાથે જમી શકે તેવી ભોજનશાળા, અદ્યતન કિચન, જીમ અને ઈન્ડોર ગેઈમ્સના અલગ ખંડ. વિદ્યાર્થીઓની ઈતર પ્રવૃત્તિઓ તથા વ્યાખ્યાન માટે ૨૦૦ વિદ્યાર્થીઓનો સમાવેશ કરી શકાય તેવું એર કંડિશન્ડ ઓડિટોરિયમ – આ બધી સુવિધાઓ તેમાં સમાવિષ્ટ છે. ધાર્મિક અભ્યાસ માટે પાઠશાળાની વ્યવસ્થા કરવામાં આવી છે. વિદ્યાલયના હાલના પ્રમુખ શ્રી સુધીરભાઈ યુ. મહેતા પરિવારે ઉદારભાવના સાથે સંપૂર્ણ નામકરણ માટે રૂપિયા ૨૫ કરોડની માતબર રકમની ઓફર કરી. જે સ્વીકારીને આ નવા વિદ્યાર્થીગૃહનું નામ "શ્રી યુ.એન. મહેતા વિદ્યાર્થીગૃહ" કરવામાં આવ્યું છે અને તેના પ્રાંગણમાં ટોરેન્ટ પરિવારના સહયોગથી નૂતન દેરાસરનું નિર્માણ કરવામાં આવ્યું છે.

અમદાવાદમાં સ્થાનિક કમિટીના માર્ગદર્શક સંસ્થાના ઓનરરી સેક્રેટરી મા. હસમુખભાઈ ગઢેચાની આગેવાની નીચે સ્થાનિક કમિટીના સેક્રેટરી મા. કેતનભાઈ શાહ, સંસ્થાના ટ્રસ્ટી શ્રીમતી અનિતાબેન મહેતા, મા. ડૉ. હસમુખભાઈ શાહ, મા. કલ્પેશભાઈ શાહ, મા. મુકેશભાઈ પટેલ, મા. સૂર્યકાંતભાઈ શાહ તથા મા. પંકજભાઈ શાહ જેવા એ પોતાનો કિંમતી સમય સંસ્થાને આપી ૧૦૦ જેટલી મીટિંગો યોજી, એક નમૂનેદાર હોસ્ટેલ જૈન સમાજના વિદ્યાર્થીઓના ઘડતર માટે નિર્માણ કરેલ છે.

વડોદરાની બોયઝ હોસ્ટેલ પણ અમદાવાદની જેમ નવી બનાવી ૨૦૨૨થી શરૂ થયેલ છે. ભાવનગરમાં નવી હોસ્ટેલ બનાવવાનું કાર્ય ચાલુ છે. પૂના ખાતે પણ નવી બોયઝ હોસ્ટેલ બનાવવાના પ્લાન બની ગયેલ છે. સુરત ખાતે નવો પ્લોટ ખરીદી લીધેલ છે અને ગર્લ્સ હોસ્ટેલ બનાવવાના પ્લાન તૈયાર છે.

ઉપરોક્ત વિવિધ આયામો સાથે શ્રી મહાવીર જૈન વિદ્યાલયનો ક્રમિક વિકાસ થતો રહ્યો છે. વર્તમાન મેનેજમેન્ટની દીર્ઘદૃષ્ટિ અને આવનારા સમયની વિવિધ માંગ અને ચેલેન્જને અનુરૂપ દરેક પાસાને જોઈ વિચારી મેનેજમેન્ટ શ્રી મહાવીર જૈન વિદ્યાલયના વિવિધ સુધારા અને સુવિધા કરી રહી છે.

મેનેજમેન્ટ, શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં રહેવા આવનાર વિદ્યાર્થીના સર્વાંગીણ વિકાસ માટે તત્પર છે. વિદ્યાર્થીમાં સુષુપ્ત રીતે પડેલી શક્તિઓને સાર્થક કરવા, તેના ઉર્ધ્વગામી વિકાસ કરવા સતત પ્રયત્નશીલ છે. આજનો આ વિદ્યાર્થી નજીકના ભવિષ્યમાં સ્વ વિકાસની સાથોસાથ સમાજ અને રાષ્ટ્રની ઉન્નતિ માટે પ્રગતિ કરે તેવી શુભેચ્છા મેનેજમેન્ટ રાખતું હોય છે. મેનેજમેન્ટની આ ઉચ્ચ ભાવનાથી શ્રી મહાવીર જૈન વિદ્યાલય ઉત્તરોત્તર પ્રગતિના સોપાન સર કરતી જાય છે.

*પ્રેષક : અશ્વિન હીરજી સાવલા - અમદાવાદ*
*મો. ૯૮૨૫૯ ૩૮૭૭૧*

## મૃત્યુ પછી ૫ વસ્તુ જીવાત્માની સાથે જાય છે

**(અનુસંધાન : પાના નં. – ૪૦ ઉપરથી ચાલુ)**

એટલે કે મનુષ્ય શરીર ચાલ્યું જશે. આ માટે દરેક માનવે સાવધાન રહેવાનું છે. સૃષ્ટિનું સૌંદર્ય ક્ષણિક છે, ખરાબ છે, નશ્વર છે એવું ફક્ત બોલીને નહીં ચાલે. એ હકીકત નથી. સૃષ્ટિ સુંદર છે એ હકીકત છે. તેને ખરાબ ઠરાવીને ભાગવું એ પલાયનવાદ છે. જીવનની દૃષ્ટિ બદલવી જોઈએ અને આ કામ ભક્તિથી જ સંભવ છે. ફક્ત વાસનાપૂર્તિ માટે જ માનવ શરીર મળ્યું નથી. ક્ષુદ્ર પુરુષોની સેવા કરવાથી કંઈ મળતું નથી. મનુષ્ય શરીરથી ચડિયાતું અન્ય કોઈ શરીર નથી. આવો દેવદુર્લભ દેહ મળ્યા પછી પણ જે વાસનાના કાદવમાં રગદોળાયા કરે છે, તેને માત્ર દેહ જ મળ્યો છે એમ માનવું જોઈએ. અતૃપ્ત વાસનાઓ, એ પુનઃજન્મનું કારણ છે. મૃત્યુથી ભૌતિક શરીર નાશ પામે છે પરંતુ સૂક્ષ્મ સંસ્કારો ટકી રહે છે. એ સંસ્કારો જ પુનઃજન્મનું કારણ બને છે. સૂક્ષ્મ શરીર અકબંધ રહે છે. જીવ પ્રારબ્ધ કર્મ અનુસાર સૂક્ષ્મ શરીર દ્વારા નવો જન્મ પામે છે.

**૩. કર્મ :**

અમારા દ્વારા કરવામાં આવેલ સારા અને ખરાબ કર્મોની પુંજી મૃત્યુ બાદ અમારી સાથે જાય છે. જેનો હિસાબ કરીને જીવાત્માનો આગલો જન્મ નક્કી થાય છે. જન્મ - જન્માંતરના કર્મોની વાસના ભરેલી પડી છે. તેથી હંમેશાં સત્કર્મો કરવાની ચેષ્ટા કરવી જોઈએ. તમામ પ્રાણીઓમાં પ્રભુ પરમાત્માનો વાસ છે. આવો નિશ્ચય કરીને તમામની સેવા કરવાથી શરીર પવિત્ર બની જાય છે. દાન આપવાથી ધન પવિત્ર બની જાય છે અને પ્રભુ પરમાત્માનું ભજન કરવાથી અંતઃકરણ નિર્મળ બની જાય છે. કર્તાભાવનો ત્યાગ કરીને કરવામાં આવેલ કર્મ જ સાચો આનંદ આપે છે.

**૪. કરજ :**

મનુષ્યે પોતાના જીવન દરમિયાન બીજાઓ પાસેથી લીધેલ ઋણ જીવતા જીવ ચૂકવી દેવું જોઈએ કે જેથી મૃત્યુ બાદ આલોકનું દેવું સાથે લઈને જવું ના પડે.

**૫. પુણ્ય :**

અમારા દ્વારા કરવામાં આવેલ દાન, દક્ષિણા તથા પરમાર્થના કરેલા કાર્યોથી જમા થયેલ પુણ્ય, એ અમારી મૂડી છે. ેટલે દરેક સમયે અમારે અમારા સામર્થ્ય અનુસાર પરોપકારના કાર્યો કરવા જોઈએ. મનુષ્ય જન્મ કરોડો જન્મના પુણ્ય કર્મોનું ફળ છે. આ જન્મમાં પ્રભુ પરમાત્માને જાણવા એ મનુષ્યનું પરમ કર્તવ્ય છે. જીવમાત્રને દુઃખ આપવું એ પાપ છે. પુણ્ય અને પાપના પરિણામથી જગત ચાલી રહ્યું છે.

*નવી વાડી, તા. શહેરા, જિ. પંચમહાલ.*
*મો. ૯૭૨૬૧ ૬૬૦૭૫*

CUT FROM HERE

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## વર્ષ ૨૦૨૨માં બાળવર્ગથી ધોરણ-૯ સુધીના પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલાઓનું માહિતી પત્રક

**(નોંધ : ફોર્મ ભરતાં પહેલાં પાછળની સૂચનાઓ અવશ્ય વાંચી જવી)**

નોંધણી ક્રમાંક
**A –**

તા. :

વાલીનું પૂરું નામ અને અટક ______________________________

(વાલીનું નામ) (દાદાનું નામ) (અટક)

પત્રવ્યવહારનું પૂરું સરનામું ______________________________

______________________________ પીન ____________

૨૦૧૨ના વસતિ પત્રક મુજબ પરિવાર ક્રમાંક : __________ ફોન : ______________ મોબાઈલ : ______________

કચ્છમાં ગામ ______________ તાલુકો ______________

તા. – – ૨૦૨૨ વાલીની સહી ______________

| ક્રમ | વિદ્યાર્થીનું નામ – પિતા – દાદા – અટક | વય | ઉત્તીર્ણ કરેલું ધોરણ | કયા ધોરણમાં આવ્યા | મેળવેલ માર્ક | કુલ માર્ક | કુલ ટકા | પરીક્ષા પાસ કરી હોય તે શાળાનું નામ અને સ્થળ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |

★ પુરસ્કારપાત્ર વિદ્યાર્થીના વાલીઓને વિનંતી કે તેઓના પુરસ્કાર સ્વામિવાત્સલ્યના દિવસે જ મેળવી લેવા. પછીથી ક્ષમા.

★ ઉપરોક્ત ફોર્મમાં દરેક વિગત સારી અને સંપૂર્ણ રીતે લખીને મોકલવી.

*(નામ વધુ હોય તો બીજું પાનું જોડવું)*

**ફોર્મ ભરીને મોકલવાની છેલ્લી તારીખ : ૧૦-૮-૨૦૨૨**

# સૂચનાઓ

(૧) આ પુરસ્કાર યોજના આ સમાજ હેઠળ આવરાયેલા અમદાવાદ - ગાંધીનગર અને તેની આજુબાજુના વિસ્તારોમાં વસવાટ કરનાર કચ્છી જૈન પરિવારોના અભ્યાસ કરતા બાળકો માટે છે.

(૨) ફોર્મમાં માગ્યા પ્રમાણેની પૂરી વિગતો સ્પષ્ટ વંચાય તે રીતે ગુજરાતી ભાષામાં સારા અક્ષરે ભરવી. નામો ટૂંકાક્ષરી ન લખતાં પૂરેપૂરાં લખવાં. ભરેલું ફોર્મ **તા. ૧૦-૮-૨૦૨૨** સુધીમાં મળી જાય તે રીતે આ સરનામે મોકલવું. **પુરસ્કાર સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ, શ્રી કચ્છી જૈન ભવન, નવચેતન હાઈસ્કૂલ સામે, પાલડી - એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦૦૦૬.** અન્યત્ર મોકલાયેલાં ફોર્મની કે ટપાલમાં મોડાં કે ટપાલમાં ગેરવલ્લે ગયેલાં ફોર્મની જવાબદારી સ્વીકારાશે નહી. પરબીડિયા પર યોગ્ય મૂલ્યની ટિકિટો (ટપાલના નવા દર પ્રમાણે) લગાડવી. દંડ થયેલી ટપાલ સ્વીકારાતી નથી.

(૩) ધોરણ ૫ થી ધોરણ ૯ માં પાસ થનાર દરેક વિદ્યાર્થીઓએ પોતાની માર્કશીટની અધિકૃત નકલ મોકલવાની રહેશે.

(૪) **પોતાનું ફોર્મ સમાજને મળી ગયું છે કે કેમ તે નિશ્ચિત કરવા ઈચ્છનારે પોતાના સરનામાવાળું પોસ્ટકાર્ડ (પૂરતી સ્ટેમ્પવાળું) સાથે બીડવું, જેના પર ફોર્મ મળી ગયાની પહોંચ અત્રેથી મોકલી આપવામાં આવશે. સંસ્થાની ઓફિસે રૂબરૂ ફોર્મ આપી જનારે પોતાના ફોર્મનો નોંધણી ક્રમાંક મેળવી લેવો.**

(૫) ફોર્મ તા. ૧૦-૮-૨૦૨૨ સુધી જ સ્વીકારવામાં આવશે.

***પંકજ મેઘજી ગોગરી,*** *કન્વીનર - પુરસ્કાર સમિતિ*

CUT FROM HERE

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## વર્ષ ૨૦૨૨માં ધોરણ-૧૦ અને તેનાથી ઉપરના વર્ગની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલાઓનું માહિતી પત્રક

**(નોંધ : ફોર્મ ભરતાં પહેલાં પાછળની સૂચનાઓ અવશ્ય વાંચી જવી)**

નોંધણી ક્રમાંક
**B –**

તા. :

વાલીનું પૂરું નામ અને અટક ____________________

(વાલીનું નામ) (દાદાનું નામ) (અટક)

પત્રવ્યવહારનું પૂરું સરનામું ____________________

____________________ પીન ________

૨૦૧૨ના વસતિ પત્રક મુજબ પરિવાર ક્રમાંક : ________ ફોન : ________ મોબાઈલ : ________

કચ્છમાં ગામ ________ તાલુકો ________

તા. – – ૨૦૨૨ વાલીની સહી ________

| ક્રમ | વિદ્યાર્થીનું નામ – પિતા – દાદા – અટક | વય | ઉત્તીર્ણ કરેલું ધોરણ | કયા ધોરણમાં આવ્યા | મેળવેલ માર્ક | કુલ માર્ક | કુલ ટકા | પરીક્ષા પાસ કરી હોય તે શાળા/કોલેજનું નામ અને સ્થળ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| | | | | | | | | |
| E-mail : | | | | | | | | |
| | | | | | | | | |
| E-mail : | | | | | | | | |
| | | | | | | | | |
| E-mail : | | | | | | | | |

**★ પુરસ્કારપાત્ર વિદ્યાર્થીના વાલીઓને વિનંતી કે તેઓના પુરસ્કાર સરસ્વતી સન્માનના દિવસે જ મેળવી લેવા. પછીથી ક્ષમા. ★ ઉપરોક્ત ફોર્મમાં દરેક વિગત સારી અને સંપૂર્ણ રીતે લખીને - જરૂરી માર્કશીટની ફોટો નકલ સાથે મોકલાવશો. અન્યથા તે ફોર્મ રદબાત્તલ થશે.**

*(નામ વધુ હોય તો બીજું પાનું જોડવું)*

**ફોર્મ ભરીને મોકલવાની છેલ્લી તારીખ : ૧૦-૮-૨૦૨૨**

# સૂચનાઓ

(૧) આ પુરસ્કાર યોજના આ સમાજ હેઠળ આવરાયેલા અમદાવાદ - ગાંધીનગર અને તેની આજુબાજુના વિસ્તારોમાં વસવાટ કરનાર કચ્છી જૈન પરિવારોના અભ્યાસ કરતા બાળકો માટે છે.

(૨) ફોર્મમાં માગ્યા પ્રમાણેની પૂરી વિગતો સ્પષ્ટ વંચાય તે રીતે ગુજરાતી ભાષામાં સારા અક્ષરે ભરવી. નામો ટૂંકાક્ષરી ન લખતાં પૂરેપૂરાં લખવાં. ભરેલું ફોર્મ **તા. ૧૦-૦૮-૨૦૨૨** સુધીમાં મળી જાય તે રીતે આ સરનામે મોકલવું. **પુરસ્કાર સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ, શ્રી કચ્છી જૈન ભવન, નવચેતન હાઈસ્કૂલ સામે, પાલડી - એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦૦૦૬.** અન્યત્ર મોકલાયેલાં ફોર્મની કે ટપાલમાં મોડાં કે ટપાલમાં ગેરવલ્લે ગયેલાં ફોર્મની જવાબદારી સ્વીકારાશે નહી. પરબિડિયા પર યોગ્ય મૂલ્યની ટિકિટો (ટપાલના નવા દર પ્રમાણે) લગાડવી. દંડ થયેલી ટપાલ સ્વીકારાતી નથી.

(૩) ધોરણ-૧૦થી ઉપરના વર્ગના દરેક વિદ્યાર્થીએ ફોર્મની સાથે ગુણ પત્રકની અધિકૃત નકલ જોડવી ફરજિયાત છે. **જે વિદ્યાર્થીઓના ગુણપત્રક પછીથી આવવાના હોય તેમણે તેની નોંધ ફોર્મમાં જરૂરથી લખવી.**

(૪) ફોર્મ તા. ૧૦-૦૮-૨૦૨૨ સુધી જ સ્વીકારવામાં આવશે.

(૫) શૈક્ષણિક ક્ષેત્રે કોઈપણ વિશિષ્ટતા મેળવનાર વિદ્યાર્થીઓના ફોર્મ સાથે આવી વિશિષ્ટતાના અધિકૃત પુરાવા (વર્તમાન પત્રમાંના ઉલ્લેખો વગેરે)ની અધિકૃત નકલો સાથે અલગ કાગળ પર ઉલ્લેખ કરવો.

(૬) નીચેની વિગતો અનુસાર ચાલુ વર્ષે ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓ પુરસ્કારને પાત્ર છે.

(ક) ધોરણ-૧૦ અને તેથી ઉપરના વર્ગના દરેક વિદ્યાર્થીએ ફોર્મની સાથે ગુણપત્રકની અધિકૃત નકલ જોડવી ફરજિયાત છે.

(ખ) (i) ધો. ૧૦થી પૂર્વસ્નાતક **(Under graduate)** સુધીના તેમજ સર્ટિફિકેટ, ડિપ્લોમા કે તેમના સમકક્ષ વર્ગની પરીક્ષામાં **૬૦.૦ ટકા ગુણ** કે તેથી વધુ ગુણ મેળવી ઉત્તીર્ણ થનાર દરેક વિદ્યાર્થી પુરસ્કારને પાત્ર છે. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીના GUJCET નું પરિણામ જરૂરથી બીડવું.

(ii) સ્નાતક **(Graduate)** (કોલેજના ત્રીજા વર્ષમાં) વર્ગની પરીક્ષામાં **૫૦.૦ ટકા** કે તેથી વધુ ગુણ મેળવી ઉત્તીર્ણ થનાર દરેક વિદ્યાર્થી પુરસ્કારને પાત્ર છે.

(iii) અનુસ્નાતક **(Post Graduate)** વર્ગની પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર **દરેક વિદ્યાર્થી** પુરસ્કાર પાત્ર છે. આવા વિદ્યાર્થીઓનાં ગુણપત્રકની અધિકૃત નકલો ફોર્મ સાથે બીડવી જરૂરી છે.

(૭) **પોતાનું ફોર્મ સમાજને મળી ગયું છે કે કેમ તે નિશ્ચિત કરવા ઈચ્છનારે પોતાના સરનામાવાળું પોસ્ટકાર્ડ (પૂરતી સ્ટેમ્પવાળું) સાથે બીડવું, જેના પર ફોર્મ મળી ગયાની પહોંચ અત્રેથી મોકલી આપવામાં આવશે. સંસ્થાની ઓફિસે રૂબરૂ ફોર્મ આપી જનારે પોતાના ફોર્મનો નોંધણી ક્રમાંક મેળવી લેવો.**

***પંકજ મેઘજી ગોગરી,*** *કન્વીનર - પુરસ્કાર સમિતિ*

# દેશનું મઢડા ગામ સ્થિત સૌથી પ્રાચીન ભારતમાતાનું મંદિર શતાબ્દી ઉજવવા જઈ રહ્યું છે

***સમાજસેવાને વરેલા જૈન શ્રેષ્ઠીએ સો ટચના સોના જેવા રાષ્ટ્રપ્રેમને કારણે અંગ્રેજ શાસન દરમિયાન આ નાનકડું મંદિર બનાવ્યું હતું. ગાંધીજીએ પણ જેની મુલાકાત લીધી હતી એવું આ મંદિર આવતા વર્ષે ૧૦૦ વર્ષ પૂરા કરશે.***

દેશમાં આઝાદીનો અમૃત મહોત્સવ ઊજવાઈ રહ્યો છે. ભારતમાતાનો જય જયકાર સંભળાઈ રહ્યો છે. એ વખતે કોઇકને એક સવાલ જરૂર થાય : "દેશમાં ભારતમાતાનાં મંદિર કેટલાં અને ક્યાં ક્યાં?"

છેલ્લા ૧૫ વર્ષમાં ભારતમાતાના નાના-મોટાં મંદિરો અને અનેક નમન સ્થળ બન્યા છે. એટલે નિશ્ચિત આંકડો આપવો મુશ્કેલ લાગે, પણ અહીં વાત આ બધાથી ઘણા જૂના અને છતાં અજાણ્યા એવા મંદિરની કરવી છે. આ એવું મંદિર છે, જ્યાં હજી ઝાઝા પ્રવાસીઓ પહોંચ્યા નથી કે એની કોઈ વિશેષ નોંધ પણ લેવાઈ નથી.

પુસ્તકો કે ગૂગલનું સર્ચ એન્જિન ફંફોસીએ તો ભારતમાતાનું સૌથી જૂનું મંદિર વારાણસીનું હોવાની માહિતી મળે. પરંતુ ધ્યાન પર ન આવેલા ઇતિહાસના આ પ્રકરણ પર નજર કરીએ તો કાશીના એ મંદિરના ઉદ્‌ઘાટનના પણ દસ વર્ષ પહેલાં ગાંધીજી ભારતમાતાના ઔર એક મંદિરે આવી ચૂક્યાનું નોંધાયેલું છે.

ભાવનગર જિલ્લાના સિહોરથી ૧૪ કિ.મી. અને સોનગઢ - પાલીતાણા રોડ પર મોખડકાથી પાંચ કિ.મી. અંદરની બાજુ આવેલા મઢડા ગામમાં છે દેશનું આ સૌથી જૂનું ભારતમાતાનું મંદિર. ૧૯૨૩માં સ્થાપિત થયેલું આ મંદિર દેશનું પ્રથમ ભારતમાતાનું મંદિર છે અને એનો ઇતિહાસ પણ રસપ્રદ છે.

આ મંદિરની સ્થાપના કચ્છી જૈન સમાજ સુધારક શ્રેષ્ઠી શિવજી દેવશી શાહે કરી હતી. ૧૦૦થી વધુ પુસ્તકો લખનારા આ શિવજીભાઈ સમયાંતરે કચ્છથી મુંબઇ અને ત્યાંથી પાલીતાણા અને ત્યારબાદ આ મઢડા ગામે સ્થાયી થયેલા. એ સમાજસેવા અને રાષ્ટ્રપ્રેમને વરેલા અને એટલે જ પાલીતાણામાં બોર્ડિંગ, જૈન વિધવાશ્રમ, પુસ્તક પ્રકાશનગૃહ સહિતની સંસ્થા એમણે ઊભી કરી હતી. મઢડામાં પણ સેવાશ્રમ ઉદ્યોગ, લાલન નિકેતન, યોગાશ્રમ સાહિત્ય મંદિર અને ભક્તિ મંદિરની સ્થાપના એમના નામે બોલે છે. એ રીતે કહી શકાય કે ૧૮૮૦માં કચ્છમાં જન્મેલા આ કચ્છી માડુ મઢડા આવી મઢડાવાળા થઈ ગયા હતા.

પોતાના પુસ્તક 'મારા જીવન પ્રસંગો'માં શિવજીભાઈએ ભારતમાતા મંદિર વિશે વાત લખી છે : 'મને ભારત મંદિર બાંધવાનો વિચાર આવ્યો. હિંદમાતાની વિવિધ છબીઓ ભેગી કરી વિવિધ લોકોની સલાહ લઈ એક સુંદર ચિત્ર તૈયાર કર્યું અને એની મૂર્તિ બનાવવાનું નક્કી કર્યું. મૂર્તિ માટે પાંચેક હજાર રૂપિયાની જરૂર હતી. આ માટે જલસો (ચેરીટી શો) ગોઠવ્યો અને ટિકીટો વેચી પૈસા ઊભા કર્યા, તો કેટલીક રકમ મિત્રો પાસેથી ભેગી કરી. આમાંથી મઢડામાં મંદિર બંધાવ્યું. મૂર્તિ જયપુરના આરસ પથ્થરમાંથી ઘડાવી અને પ્રતિષ્ઠા વિધિ ચારિત્ર્યવિજયજી મુનિના હસ્તે કરાવી. મંદિરનું ઉદ્‌ઘાટન જમનાદાસ બજાજના હસ્તે કરાવ્યું હતું...'

આ પુસ્તકમાં મંદિર વિશે અને શિવજીભાઈની રાષ્ટ્રભાવના વિશે પણ વાતો વાંચવા મળે છે. તે સમયનો હિસાબ પણ એમાં રજૂ કરતાં જણાવ્યું છે કે ૬૦૪૧ રૂપિયાનો ખર્ચ બાદ કરતાં બાકી વધેલા ૨૬૩ રૂપિયા અને ૫૦ પૈસા ભારત મંદિરના ચોપડામાં જમા છે. મંદિરની સ્થાપનાની તારીખ અંગે સ્પષ્ટ ઉલ્લેખ આ પુસ્તકમાં મળતો નથી. જો કે શિવજીભાઈના પૌત્ર મહેન્દ્રભાઈ શાહ 'ચિત્રલેખા'ને કહે છે એમ, ૧૯૨૩માં આ મંદિરની સ્થાપના થયેલી. આ ઉપરાંત, શિવજીભાઈના પુસ્તકો અને અન્ય ઘટનાક્રમ પણ મંદિર નિર્માણનું વર્ષ ૧૯૨૩ હોવાનું સૂચવે છે. અર્થાત્ આવતા વર્ષે આ મંદિર ૧૦૦ વર્ષ પૂરા કરશે.

અહીં ભારતમાતાની મૂર્તિ પણ વિશેષ છે. છ ફૂટ ઊંચી અને અખંડ આરસમાંથી બનેલી આ મૂર્તિમાં ભારતમાતાના પગ પાસે અખંડ ભારતનો નકશો જોઈ શકાય છે તો એક હાથમાં પુસ્તક, બીજામાં માળા, ત્રીજામાં ડૂંડાં (કણસલાં - અનાજ) અને ચોથા હાથમાં ખાદી (કાપડ) છે. એનો મતલબ કે શરીર માટે અન્ન અને વસ્ત્ર, આત્મા માટે જ્ઞાન અને ભક્તિનાં પ્રતીક ભારતમાતાના હાથમાં અહીં મૂકવામાં આવ્યા છે!

નોંધનીય વાત એ પણ છે કે મહાત્મા ગાંધીજી પણ આ મંદિરની મુલાકાતે આવી ગયા છે. ભાવનગર ખાતે યોજાયેલી કાઠિયાવાડ પરિષદ સમયે શિવજીભાઈએ બાપુને મઢડા આવવા આમંત્રણ આપેલું અને બાપુએ સોનગઢ, મોખડકા, પાલીતાણા અને મઢડાની

મુલાકાત લીધી પણ હતી. પુસ્તકમાં અને ગાંધીજીના પ્રવાસની યાદીમાં સુદ્ધાં આ ઘટનાનો ઉલ્લેખ જોવા મળે છે. ગાંધીજી સાથે ભાવનગર રાજ્યના દીવાન પ્રભાશંકર પટ્ટણી પણ એ સમયે અહીં આવ્યાનું નોંધાયું છે. ભાવનગરમાં કાઠિયાવાડ પરિષદની સભા ૧૯૨૫ના યોજાયેલી તેમ તવારીખ અને દરબારી ગેઝેટ બોલે છે. એટલે કે એપ્રિલ, ૧૯૨૫માં ગાંધીજી મઢડા આવ્યાનું માની શકાય. લોકો કહે છે કે તા. ૪-૪-૧૯૨૫ના ગાંધીજી અહીં આવેલા. જ્યારે બનારસનું ભારતમાતા મંદિર હજુ વિધિવત્ ખુલ્લું મૂકાયું નહોતું ત્યારે મઢડાના આ મંદિરમાં ભારતમાતા પ્રતિષ્ઠિત થઈ ચૂક્યા હતા અને ખુદ ગાંધીજીએ એની મુલાકાત લઈ લીધી હતી.

આ મંદિરની જાળવણી શિવજીભાઈ શાહનો પરિવાર કરી રહ્યો છે. છએક મહિના પહેલાં જ આ મંદિરનું અને મૂર્તિનું કલરકામ અને સમારકામ કરવામાં આવ્યું છે. જો કે આ મંદિર સુધી કોઈ વાહન પહોંચી શકે એમ નથી અને ચાલતા પહોંચતા પણ બાવળ અને ઝાડીઝાંખરામાંથી પસાર થવું પડે. મંદિરની આજુબાજુ પણ ખંડિયેર અને તૂટેલાં મકાનો જ જોવા મળે છે. અત્યારે ભાવનગરમાં વસતા એમના પૌત્ર-ઉદ્યોગપતિ મહેન્દ્રભાઈ શાહ કહે છે : 'અમારો પરિવાર પાલીતાણા અને મઢડા રહેતો. દાદાએ મઢડામાં ખૂબ સામાજિક કામ કરેલાં. આ ભારતમાતા મંદિર અમારા પરિવારનું છે. દાદાની ઇચ્છા અહીં જે કામો કરવાની હતી એ પૂરા કરવા અને અહીં રાષ્ટ્રીય પર્વોની ઉજવણી થાય એ માટે અમે પરિવારજનો વિચારણા કરી રહ્યા છીએ.'

મઢડાના ગ્રામજનોને પણ આ મંદિર પ્રત્યે લાગણી છે. સરપંચ કેશુભાઈ બારૈયા અને ગામના અગ્રણી જામસંગભાઈ પરમાર કહે છે કે આ મંદિરનો વિકાસ થાય એમ સૌ ઇચ્છે છે. ખુદ ગાંધીબાપુ અહીં આવેલા છે અને દેશભરમાંથી લોકો ભારતમાતાના આ મંદિરે આવે એનાથી વિશેષ શું હોઈ શકે? ગઇ ૧૫ ઓગસ્ટે ગ્રામજનોએ મોખડકા ચોકડીથી આ ભારતમાતા મંદિર સુધી તિરંગાયાત્રા પણ યોજી હતી.

ભુજની આર.આર. લાલન કોલેજના ઇતિહાસ વિભાગનાં નિવૃત્ત વડા ડૉ. નીતા ઠાકરે પોતાના અભ્યાસલેખમાં પણ મઢડાના આ ભારતમાતા મંદિરનો ઉલ્લેખ કર્યો છે અને એમણે એ પણ નોંધ્યું છે કે શિવજીભાઈનાં લખેલાં દેશદાઝનાં ગીતોએ આ સમયગાળા દરમિયાન સમગ્ર દેશમાં ચેતના પૂરી હતી.

ઉપલબ્ધ વિગતો અને પ્રાપ્ય સાધનોના અભ્યાસ મુજબ દેશનું આ સૌથી પહેલું હિંદમાતાનું મંદિર છે. આ મંદિર બનાવનાર કચ્છી જૈન પરિવાર પણ પોતાની રીતે આ મંદિર માટે આગળ આવવા વિચારે છે. જો સરકાર પણ કંઈક વિચારે તો દેશનું આ સૌથી જૂનું ભારતમાતાનું મંદિર માત્ર ગુજરાત જ નહીં, દેશનું પ્રસિદ્ધ સ્થાન બની શકે.

સરકારનાં વિવિધ ગૃહ અને સંકુલમાં ભારતમાતાની પ્રતિમા હોઈ શકે, પરંતુ સરકાર દ્વારા ભારતમાતાનું મંદિર ક્યાંય નથી. ભારત માટે પ્રથમ રાજ્ય આપનારા ભાવનગરના રાજવી મહારાજા કૃષ્ણકુમારસિંહજીને આ મઢડા સાથે સીધો સંબંધ છે. વળી, આ સ્થળ પાલીતાણાની સાવ નજીક છે તો વલ્લભી વિદ્યાપીઠવાળું વલભીપુર પણ પાસે જ છે. નક્કર આયોજન થાય તો એક ટુરિસ્ટ સર્કિટ પણ બની શકે.

## ભારતમાતાના અન્ય ઉપલબ્ધ થયેલ મંદિર

વારાણસીમાં કાશી વિદ્યાપીઠ કેમ્પસમાં આવેલા ભારતમાતા મંદિરમાં મકરાણા માર્બલમાંથી બનેલો અખંડ ભારતનો થ્રી-ડાયમેન્શન નકશો એની વિશેષતા છે. ૧૯૧૮થી ૧૯૨૪ વચ્ચે બનેલા આ મંદિરનું ૧૯૩૬માં ગાંધીજીએ વિધિવત્ ઉદ્ઘાટન કર્યું હતું. આ મંદિર ઉદ્યોગપતિ અને સ્વાતંત્ર્ય સેનાની બાબુ શિવપ્રસાદ ગુપ્તા દ્વારા તૈયાર કરવામાં આવ્યું હતું અને હજી એમનો પરિવાર આ મંદિરની સંભાળ રાખે છે. હરિદ્વારનું છ માળનું ભારતમાતાનું મંદિર પણ લોકપ્રિય છે અને અહીંની લોકલ ટુર સર્કિટમાં પણ એ સામેલ છે. ૨૦૧૭માં કન્યાકુમારીના વિવેકાનંદપુરમમાં ભારતમાતાના મંદિરનું નિર્માણ થયું અને અહીં અભય મુદ્રા સાથેની ભારતમાતાની સુવર્ણ મૂર્તિ છે. ૨૦૧૮માં માધવ સેવા ન્યાસ દ્વારા ઉજ્જૈનમાં બનેલું ભારતમાતાની ૧૬ ફૂટ પ્રતિમા સાથેનું મંદિર પણ પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.

*'કાશી વિદ્યાપીઠ' કેમ્પસના મંદિરમાં કેન્દ્રસ્થાને છે ભારતનો નકશો*

પૌરાણિક મંદિરની વાત કરીએ તો મહારાષ્ટ્રના દેવગીરી એટલે કે દૌલતાબાદના કિલ્લામાં આવેલા પ્રાચીન મંદિરમાં પણ આવેલી એક પ્રતિમા ભારતમાતા હોવાનું મનાય છે. જો કે એ પ્રતિમા ક્યારે સ્થાપિત થઇ એની માહિતી ઉપલબ્ધ નથી.

ભારત એક રાષ્ટ્ર - એક ભૂભાગ એ સંદર્ભ સાથેના ઉલ્લેખ પ્રાચીન ગ્રંથોમાં છે. જ્યારે ભારતમાતાની કલ્પના સ્વતંત્રતા ચળવળ દરમિયાન પ્રચલિત બની અને એને દેવીના સ્વરૂપે અબનીન્દ્રનાથે સૌપ્રથમ ચિત્રમાં રજૂ કર્યા હતા. બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયની પ્રખ્યાત કૃતિ 'આનંદ મઠ'માં વંદે માતરમ્... એ સ્તુતિગાન હતું. રવીન્દ્રનાથ ટાગોરના ભત્રીજા અબનીન્દ્રનાથ ટાગોરે ૧૯૦૫માં આ વર્ણનને પોતાની પીંછી દ્વારા ભારતમાતા તરીકે ચિત્ર સ્વરૂપે રજૂ કર્યા. ચિત્રમાં કેસરી સાડીમાં સજ્જ દેવીને ચાર હાથ સાથે દર્શાવવામાં આવ્યા. એમના ઉપરના હાથ શાસ્ત્રો અને સફેદ કપડાનો ટુકડો ધરાવે છે તો નીચલા હાથમાં ડાંગર અને અક્ષમાલા છે. આ મૂળ ચિત્ર કોલકાતાના વિક્ટોરિયા મેમોરિયલ હોલ મ્યુઝિયમમાં સચવાયેલું છે.

ભારતમાતાનાં કેટલાક મંદિરોમાં મૂર્તિ માટે આ ચિત્રનો સંદર્ભ જ લેવામાં આવે છે.

**સૌજન્ય : "ચિત્રલેખા"**


# કચ્છ રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ દ્વારા આયોજિત સાડત્રીસમો સન્માન ત્રિવેણી સમારોહ

## સંગોષ્ઠિ : ભાષા-રત્ન શ્રી જયંતિભાઈ જોશી ‘શબાબ’

### કચ્છ રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ – અહેવાલ

“સમગ્ર કાર્યક્રમ સાત્ત્વિક શિવના વાઙ્મય સ્વરૂપને સમર્પિત ત્રિદલ - બિલ્વપત્ર જેવો છે. જેમાં સૌથી મોટું પાન સન્માનનું છે. બીજું પાન પ્રચારકો તથા કેન્દ્ર વ્યવસ્થાપકોની સંગોષ્ઠિનું છે. જ્યારે ત્રીજું પાન ડૉ. કવિતા (મીરાં) સચદે વાંચનાલય તથા પુસ્તકાલયના લોકાર્પણનું છે. સમિતિએ હિંદી ઉપરાંત સહુ ભારતીય ભાષાઓના મહિમાને ધ્યાનમાં રાખીને કરેલું સન્માન કચ્છી, ગુજરાતી તથા હિંદીના વિસ્તૃત ફલકને આવરી લે છે.” – આ શબ્દો કચ્છ રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ યોજીત કાર્યક્રમમાં સન્માનનો પ્રતિભાવ આપતા, કચ્છના મૂર્ધન્ય સાહિત્યકાર શ્રી જયંતીભાઈ જોશી ‘શબાબ’એ ઉચ્ચાર્યા હતા. તેમણે સમિતિના પાયાના પથ્થર સમાન પૂર્વ પ્રમુખ અને આર્ષદૃષ્ટા શ્રી પ્રેમજીભાઈ ભવાનજી ઠક્કરના યોગદાનની તથા વર્તમાન કર્ણધાર શ્રી શંકરભાઈ સચદે તથા શ્રી પદ્મકાંત રાવલના યોગદાનની ભારોભાર સરાહના કરી હતી.

મરણોત્તર સન્માનિત શ્રી મૂળરાજભાઈ રૂપારેલના પુત્ર શ્રી રાજેશ ઠક્કરે જણાવ્યું હતું કે, સમિતિના દૃષ્ટિસંપન્ન પ્રમુખશ્રીએ, મારા પિતાના સ્વર્ગારોહણના પચ્ચીસ વર્ષ પછી પણ તેમના અમર સાહિત્ય વારસા પર પડેલી વિસ્મરણની ધૂળ ખંખેરવાનું પુણ્યકાર્ય કર્યું છે.



*ડૉ. કવિતા (મીરાં) સચદે વાંચનાલય - પુસ્તકાલય લોકાર્પણની સ્મૃતિમાં રૂા. ૧૧,૧૨૧/-ની આર્થિક સહાયનો ચેક*

કચ્છ રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ યોજીત રાષ્ટ્રભાષા પ્રચારકો તથા કેન્દ્ર વ્યવસ્થાપકોના અધિવેશન, ડૉ. કવિતા (મીરાં) સચદે વાંચનાલય પુસ્તકાલય લોકાર્પણ તથા સન્માન સમારોહમાં સમિતિના મહામંત્રી શ્રી પદ્મકાંતભાઈ રાવલે સ્વાગત પ્રવચન કર્યું હતું. માતૃછાયા કન્યા વિદ્યાલયની છાત્રાઓએ પ્રાર્થના રજૂ કરી હતી. શ્રી શંકરભાઈ સચદે તથા મંચસ્થ મહાનુભાવોએ દીપ પ્રાગટ્ય કરી અધિવેશન ખૂલ્લું મૂક્યું હતું. સંસ્થાના પૂર્વ પ્રમુખ શ્રી પ્રેમજીભાઈ ઠક્કર તથા ડૉ. કવિતા સચદેના તૈલચિત્રને ફૂલહાર કરી તેમની સેવાઓને યાદ કરવામાં આવી હતી. પદ્મશ્રી નારાયણ જોશી ‘કારાયલ’ના વરદ્ હસ્તે વાંચનાલય તથા પુસ્તકાલયનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. શ્રી જયંતીભાઈ જોશી ‘શબાબ’ તથા શ્રી રાજેશ મૂળરાજ રૂપારેલને શાલ, પુષ્પગુચ્છ તથા સન્માનપત્ર આપીને સન્માન કરવામાં આવ્યું હતું. શ્રીમતી સરલાબેન જે. જોષી તથા શ્રીમતી રીમાબેન જે. રૂપારેલ તથા શ્રીમતી સ્વાતિબેન એસ.



*કચ્છ રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ યોજિત પ્રચારકો તથા કેન્દ્ર વ્યવસ્થાપકો*




*મરણોત્તર સન્માનિત શ્રી મૂળજીભાઈ રૂપારેલ*



श्री कच्छ राष्ट्रभाषा प्रचार समिति
सन्मान समारोह एवं ३७वां अधिवेशन, भुज - कच्छ

श्री प्रेमजीभाई ठक्कर — भाषारत्न सन्मान — डॉ. कु. कविता (मीरां) सचदे

पंडितवर्य श्री जयन्ती जोषी 'शबाब'जी,

"हे वाचस्पति देवता ! कृपया हमारी सोच को पवित्र बनाएँ व वाणी को स्वादु-प्रियमधुर बनाएँ।"

शायद आपकी इसी वैदिक अभ्यर्थना को 'तथास्तु' वर प्राप्त है और इसीलिए यह सर्वविदित और सर्वमान्य है कि आप एक उमदा साहित्यकार, समर्थ स्तम्भलेखक - सम्पादक, बहुश्रुत विद्वान व विनोदप्रिय मनीषी हैं।

कच्छी, गुजराती, संस्कृत, ऊर्दू व आंग्ल भाषा पर आपका मोहक अधिकार है। आपका वक्तव्यगत आशु शब्दकोश व ज्ञानकोश न केवल काबिले-गौर, काबिले-तारिफ अपितु काबिले-फख्र भी है।

आप अतीत के अभ्यासी, अनागत के प्रति दूरंदेश व साम्प्रत से जीवन्त तादात्म्य रखनेवाले रसकवि भी हैं। बहुभाषी कविगोष्ठिओं में आपकी सदारतने राष्ट्रीयस्तर पर आपको जनभोग्यता व विद्वद्भोग्यता के चरम शिखर पर बिठाया है। अपनी बात सटीक व रसिक अंदाज़े-बयांसे अभिभावकों तक पहुँचाने में आप लाजवाब हैं। दिल से दुआओं के साथ आवाज़ उठती है...

"शबाब ! आप से बढकर,
कोई अदबी-नवाब नहीं;
आप तो आप हैं, मीयां !
कहीं आपका जवाब नहीं !"

फिलहाल, आपकी गत साढे चार दशकों की अदबी उपलब्धियों के लिए आपका इस सन्मान से अभिवादन करते हुए हम प्रसन्नतापूर्वक आपके स्वस्थ-चिरायु होने की कामना करते हैं।

पद्मकान्तभाई रावल
महामंत्री
श्री क.रा.भा.प्र.समिति

०८ मई २०२२, रविवार
श्री प्रेमजीभाई भवानजी ठक्कर राष्ट्रभाषा भवन, भुज (कच्छ)

शंकरभाई सचदे
समारोह एवं समिति अध्यक्ष
श्री क.रा.भा.प्र.समिति

રૂપારલ - મુંબઈનું પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવ્યું હતું. જુદી જુદી નિબંધ સ્પર્ધાઓના વિજેતાઓને ઈનામો આપવામાં આવ્યા હતા. નિર્ણાયકો ડૉ. મહેન્દ્રભાઈ ઠક્કર, શ્રી વીરેન્દ્રભાઈ પોમલ, શ્રીમતી કમળાબેન, દિવ્યાબેન, રૂપલબેન, ઉષ્માબેન તથા અનિતાબેનને મોમેન્ટોથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ડૉ. કાંતિ ગોર, ડૉ. ગૌતમ જોષી, શ્રી મદનકુમાર અંજારીયા, શ્રી લલીતભાઈ કોટક, શ્રી હીરાલાલભાઈ ઠક્કર, શ્રી લાલજીભાઈ મેવાડા, શ્રી રજનીકાંત ઓઝા, શ્રી દિલીપભાઈ આચાર્ય, શ્રી સંજય શ્રીવાસ્તવ, શ્રીમતી કમળાબેન ઠક્કર, શ્રીમતી નૂતનબેન મહેતા, શ્રીમતી પુષ્પાબેન સચદે વગેરેના વરદ્ હસ્તે ઈનામો તથા મોમેન્ટો આપવામાં આવ્યા હતા.

શ્રી શંકરભાઈ સચદે તરફથી ડૉ. કવિતા (મીરાં) સચદેની સ્મૃતિમાં રૂા. ૧૧,૧૨૧/-નો આર્થિક સહયોગ આપવામાં આવ્યો હતો. શ્રી પદ્મકાંત રાવલ, શ્રી મદનકુમાર અંજારીયા, શ્રી મૂળરાજ રૂપારેલ પરિવાર, શ્રી અરૂણાબેન ઠક્કર, શ્રી રૂપલબેન મહેતાએ પુસ્તકાલય માટે જુદા જુદા પુસ્તકો ભેટ આપવાની જાહેરાત કરી હતી.

કેન્દ્ર વ્યવસ્થાપકો શ્રી સુરેશભાઈ ગોર, શ્રીમતી અનસૂયાબેન રવલ, શ્રી ઉષ્માબેન શુક્લ, શ્રી ખુશબુબેન સરવૈયા, શ્રી જીજ્ઞાબેન સોલંકી, શ્રી અમૃતલાલ સોની, શ્રી અનિતાબેન વર્મા તથા શ્રી ભરતભાઈ બચવાણીએ તેમના કેન્દ્રો વિશેની માહિતી આપી જુદા જુદા સૂચનો કર્યા હતા, જે સ્વીકારવામાં આવ્યા હતા.

પ્રમુખ સ્થાનેથી પ્રવચન કરતાં શ્રી શંકરભાઈ સચદેએ શ્રી દુલેરાય કારાણી સાહિત્ય ઍવોર્ડથી સન્માનિત શ્રી જયંતીભાઈ વિશે જણાવ્યું હતું કે, સમગ્ર વિશ્વમાં વસતાં કચ્છીઓ માટે કચ્છના શિર્ષસ્થ સાહિત્યકાર શ્રી જયંતીભાઈ જોશી 'શબાબ'નું નામ જ એમની પહેચાન છે. ૨૫ વર્ષ પહેલાં દિવંગત થયેલ સાહિત્યકાર શ્રી મૂળરાજભાઈ રૂપારેલનો જન્મ ગર્ભશ્રીમંત પરિવારમાં થયેલો. વૈશ્વિક મહામંદીમાં પરિવારે આર્થિક ખુવારી ભોગવી. સને ૧૯૫૧થી ૧૯૯૭ના સંઘર્ષમય વર્ષો દરમિયાન કલમજીવી શ્રી મૂળરાજભાઈ રૂપારેલના હિંદી સહિત જુદા જુદા ૩૫ પ્રકાશનો પ્રકાશિત થયા હતા. તેમણે 'સુરખાબ' માસિક ચલાવ્યું હતું. 'કચ્છ રચના'નો વિશેષ અંક શ્રી ભગવાનજીભાઈ ગાલાએ કરેલ. જેને મૂળરાજ રૂપારેલ વિશેષાંક પ્રકાશિત કરેલ. તેમને કચ્છશક્તિ ઍવોર્ડ મળેલ. કલા ગૂર્જરી દ્વારા તેમનું સન્માન પણ થયેલ.

સૂત્ર સંચાલન શ્રી પદ્મકાંત રાવલે કર્યું હતું. સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થા ડૉ. મહેન્દ્ર ઠક્કર, શ્રી જયેશભાઈ રાવલ તથા શ્રી ભરત બચવાણીએ સંભાળી હતી. શ્રી વીરેન્દ્ર પોમલે આભારવિધિ કરી હતી. રાષ્ટ્રગીત બાદ કાર્યક્રમ સંપન્ન થયો હતો.


## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે...

**એકાઉન્ટ નામ : શ્રી કચ્છી જૈન સેવા સમાજ – અમદાવાદ**

**Account Name : Shri Kutchi Jain Seva Samaj - Ahmedabad**

**બેંકનું નામ : કેનેરા બેંક – પાલડી બ્રાંચ, અમદાવાદ**

**Bank Name : Canara Bank, Paldi Branch, Ahmedabad.**

**A/C No. : 70072010016032 • IFSC : CNRB0017007**

*જ્યારે પણ રકમ મોકલાવવામાં આવે ત્યારે તેની જાણ મેનેજરને વૉટ્સએપ નંબર : ૯૯૨૪૦ ૮૭૬૫૪ પર કરવી જરૂરી છે.*

## NanoNine® શબ્દ રમત-૧૮૩

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ■ | ૨ | ૩ | ૪ | ■ | ૫ | ૬ | ૭ | ■ | ૮ | |
| ૯ | | ■ | ૧૦ | | | ■ | ૧૧ | | ૧૨ | | ■ |
| | ■ | ■ | | ■ | ૧૩ | | ■ | ૧૪ | | ■ | ૧૫ |
| ૧૬ | ૧૭ | | ■ | ૧૮ | ■ | ૧૯ | ૨૦ | | ■ | ૨૧ | |
| ■ | | ■ | ૨૨ | | ૨૩ | ■ | | ■ | ૨૪ | ■ | ૨૫ |
| ૨૬ | ■ | ૨૭ | | ■ | ૨૮ | ૨૯ | ■ | ૩૦ | | ૩૧ | |
| ૩૨ | ૩૩ | ■ | ૩૪ | ૩૫ | | | | | ■ | | ■ |
| ■ | ૩૬ | ૩૭ | ■ | | ■ | | ■ | ૩૮ | ૩૯ | | ૪૦ |
| ■ | ૪૧ | | ૪૨ | ■ | ૪૩ | | | ■ | | ■ | ૪૪ |
| ૪૫ | ■ | ■ | | ■ | ૪૬ | | | ૪૭ | ■ | ૪૮ | |
| ૪૯ | ૫૦ | ■ | ૫૧ | | | ■ | ૫૨ | ■ | ૫૩ | ■ | ■ |
| ૫૪ | | | | ■ | ૫૫ | | ■ | ૫૬ | | | |

શબ્દ રમત ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મો. ______________________

*આપશ્રીના જવાબો તા. ૩૦-૦૬-૨૦૨૨ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૨. સંખ્યા (ગણિતમાં) (૩)
૫. નારાયણ... નારાયણ... બોલનાર (૩)
૮. પપ્પાના ભાઈ (૨)
૯. ઝાડનો મુખ્ય જાડો ભાગ (૨)
૧૦. પાણીમાં રહેતું એક સફેદ પક્ષી (૩)
૧૧. પ્રજાનું શાસન કરનારી સત્તા (૪)
૧૨. મોટરગાડી (અં.) કાર્ય, નિશ્ચય (૨)
૧૩. થાકવું તે, શ્રમ (૨)
૧૪. ઘોડો (૨)
૧૬. લખેલું ભૂંસવા માટેનો પદાર્થ (૩)
૧૯. તપવું તે, તાપ, ગરમી, સૂર્ય (૩)
૨૧. ન્યાયાધીશ (અં.) (૨)
૨૨. સોનો સમુદાય, સેંકડો (૩)
૨૭. પરાજ્ય (૨)
૨૮. નવલું, નવું, તરતનું, તાજું (૨)
૩૦. કાગળ, કાપડ, કાપતાં નીચે પડેલો કચરો (૪)
૩૨. દીકરી એ તો પારકું _____ કહેવાય (૨)
૩૪. પ્રપંચ, કાવતરું (૪)
૩૬. બુદ્ધિ, અભિપ્રાય (૨)
૩૮. લાઈસન્સ, પતંગિયું, રજાનો લેખિત હુકમ (૪)
૪૧. મીઠું, લૂણ (૩)
૪૩. કાવ્ય (૩)
૪૬. દેનારી, દાતા સ્ત્રી (૨)
૪૭. ક્રાંતિ, તેજ, વડીલો માટે સંબોધન (૧)
૪૮. તંતુ, દોરો, રેસો (૨)
૪૯. ભાવ, કિંમત, પ્રાણીઓએ જમીનમાં રહેવા માટે કરેલું કાણું (૨)
૫૧. ઈન્દ્ર (૩)
૫૨. પવન, વાયુ (૧)
૫૪. જીવન દરમ્યાન _____, જીવન પછી દેહદાન (૪)
૫૫. દોરી, દોરડું (૨)
૫૬. ભપકાદાર, ભવ્ય ઈમારત (૪)

### ઊભી ચાવીઓ

૧. અક્કલનો _____ છે (૪)
૩. કબ્ર, ઘોર (૩)
૪. મતિ (૨)
૬. સાર, પારો (૨)
૭. દ્વારપાળ (૪)
૮. કાર્ય, નિશ્ચય, મોટરગાડી (અં) (૨)
૧૦. પનો, જાત, માલ (૨)
૧૨. ઈસ્લામી ન્યાયાધીશ (૨)
૧૪. શરીરનો વર્ણ (૨)
૧૫. ધૂળનો કણ, અણું (૪)
૧૭. જાત, પનો (૨)
૧૮. પિતા, બાપ (૨)
૨૦. તહેવાર, પવિત્ર દિવસ (૨)
૨૨. કરાર, બોલી (૩)
૨૩. સોનું (૩)
૨૪. જ્ઞાતિ, જાત (૨)
૨૫. દાણો, ઘણો નાનો ભાગ (૨)
૨૬. _____ ને દહીં બંનેમાં પગ રાખવો તે (૨)
૨૯. જેઠ પૂર્ણિમામાં વડની નીચે જેની પૂજા કરાય છે તે તહેવાર (૫)
૩૦. હાક, ધાપ, કરપ (૩)
૩૧. રક્તવાન (૩)
૩૩. નમસ્કાર, વંદન (૩)
૩૫. લગની, હઠ (૨)
૩૬. અંતઃકરણ, દિલ, ઈચ્છા (૨)
૩૭. અંધારું (૨)
૩૯. કિંમતી પથ્થર (૨)
૪૦. ચાકર, સેવક (૩)
૪૨. કળા જાણનારું, ચંદ્ર (૪)
૪૩. મોટા કદવાળું, મજબૂત (૪)
૪૪. હાથ, વેરો (૨)
૪૫. ભાગોળ, ગામ આગળનું મેદાન (૩)
૫૦. લોહી, રાતું, લાલ (૨)
૫૧. વર્ણ (૨)
૫૩. ઠાલું, માત્ર, ફક્ત (૨)

## NanoNine® શબ્દ રમત-૧૮૨નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| હા | લ | ર | ડું | | બા | ચ | કો | | બો | ડ | |
| થ | પ્પી | | ગ | | જ | | થ | પા | ટ | | ચ |
| લા | | વ | ર | તા | રો | | મી | | | | ર |
| ક | મ | ળ | | સ | | ત | ર | જુ | મો | | ણા |
| ડી | | ગ | ર | ક | બા | રી | | ગ્મ | | | મૃ |
| | મ | ણ | | | ઇ | | વા | | વ | સં | ત |
| | હો | | પ | ર | બ | | | ક | | ગ | |
| | બ | ર | ડ | | લ | ખ | ચો | રા | શી | | સા |
| પો | તે | | સા | દ | | | | મ | લ | | વ |
| | | ન | ળ | | | શ | ર | ત | | વ | ધ |
| ચે | ત | ક | | | આ | ગ | | | પા | ર | |
| ન | | લ | ય | | ભ | ર | ભ | રા | ટી | | ખો |

*માસ જાન્યુઆરી-૨૦૨૨ના અંકમાં છપાયેલ નેનો શબ્દ રમત-૧૭૮ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલા શાહ – અમદાવાદ
૨. દમયંતી દંડ – અમદાવાદ
૩. ચંદ્રા શાહ – અમદાવાદ
૪. સ્મિતા શાહ – અમદાવાદ
૫. ઈન્દુબેન પટેલ – અમદાવાદ
૬. પ્રભા શેઠિયા – વલસાડ

*માસ જાન્યુઆરી-૨૦૨૨ના અંકમાં છપાયેલ નેનો શબ્દ રમત-૧૭૯ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. જૈની કોઠારી – અમદાવાદ
૨. સરલા શાહ – અમદાવાદ
૩. ઈન્દુબેન પટેલ – અમદાવાદ
૪. ચંદ્રાબેન શાહ – અમદાવાદ
૫. સ્મિતા શાહ – અમદાવાદ
૬. દમયંતી દંડ – અમદાવાદ
૭. નેહલ મહેતા – ગાંધીધામ
૮. હર્ષા મહેતા – ગાંધીધામ
૯. પ્રભા શેઠિયા – વલસાડ
૧૦. સાવિત્રી જેસરાણી – મુંબઈ
૧૧. નવલ નીસર – સુરત

*માસ માર્ચ-૨૦૨૨ના અંકમાં છપાયેલ નેનો શબ્દ રમત-૧૭૮ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. પ્રભા શેઠિયા – વલસાડ
૨. સાવિત્રી જેસરાણી – મુંબઈ
૩. નવલ નીસર – સુરત
૪. હસમુખ દેઢિયા – અડાલજ
૫. પ્રવીણ દંડ – અમદાવાદ
૬. સ્મિતા શાહ – અમદાવાદ
૭. ચંદ્રા શાહ – અમદાવાદ
૮. દમયંતી દંડ – અમદાવાદ
૯. સરલા શાહ – અમદાવાદ

*શબ્દ રમત : ૧૭૮, ૧૭૯, ૧૮૦ના સાચા જવાબ મોકલાવનારમાંથી લક્કી ડ્રો કરતાં એક વિજેતાનું નામ નીચે પ્રમાણે છે. તેમણે પોતાનું ઈનામ સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

જૈની કોઠારી – અમદાવાદ

## નિષ્ફળતા મળે ત્યારે...

દરેક માણસને જીવનમાં ક્યારેક તો નિષ્ફળતાનો સામનો કરવો જ પડે છે. પ્રેમમાં... પરીક્ષામાં... પસંદગીમાં... આર્થિક સાહસમાં... અનેક તબક્કે.

નિષ્ફળતા મળે ત્યારે કોઈપણ આત્યંતિક પગલું ભરતા પહેલાં આટલું વિચારો...

★ એમ ન માનો કે તમે હંમેશ માટે નિષ્ફળ સાબિત થઈ ગયા. બસ એટલું જ કે તમારે હજી સફળતા હાંસલ કરવાની વાર છે.

★ તમે કંઈ સિદ્ધ કરી ના શક્યા તો કાંઈ નહીં, કંઈ શીખ્યા તો છો જ.

★ એમ ન માનો કે તમે મૂર્ખ છો, પણ તમે લોકોમાં વધારે પડતો વિશ્વાસ મૂક્યો.

★ નિષ્ફળતાથી કોઈ લાંછન લાગતું નથી, વધારે પ્રયત્નથી સફળતા મેળવી જ શકાય છે.

★ એમ ન માનો કે તમારામાં આવડત નથી, માત્ર કાર્યપદ્ધતિ બદલવાની જરૂર છે.

★ એમ ન માનો કે તમે ઊતરતી કોટિના છો. માત્ર તમે સંપૂર્ણ નથી. પણ સંપૂર્ણ તો કોઈ નથી હોતું.

★ એમ ન માનો કે જીવન વ્યર્થ ગયું, માત્ર નવેસરથી શુભ શરૂઆત કરવાની જરૂર છે.

★ બધું મૂકીને મૂઢ ના થઈ જાવ, કઠોર પરિશ્રમ કરો.

★ એમ ન માનો કે હવે જીવનમાં ક્યારેય સફળ નહીં થાવ, માત્ર થોડી વધારે પ્રતીક્ષાની જરૂર છે.

★ એમ ન માનો કે ભગવાને તમને પડતા મૂક્યા છે, ***દૃઢ વિશ્વાસ રાખો કે ભગવાનના મનમાં તમારા માટે કંઈક બીજું છે... કંઈક વધારે સારું.***

***સૌજન્ય : "સમજણના સૂર"***

## NanoNine® Sudoku

**જાન્યુઆરી-૨૦૨૨ ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૩૬ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ**

૧. પ્રભાબેન શેઠિયા – વલસાડ
૨. ઈન્દુબેન પટેલ – અમદાવાદ
૩. સ્મિતા શાહ – અમદાવાદ
૪. દર્શના કોરડિયા – અમદાવાદ

**ફેબ્રુઆરી-૨૦૨૨ ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૩૭ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ**

૧. ઈન્દુબેન પટેલ – અમદાવાદ
૨. સ્મિતા શાહ – અમદાવાદ
૩. ચંદ્રા શાહ – અમદાવાદ
૪. પ્રાચી વીરા – અમદાવાદ
૫. અવંતી દંડ – અમદાવાદ
૬. પ્રભા શેઠિયા – વલસાડ
૭. કનિષ પારેખ – મુંબઈ
૮. રીધ્ધિ મહેતા – ગાંધીધામ
૯. નિકુંજ મહેતા – ગાંધીધામ

**માર્ચ-૨૦૨૨ ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૩૮ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ**

૧. પ્રભા શેઠિયા – વલસાડ
૨. કાવ્યા શાહ – નાગપુર
૩. હેમલતા દેઢિય – અડાલજ
૪. પ્રાચી વીરા – અમદાવાદ
૫. સ્મિતા શાહ – અમદાવાદ
૬. ચંદ્રા શાહ – અમદાવાદ

*સુડોકુ – ૧૧૩૬, ૧૧૩૭, ૧૧૩૮ના સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રૉ અનુસાર એક વિજેતાનું નામ નીચે જણાવેલ છે. તેમણે પોતાનું ઈનામ પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

પ્રાચી વીરા – અમદાવાદ

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૧૪૧ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૦-૦૬-૨૦૨૨ સુધીમાં મોકલી આપવા વિનંતી.*

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

### ક્રમાંક - ૧૧૪૧

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 4 | | | 7 | 6 | | | 1 |
| | | | | 8 | | 3 | 6 | |
| 3 | | 5 | | | | 8 | | |
| 7 | 3 | | | | 8 | | | |
| | | 8 | 6 | | 5 | 4 | | |
| | | | 9 | | | | 8 | 6 |
| | | 7 | | | | 9 | 4 | 3 |
| 9 | 2 | 1 | | 6 | | | | |
| | | | 7 | 5 | | | 1 | 2 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | | | | | | 8 | 3 | 4 |
| 5 | | | | | 6 | | | |
| | 8 | 7 | | 3 | 1 | | 6 | |
| 3 | | | 1 | | | | 5 | |
| | | | | 9 | 2 | | | |
| | 7 | | | | | | | 9 |
| | 9 | | 6 | 1 | | 2 | 4 | |
| | | | 5 | | | 6 | | 3 |
| 6 | 5 | 3 | | | | | | 8 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 8 | 4 | 7 | 1 | | 2 | | |
| 9 | | | | | | | 3 | |
| 6 | | 2 | | 3 | | 1 | 4 | |
| 4 | | | 1 | | | 5 | 8 | 2 |
| | | | | 7 | | | | |
| 2 | 3 | 8 | | | 5 | | | |
| | 1 | 3 | | 2 | | 8 | | 6 |
| | 4 | | | | | | | 5 |
| | | 6 | | 5 | 8 | 3 | 1 | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 1 | | 2 | | 3 | | 4 | |
| 8 | | | | 7 | | 5 | | |
| | 4 | 2 | 8 | | | 3 | 1 | |
| | | 7 | 5 | 2 | | | | 3 |
| | 2 | | | 3 | | | | |
| 3 | | | | 4 | 9 | 8 | | |
| | 7 | 9 | | | 4 | 2 | 8 | |
| | | 5 | | 1 | | | | 7 |
| | 3 | | 7 | | 2 | | 6 | |

### ઉકેલ : ક્રમાંક - ૧૧૪૦

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 9 | 8 | 4 | 5 | 2 | 1 | 6 | 7 |
| 5 | 6 | 7 | 1 | 9 | 3 | 2 | 8 | 4 |
| 2 | 1 | 4 | 6 | 7 | 8 | 3 | 5 | 9 |
| 4 | 5 | 1 | 9 | 2 | 6 | 8 | 7 | 3 |
| 7 | 3 | 6 | 5 | 8 | 1 | 9 | 4 | 2 |
| 8 | 2 | 9 | 7 | 3 | 4 | 5 | 1 | 6 |
| 1 | 7 | 3 | 2 | 4 | 5 | 6 | 9 | 8 |
| 6 | 4 | 2 | 8 | 1 | 9 | 7 | 3 | 5 |
| 9 | 8 | 5 | 3 | 6 | 7 | 4 | 2 | 1 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 7 | 5 | 9 | 2 | 6 | 1 | 8 | 4 |
| 4 | 6 | 1 | 3 | 8 | 5 | 9 | 7 | 2 |
| 2 | 8 | 9 | 1 | 4 | 7 | 6 | 5 | 3 |
| 5 | 1 | 3 | 7 | 9 | 8 | 4 | 2 | 6 |
| 6 | 9 | 4 | 5 | 1 | 2 | 8 | 3 | 7 |
| 7 | 2 | 8 | 4 | 6 | 3 | 5 | 9 | 1 |
| 8 | 4 | 7 | 6 | 3 | 9 | 2 | 1 | 5 |
| 9 | 5 | 6 | 2 | 7 | 1 | 3 | 4 | 8 |
| 1 | 3 | 2 | 8 | 5 | 4 | 7 | 6 | 9 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 3 | 7 | 8 | 1 | 4 | 2 | 6 | 9 |
| 4 | 8 | 1 | 9 | 2 | 6 | 3 | 5 | 7 |
| 9 | 2 | 6 | 3 | 7 | 5 | 4 | 1 | 8 |
| 3 | 4 | 2 | 5 | 6 | 9 | 8 | 7 | 1 |
| 6 | 5 | 8 | 7 | 3 | 1 | 9 | 2 | 4 |
| 1 | 7 | 9 | 4 | 8 | 2 | 6 | 3 | 5 |
| 7 | 9 | 5 | 2 | 4 | 3 | 1 | 8 | 6 |
| 2 | 1 | 4 | 6 | 5 | 8 | 7 | 9 | 3 |
| 8 | 6 | 3 | 1 | 9 | 7 | 5 | 4 | 2 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 5 | 6 | 7 | 8 | 4 | 9 | 1 | 2 |
| 2 | 9 | 8 | 1 | 5 | 6 | 3 | 4 | 7 |
| 4 | 7 | 1 | 9 | 3 | 2 | 6 | 5 | 8 |
| 1 | 8 | 3 | 5 | 6 | 9 | 7 | 2 | 4 |
| 7 | 6 | 4 | 2 | 1 | 3 | 8 | 9 | 5 |
| 9 | 2 | 5 | 4 | 7 | 8 | 1 | 3 | 6 |
| 5 | 3 | 7 | 8 | 4 | 1 | 2 | 6 | 9 |
| 6 | 4 | 9 | 3 | 2 | 7 | 5 | 8 | 1 |
| 8 | 1 | 2 | 6 | 9 | 5 | 4 | 7 | 3 |

Nano 9® kitchenware in new avatar
NanoNine® INNOVATIVE KITCHENWARE Bana De Life Aasaan!
Mfg By: Shree Balaji Metal Industries, Vasai.
: (+91) 88792 99950 | E: care@nanonine.in | W: www.nanonine.in
AHMEDABAD: Authorised Distributors: Devam Enterprises : M. 96385 21024, 97245 00513
MUMBAI: Authorised Distributors: Vasant Marketing: (+91) 98206 72501 / KK Associates: (+91) 93234 04736

# મૃત્યુ પછી ૫ વસ્તુ જીવાત્માની સાથે જાય છે

વિનોદભાઈ માછી નિરંકારી

*મૃત્યુ બાદ મનુષ્યની સાથે પાંચ વસ્તુઓ સાથે જાય છે : કામના, વાસના, કર્મ, કર્જ અને પુણ્ય.*

## ૧. કામના :

મૃત્યુના સમયે અમારા મનમાં કોઈ વસ્તુ કે વ્યક્તિના પ્રત્યે આસક્તિ રહી જાય, કોઈ ઇચ્છા અધૂરી રહી જાય તો આ કામના જીવાત્માની સાથે જાય છે. રજોગુણથી ઉત્પન્ન આ કામ એટલે કે કામના જ તમામ પાપનું કારણ છે. અપ્રાપ્ત વસ્તુની ઇચ્છાને કામના કહે છે. મને અમુક વસ્તુ મળી જાય એવી જે ઇચ્છા થાય છે તેનું નામ કામના છે. કામના ઉત્પન્ન થવાથી અભાવ થાય છે. કામનાની પૂર્તિ થવાથી પરતંત્રતા અને પૂર્તિ નહીં થવાથી દુઃખ થાય છે તથા કામનાનું સુખ લેવાથી નવી કામના ઉત્પન્ન થાય છે. કામના પોતાના મનમાં નથી, કામના આવવા જવાવાળી છે અને પોતે તો નિરંતર રહેવાવાળો છે. શરીર, ઇન્દ્રિયો, મન, બુદ્ધિ સાથે તાદાત્મ્ય હોવાના કારણે મનમાં આવવાવાળી કામનાઓને પોતાનામાં માની લે છે. બધી જ કામનાઓનો ત્યાગ કરીને આત્માથી આત્મામાં જ સંતુષ્ય રહે છે તેને સંતોષ થાય છે. વિષયોનું ચિંતન કરનાર મનુષ્યની તે વિષયમાં આસક્તિ જન્મે છે, આસક્તિથી કામના ઉત્પન્ન થાય છે, કામનામાં વિઘ્ન આવવાથી ક્રોધ જન્મે છે. ક્રોધથી મોહ અને મોહથી સ્મૃતિ ભ્રષ્ટ થાય છે અને સ્મૃતિ ભ્રષ્ટ થવાથી બુદ્ધિ (વિવેક) નાશ પામે છે અને બુદ્ધિનો નાશ થવાથી મનુષ્યનું પતન થાય છે. વિવેકપૂર્વક સંયમ કર્યા વિના કામના નષ્ટ થતી નથી. તમામ કામનાઓનો ત્યાગ કર્યા વિના કોઈ સ્થિતપ્રજ્ઞ બની શકતો નથી કારણકે કામનાઓના કારણે જ સંસારની સાથે સંબંધ જોડાયેલો છે. આપણને એક જ કામના રહે છે કે લોકો અમોને સારા કહે. હૃદયમાં રહેલી તમામ કામનાઓ જ્યારે સમુળગી નષ્ટ થઈ જાય છે ત્યારે મરણધર્મી મનુષ્ય અમર થઈ જાય છે અને મનુષ્ય શરીરમાં જ બ્રહ્મનો સારી રીતે અનુભવ કરી લે છે. જે સમયે મનુષ્ય પોતાના મનમાં રહેવાવાળી તમામ કામનાઓનો પરિત્યાગ કરી દે છે તે જ સમયે તે ભગવત્ સ્વરૂપને પ્રાપ્ત કરી લે છે. જે પોતાની તમામ કામનાઓ ઉપર વિજય પ્રાપ્ત કરી લે છે તે સદાયને માટે સુખી બની જાય છે. કામનાના કારણે 'કર્મો' થાય છે અને કામનાના અધિક વધવાથી 'વિકર્મો' થાય છે. કામનાના કારણે જ અસતમાં આસક્તિ દ્રઢ થાય છે. કામનાઓની પૂર્તિ સંસારમાં આજ સુધી કોઈની થઈ નથી. આપણી તો વાત જ શું? ભગવાનના બાપ (દશરથ રાજા)ની પણ કામના પૂરી થઈ ન હતી. આથી કામનાઓની પૂર્તિ થવી અસંભવ છે. પરંતુ કામનાઓનો ત્યાગ કરવો અસંભવ નથી. કામના ઉત્પન્ન થતાં જ વિચાર કરવો કે આપણે જે વસ્તુની કામના કરીએ છીએ તે વસ્તુ આપણી સાથે હંમેશાં રહેવાવાળી નથી. તે વસ્તુ પહેલા પણ આપણી પાસે ન હતી અને પછી પણ આપણી સાથે નહીં રહે તથા વચમાં પણ તે વસ્તુનો આપણાથી નિરંતર વિયોગ થઈ રહ્યો છે. આવો વિચાર કરવાથી કામના રહેતી નથી.

## ૨. વાસના :

કામના (ઇચ્છા) અને કામવાસના ખરાબ નથી. તેનો અતિરેક ભયંકર છે. વાસના, એ કામનાની સાથી મિત્ર છે. વાસનાનો અર્થ ફક્ત શારીરિક ભોગ જ નહીં પરંતુ સંસારમાં ભોગવેલ તમામ સુખો જેવા કે ઘરબાર, ભૌતિક સાધનો, પ્રતિષ્ઠા કે જેનાથી જીવાત્માને આનંદ મળતો હતો તેની અધૂરી વાસનાઓ જીવાત્માની સાથે જાય છે. અંતઃકરણમાં જે રાગ છુપાયેલ રહે છે તેને વાસના કરે છે. અનેક જન્મોની અધૂરી રહેલી આ સંસારની મિથ્યા વાસનાઓ લાંબા સમયના અભ્યાસ વિના ક્ષીણ થતી નથી અને જ્યાં સુધી વાસનાઓ છે ત્યાં સુધી કર્મ ચાલુ રહે છે. કર્મોને સમાપ્ત કરવા હોય તો વાસનાને મારવી પડે છે અને તે સેવા, સુમિરણ અને સત્સંગથી મરે છે. સુંદરતા, એ પ્રભુની વિભૂતિ છે પણ જ્યાં પાવિત્ર્ય છે ત્યાં વાસના ઉભી થતી નથી. હંમેશાં ભોગમાં સૌંદર્યનો નાશ થાય છે અને ભક્તિમાં સૌંદર્યનું સાતત્ય છે. એકાદ સુંદર યુવતી રસ્તા ઉપરથી જતી હોય તો તેને જોઈને કૂતરાને વાસના થતી નથી. તેવી જ રીતે સુંદર સ્ત્રીને જોઈને બાળકને કે વૃધ્ધના મનમાં પણ વાસના નિર્માણ થતી નથી. એનો અર્થ એ છે કે વસ્તુમાં વાસના નથી પરંતુ જોનારની દૃષ્ટિથી વાસના નિર્માણ થાય છે. જે ઇન્દ્રિયાસક્તિથી જોવામાં આવે તો તેને ભોગ કહેવામાં આવે છે. જે હૃદયાસક્તિથી જોવામાં આવે તો તેમાં ભાવ પ્રગટે છે. સુંદર વસ્તુ તરફ બધા જુએ છે પરંતુ તે કઈ દૃષ્ટિથી જુએ છે તે અગત્યનું છે. માનવ ભક્તિ નહીં કરે તો સૌંદર્યની પાછળ પતંગિયાની જેમ મરી જશે.

(અનુસંધાન : જુઓ પાના નં. – ૨૮ ઉપર)

# સ્વજનના મૃત્યુ સમયે મહાદુઃખ વિસારવાનો ઉપાય : ભગવાનના કર્તાપણામાં શ્રદ્ધા અને વિશ્વાસ



પ્રા. સૂર્યકાંત ભટ્ટ

જીવાત્માએ એક દિવસ આ ફાની જગતને છોડવું જ પડશે એમ શાસ્ત્રો, સંતો, તત્ત્વજ્ઞાનીઓ સમજાવી રહ્યા છે. હાલે કોરોનાએ અસંખ્યાત મનુષ્યોને પોતાની લપેટમાં લઇ લેતાં અસંખ્યાત પરિવારો પાયમાલ થઈ ગયા છે. કાળનો ક્રૂર પંજો અનેક પરિવારો પર નિર્દયતાથી કહો કે અતિ ક્રૂરતાથી ફરી વળ્યો છે. મનુષ્યોના મનમાંથી ડરનો, ભયનો ભાવ દૂર થતો જ નથી.

હોસ્પિટલોમાં એડમિટ થયેલા સંક્રમિતો અને હોમ ક્વોરન્ટાઇનો પારાવાર એકલતા અનુભવે છે. મૃત્યુ તેઓની સામે જ મોઢું ફાડીને બેઠું હોય તેવું તેમને સતત લાગ્યા કરે છે. આવા કસોટીકાળમાં સંક્રમિત પોતાના ઈષ્ટ દેવ-દેવીના શરણે જાય છે. ઈષ્ટનું નામ સ્મરણ કરી જીવતર માટે પ્રાર્થના કરતા જ રહે છે. તેમના પરિવારજનો પણ બાધા - આખડી રાખી ઈષ્ટને પ્રાર્થના કરે છે.

કેટલાક મનના અતિ નબળા, સેન્સિટીવ કે ડિપ્રેશનમાં આવી ગયેલી વ્યક્તિઓ, ગળે ફાંસો ખાઇને, તળાવ કે નદીમાં પડીને, ફીનાઈલ કે કેફી પદાર્થો પી જઈને, રેલવે ટ્રેક પર પડતું મૂકીને, મકાનના ઊંચા ધાબા પરથી પડતું મૂકીને, આત્મહત્યાનો માર્ગ અપનાવે છે. જે અરેરાટીભર્યું પગલું છે. શાસ્ત્રો વદે છે કે : "જીવની ગતિ આત્મહત્યા કરનારાઓની થતી જ નથી. તેનો જીવાત્મા લાંબા સમય સુધી દુઃખમય સ્થિતિમાં ભટકે છે. તેનો છુટકારો થતો નથી." શ્રીજી મહારાજે શિક્ષાપત્રીના ૧૪મા શ્લોકમાં આત્મહત્યા ન કરવા સૂચવ્યું છે.

દુઃખ અને મુંઝવણના સમયે કવિઓ, તત્ત્વજ્ઞાનીઓ, સંતો, શાસ્ત્રોના સૂરો માનવીને અવશ્ય રાહત અને શાંતિ બક્ષે છે. "જે ગમ્યું જગતગુરૂ નાથ જગદીશને, તે તણો ખરખરો ફોક કરવો." ભગવાનને ગમ્યું તે ખરૂં. દુઃખ - સુખ સાથીદાર છે. દસ વર્ષ સુખમાં વીતે, તો વળી બીજા દસ વર્ષ દુઃખમાં પણ પસાર થાય. તેથી જ કહેવાય છે કે, "દસકો સુખ, દસકો દુઃખ."

"જેહના ભાગ્યમાં જેહને જે લખ્યું, તેહને તે સમે તે જ પહોંચે."

માનવ જીવનમાં નસીબ કે ભાગ્ય જેવું તત્ત્વ પણ છે. બાળકના જન્માક્ષર માતા-પિતા જ્યોતિષી પાસે બનાવડાવે છે. તેમાં ગ્રહો અને નક્ષત્રો દર્શાવ્યા હોય છે. દશાંશ - વીસાંસ પદ્ધતિ જ્યોતિષ શાસ્ત્રમાં છે. ગ્રહોના પરિભ્રમણ મુજબ સારી નરસી અસરો પણ વ્યક્તિ પર થતી રહે છે. જન્મનો ચોક્કસ સમય, જન્મનું સ્થળ જણાવવું જરૂરી હોય છે.

વિદ્વાનો કહેતા જ રહે છે તે મુજબ, 'જન્મ્યા તે જવાના.' અર્થાત્ મૃત્યુ નિશ્ચિત છે. 'ધાર્યું ધણીનું થાય.' અહીં ધણી એટલે પરમાત્મા. એકસરખા દિવસ સુખના કોઈના જતા નથી. કોઈ મોટેરા વારંવાર ઉચ્ચારતા રહે કે, 'હરિ, તું કરે તે ખરું.' 'હે ભગવાન! તમારું ધાર્યું થજો.' 'જેમ રામ રાખે તેમ રહેવાનું. સમજુને શું સમજાવવાનું?' 'સુખ-દુઃખ મનમાં ન આણીએ, ટાળ્યા કોઈના નવ ટળે રઘુનાથના જડિયા.'

આદર્યા અધવચ્ચે રહે ને હરિ કરે સો હોય. આશ્વાસનના શબ્દો, કેટલીક પંક્તિઓ, કવિતાઓ ડિપ્રેશન દૂર કરી માનવીને સ્વસ્થ બનાવે છે. મનોચિકિત્સકો પણ આવા ઉમદા વાક્યો, કંડિકાઓના સહાયથી માનસિક વિકલાંગોની વિકલાંગતા દૂર કરતા રહે છે. પરિણામે માનવીને દુઃખમાંથી મુક્તિ મળે છે. કહે છે કે, 'દુઃખનું ઓસડ દહાડા' અને 'સમય સમય બલવાન હૈ, નહીં પુરુષ બલવાન.'

એક કાવ્ય મુજબ, 'આ દુનિયામાં નોંધારાનો એક જ છે આધાર, જીવમાત્રની જવાબદારી જાતે જાળવનાર રે, રામના રખવાળા.' સંતો સત્સંગ કરાવતા ઉપદેશતા જ રહે છે કે, 'મનુષ્યે ત્રણ ક્રિયા સ્વયં જાતે જ કરવી પડે છે : એક છે ભોજન પાણી, બીજું મળમૂત્રની ઉત્સર્ગ ક્રિયા અને ત્રીજું ભજન - ભક્તિ. આશાવાદી બનવું. સકારાત્મક ઉર્જા, પોઝીટીવ એનર્જી આપમેળે વધતી જશે. પરમ તત્ત્વમાં શ્રદ્ધા - વિશ્વાસ વધુ દ્રઢ થતો જશે. જીવનમાંથી ગમ, ગ્લાનિ હડસેલાઇને સુખના સૂર્યનો અવશ્ય ઉદય થશે.

*"સહજાનંદ", ૬/એ, લીમડા લેન,*
*શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય રોડ, સંસ્કાર નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

***ક્રોધ અસરકારક છે છતાં એનાથી બચતા એટલા માટે રહેવાનું, કે એ માત્ર અસરકારક નથી પરંતુ વિનાશક પણ છે.***

# જીંદગીની કરુણતા

પ્રા. પૃથ્વી શાહ

*પ્રા. પૃથ્વીભાઈ શાહ શિક્ષણના વ્યવસાય સાથે સંકળાયેલા છે. આથી એક કર્તવ્યનિષ્ઠ શિક્ષક, કર્તવ્ય પ્રત્યે હંમેશાં સજાગ અને તત્પર હોય છે. શ્રી પૃથ્વીભાઈ પોતાની આવકનો મહત્તમ હિસ્સો અભ્યાસ કરતાં જરૂરતમંદ વિદ્યાર્થીઓની જરૂરિયાતો જેવી કે યુનિફોર્મ, ચોપડા - બુટ - પાણીની બોટલ, દફતર, દીકરીઓમાં સેનેટરી નેપકિન્સ ઈત્યાદિ વસ્તુઓને પહોંચતી કરે છે. આ માટે જાતે કઈ વસ્તુઓની આવશ્યકતા છે તે માટે સ્કૂલોમાં જઈને અભ્યાસ - નિરીક્ષણ અને સર્વેક્ષણ કરે છે. અને આ કાર્યથી તેમને થયેલ અનુભવોની અભિવ્યક્તિને સહજ રીતે લોકભોગ્ય ભાષામાં પ્રગટ કરવાની કુશળતા ધરાવે છે.*

એ વ્યક્તિને તમે મળો અને તમારી સાથે નમન કરી નમ્રતાથી વાતચીતની શરૂઆત કરે ત્યારે તમને થાય કે આ વ્યક્તિ તો મળવા જેવો માણસ છે. તેને સાંભળવા જેવો છે. એ વ્યક્તિ તમને તેના રગેરગમાં ખેંચી જશે. તમે માત્ર કાનથી નહીં પણ આંખથી, દિલથી તેને સાંભળવા તત્પર રહેશો. એ તમને તેના હાવભઆવ અને આંખના આંસુથી તેના પ્રત્યે ખેંચી રાખશે. તમને થશે કે આવો સરળ લાગણીશીલ માણસ શા માટે માનસિક રોગની હોસ્પિટલની ચાર દીવાલ વચ્ચે જીંદગી વિતાવે છે. તે ઘરથી દૂર કેવી એકલતા અનુભવી રહ્યો હશે, મનોમન કેવો રીબાઈ રહ્યો હશે? તમને ખબર હોય છતાં તમે ભૂલી જાઓ કે તમે એક માનસિક રોગી સાથે વાત કરી રહ્યા છો. મનોમન તમે વિચારશો કે આવા ભલા - લાગણીશીલ માનવી સાથે નિયતિએ કેવી રમત કરી છે.

તેની વાત સાંભળી વોર્ડમાંથી બહાર નીકળતા હોસ્પિટલના મનોચિકિત્સક સામાજિક કાર્યકર શ્રી ગિરીશભાઈ ત્રિવેદીએ જણાવ્યું કે તે એક મનોરોગી છે અને જન્મટીપની સજા પામેલ કેદી પણ છે. હકીકત સાંભળી આપણને થાય કે મનોરોગીને સમજવું પણ ક્યારેક અઘરું બની જાય છે.

તેની સાથેની વાતચીતમાં તે સંપૂર્ણ શાંત જણાયો. તેની વાતો પણ કુટુંબ પ્રત્યે લાગણીથી નિતરતી હતી. તેના મનના ભાવમાં પણ ક્યાંય ગુસ્સો, ફરિયાદ ન હતા. અટુલા પડેલા બાળકોના ભવિષ્યનું દર્દ, તેમના પ્રત્યે હમદર્દીની ભાવના છલકાતી હતી. વાસ્તવિક્તા તદ્દન ભિન્ન હતી.

એ હતો રમેશ. આજે ભલે તે અટૂલો છે પરંતુ ક્યારેક ઠીક કહી શકાય એવા મકાનમાં તે રહેતો હતો. તેના ઘરમાં ઘણા સહપ્રવાસી હતા. માતાએ પ્રમાણમાં વહેલી વિદાય લઈ લીધેલ. પરંતુ તેના પિતા, પત્ની, બાળકો સૌ સાથે રહેતા હતા. પિતા તેમજ રમેશની પત્ની સુખદુઃખમાં ભાગીદાર થાય એવા હતા. નાના બે લાગણીશીલ બાળકો હતો. તેને સુખચેનથી જીવવાનો અવસર સાંપડ્યો હતો. જીંદગીમાં સોનેરી રંગ પૂરી શકાય એવી તક હતી. કેટકેટલી હૂંફ પાસે હતી. પરંતુ એક નાનકડા રોગ અને શંકાશીલ સ્વભાવે તેની જીંદગી બદલી નાખી. શૈતાની વિચારોના વમળમાં અટવાઈ સમગ્ર જીંદગી માનસિક રોગની હોસ્પિટલમાં વિતાવવી પડે એવી સ્થિતિ પેદા થઈ.

આમ તો રમેશ નિશાળમાં ભણતો ત્યારે ભારે હોંશિયાર. ડોક્ટર બનવાનું તેનું સ્વપ્ન. હાઈસ્કૂલ દરમિયાન વર્ગની એક રૂપાળી છોકરીને તે મનોમન ચાહવા લાગ્યો. મુગ્ધાવસ્થાના એ પ્રેમની તે અભિવ્યક્તિ કરી શક્યો નહીં પરંતુ એ ચહેરાને ભૂલી પણ ન શક્યો. એસ.એસ.સી. બાદ તે મેડિકલના અભ્યાસમાં એમ.બી.બી.એસ.ની લાઈનમાં પ્રવેશ પામ્યો. જેને એકતરફી પ્રેમ કરતો હતો તે છોકરી ઈજનેરીમાં પ્રવેશી. એકમેકથી દૂર થયા બાદ એ ચહેરાની યાદ તેને સતાવવા લાગી અને રમેશ વ્યસનના રવાડે ચઢ્યો. પિતાએ વ્યસનમુક્તિ કેન્દ્રમાં તેની સારવાર કરાવી. ઝડપી સારવારથી વ્યસન છૂટ્યું પણ માનસિક રોગના હુમલા વધ્યા. સ્વભાવમાં ઉગ્રતા આવવા લાગી. મેડિકલમાં અભ્યાસ પણ કરતો રહ્યો. મેડિકલના બે વરસ સફળતાથી પૂર્ણ કર્યા. આખરી વરસમાં પ્રવેશ પામ્યો.

શિયાળાના વિદાય વેળાની એ રાત હતી. હવામાં ઠંડી ઘટી રહ્યાનો અહેસાસ વરતાતો હતો. જાણે વસંતઋતુનું આગમન થઈ રહ્યું હતું. પોતાના ઘરના વરંડામાં બેઠેલા પિતા વીજળીના પ્રકાશમાં

કંઈક વાંચી રહ્યા હતા. મધરાત થવા આવી હતી. એ પળે રમેશ ઘરમાં પ્રવેશ્યો. પિતાએ મોડે સુધી ન રખડવા અને અભ્યાસમાં ધ્યાન આપવા રમેશને ટકોર કરી. એ ટકોર સાંભળતા જ રમેશને ઝનુન ચઢ્યું. તેની માનસિક માંદગીએ ઉથલો માર્યો. રમેશ ઝડપથી ઘરના અંદરના રૂમમાં ગયો. બોથડ પદાર્થ લઇ બહાર આવ્યો. પિતાના માથામાં બોથડ પદાર્થ ફટકાર્યું. એ જ પળે પિતાનું અવસાન થયું. રમેશ પકડાઈ ગયો. તેની સામે ખૂનનો ગુનો દાખલ થયો.

એમ.બી.બી.એસ.ના આખરી વરસમાં અભ્યાસ કરતો પુત્ર પિતાના તેના પ્રત્યેના વહાલના સંબંધને ભૂલી ચૂક્યો. માનસિક અસ્થિરતામાં મનમાં ઘુમરાતા શેતાની વિચારો તેના ઉપર હાવી થયા. ૩૦૨ની ખૂનની કલમ હોવાથી કેસ સેશન્સ કમિટ થયો. તેના વર્તનને ધ્યાનમાં લઇ કોર્ટના આદેશથી તેને માનસિક રોગની હોસ્પિટલ - અમદાવાદ ખાતે દાખલ કરવામાં આવ્યો. તેની માનસિક સ્થિતિ સુધરતી ગઈ. રમેશે આચરેલ કૃત્ય માનસિક અસ્થિરતામાં બનેલ હોવાથી કોર્ટ તરફથી શકનો લાભ આપી તેને છોડી મૂકવામાં આવ્યો. કુટુંબના સભ્યોએ તેની જવાબદારી સ્વીકારતા તેનું ફરી કુટુંબમાં સ્થાપન કરવામાં આવ્યું.

દિવસો પસાર થતા ગયા. રમેશ જેની સાથે લગ્નબંધનથી બંધાયો હતો, સાથે જીવન જીવવાના ફેરા લીધા હતા, જેના દુઃખે દુઃખી અને સુખે સુખી - આનંદિત થવાનું નક્કી કર્યું હતું, એક દિવસ તેના પ્રત્યે જ શંકા જાગી. ચારિત્ર્યની શંકા. જેને એકતરફી પ્રેમ કર્યો હતો તે તો ક્યારની દૂર થઈ ગઈ હતી અને પોતાની જ જ્ઞાતિમાં લગ્ન થયા. લગ્નથી બે બાળકો પણ થયા. સાથે હર્યા - ફર્યા હતા. આ લગ્ન પિતાના કહેવાથી થયા હતા અને પોતે અભ્યાસ માટે વધુ સમય બહાર રહેતો હોવાથી તેના પિતા પોતાની પત્ની સાથે ઘરની છત નીચે વધુ સમય રહેતા હોવાથી ક્યાંક પત્નીને પિતા સાથે સંબંધ તો નહીં થયો હોય? એવી કાલ્પનિક વિચિત્ર શંકા! સતત પ્રેમાળતાથી કાળજી રાખનાર પત્નીને પણ એક દિવસ બોથડ પદાર્થ વડે પતાવી દીધી. પિતાનું ખૂન કરેલ એ જાણવા છતાં, પતિ મનોરોગનો ભોગ બનેલ, એ જાણવા છતાં તેને તરછોડી ન દેનાર પત્નીના પ્રેમ અને સમર્પણને રમેશે દગો દીધો. પત્નીનું ખૂન કરી સમગ્ર કુટુંબને તબાહ કર્યું. પત્નીના ધબકાર બંધ કરવાનું મહાપાપ. જે પાત્ર તેના પ્રેમને ઝંખતું હતું તેનું જ ખૂન. શિક્ષિત વ્યક્તિ આવો લાગણીહીન બની શકે ખરો? પણ, આ વાસ્તવિક્તા હતી. પિતા બાદ એ જ ઢબે પત્નીનું ખૂન. પિતાનું ખૂન કરવા છતાં પત્ની-પુત્રો સાથે જીંદગીને વહાલથી ચૂમવાનો તેને અવસર સાંપડ્યો હતો. ડોક્ટરીનો અભ્યાસ પૂર્ણ કરી સમાજસેવા અને કુટુંબ સુખની પળો સામે હતી. પણ રમેશે પોતાનાઓનું જ નિકંદન કાઢી જીંદગી વેડફી. કુટુંબ સાથે પોતાની જીંદગી પણ બરબાદ કરી નાખી. ફરી રમેશ સામે ૩૦૨નો ખૂનનો ગુનો નોંધાયો. ફરી કેસ સેશન્સ કમિટ થયો. આ વખતે જન્મટીપની સજા થઈ.

તેના શંકાશીલ સ્વભાવે અને તેના કૃત્યોએ તેને સંસારમાં અટૂલો પાડ્યો. જેલની ચાર દીવાલ અને માનસિક આરોગ્ય હોસ્પિટલમાં અટવાવી દીધો. પોતાનાઓથી દૂર થયો. ક્યારેક તે પિતા-પત્ની-બાળકો-મિત્રો-સ્નેહીઓથી ઘેરાયેલો હતો. ડોક્ટર બનવાનું સ્વપ્ન સાકાર થતો જોઈ રહ્યો હતો પરંતુ શંકાશીલ સ્વભાવે તેનું બધું જ છીનવી, તેને અટૂલો પાડી દીધો. માનસિક હોસ્પિટલનો તે કાયમી નિવાસી બની ગયો.

અલબત્ત, રમેશના મનમાં તો હજુ એક બદલાની આગ હતી. પત્નીના ચારિત્ર્યની શંકાને લીધે તે એમ માનતો થયેલ કે બંને બાળકોનો પિતા તે પોતે નહીં પણ તેના પિતા જ હોવા જોઈએ. જેથી બંને બાળકોને આ સંસારમાં જીવાડવાનો અર્થ નથી. તક મળે તો તેમને પણ કાયમ માટે પતાવી દેવાની ઘેલછા તેના દિમાગમાં છવાયેલી હતી. ડોક્ટરીનો અભ્યાસ કરનાર રમેશ માનસિક રીતે સંપૂર્ણ દેવાળિયો બની ચૂક્યો હતો. લાગણી અને પોતાપણાનું મહત્ત્વ તે છેક ભૂલી ચૂક્યો હતો. તેના દિમાગમાં છવાયેલી હતી માત્ર ક્રૂરતા. માનવતાને જાણે તે તિલાંજલી આપી ચૂક્યો હતો. કાયદાએ એક વખત તેને ક્ષમા આપી, પણ ક્ષમાધર્મ અપનાવવામાં તે નિષ્ફળ રહ્યો અને જીંદગીને પણ નિષ્ફળ બનાવી.

કેટલાક વરસ હોસ્પિટલમાં પસાર કર્યા બાદ તેની સારી ચાલચલગતને લીધે રમેશને દસ દિવસના પૅરોલ આપવામાં આવ્યા. તે માનસિક આરોગ્યની હોસ્પિટલની બહાર આવ્યો. વરસો પછી વિકાસને લીધે શહેર તો બદલાઈ ચૂક્યું હતું. બે-બે ખૂન કર્યા બાદ સગાસંબંધીઓ વડે તો તેને મનથી દફનાવી દેવાયો હતો. પરિણામે તે બે બાળકો સુધી પહોંચી શક્યો નહીં. રસ્તા ઉપર એકલો અટૂલો રખડતો રહ્યો. આખરે રમેશ રેલવેના પાટા પાસે ગયો અને ધસમસતી ટ્રેન નીચે પડતું મૂકી આપઘાત કર્યો. પોલીસે લાશનો કબજો મેળવ્યો. લાશનો કબજો લેવા કોઈ આવે એની બે-ત્રણ દિવસ રાહ જોઈ. લાશનો કબજો મેળવવા કોઈ આવ્યું નહીં. આખરે શીતાગારમાંથી એક બિનવારસી લાશને બહાર કાઢી અંતિમ મંજીલે પહોંચાડવામાં આવી. એક કરુણ કથનીનો કરુણ અંત આવ્યો.

*(સત્ય ઘટના આધારીત)*

***પશ્ચિમ તરફ જ ખૂલતી મારા મકાનની બારીને મેં બંધ કરાવી દીધી અને પૂર્વ તરફ ખૂલતી કરી દીધી. ચમત્કાર અનુભવાયો. સૂર્યાસ્તનાં જ દર્શન થતા હતા એ બંધ થઈ ગયા અને સૂર્યોદયનાં દર્શન શરૂ થયા.***

***નકારાત્મક અભિગમથી ઘેરાયેલ મનને મુક્ત કરીને હકારાત્મક અભિગમવાળું બનાવી દીધું. ઉદાસીનું સ્થાન પ્રસન્નતાએ લઈ લીધું!***

# હિમાલયનું સર્વોચ્ચ શિખર પ્રથમ વખત સર થયું



જસ્મીન દેસાઇ 'દર્પણ'

આજથી અડસઠ વર્ષો પહેલા તા. ૨૯-૦૫-૧૯૫૩ના શુભ સાહસિક દિને ન્યુઝીલેન્ડના એડમન્ડ હિલેરી અને ભારતના શેરપા તાનસીંગ નાર્ગેએ હિમાલયનું સૌથી ઉંચું શિખર "એવરેસ્ટ" શિખર, વિશ્વભરમાં આજ સુધી કોઈએ સર કર્યું નહોતું, એ સર કર્યું. ત્યાં આમ સર્વપ્રથમ ભારતીય ધ્વજ ફરકેલો.

આ સાહસિક અને રોમાંચક ઘટના વિશે આપણે ટુંકમાં આલેખીએ.

આ એવરેસ્ટ શિખર હિમાલયનું દુર્ગમ સૌથી ઊંચું હતું જે સમુદ્રની સપાટીથી ૨૭,૮૮૭ ફીટ ઊંચું. આ અતિ દુર્ગમ રસ્તાનું અને પર્વતીય અનિશ્ચિત વાતાવરણવાળું હતું. ત્યાં અનેક વિષમતાઓ હતી. ઠંડો પવન ફૂંકાય, ચોમેર બરફ, ઊંચા-સીધા ચઢાણના ખડકોનો રસ્તો, વરસાદ પડે, બરફ સરકી પડે – આ એક વિરલ ઘટના હતી.

આ ન્યુઝીલેન્ડના એડમન્ડ હિલેરી બાળપણથી જ મજબૂત બાંધાના અને સાહસિક હતા. તેમણે પર્વતારોહણનો શોખ કેળવેલો પરંતુ મોટા થતાં આર્થિક રીતે કુટુંબને મદદરૂપ થવા મધમાખી ઉછેરનો વ્યવસાય શરૂ કરેલો. ત્યારબાજ બીજું વિશ્વયુધ્ધ ૧૯૪૧-૪૨ના અરસામાં ફાટી નીકળતાં તેઓ ન્યુઝીલેન્ડની વાયુ સેનામાં 'દિશા-શોધક'ની મુખ્ય કામગીરી સાથે જોડાયા. પરંતુ માંહ્યલો તો પેલા પર્વતારોહણની સાહસિકતામાં પરોવાયેલો હતો. આથી યુદ્ધ પૂરું થતાં ત્યાં પર્વતારોહકોની ટુકડીમાં સામેલ થયા અને પોતાની એ સાહસિકતા શરૂ કરી.

બીજી બાજુ, શેરપા તાનસીંગ નાર્ગે તો પર્વતનો જ જીવ હતો. આસામમાં તેનું પર્વત સાથે જ જીવન જોડાયેલું હતું અને નાના મોટા શિખરો દેશ વિદેશની ટુકડીઓ સાથે સર કરતા જ હતા.

આ સાથે એક ટુકડી સાથે શેરપા તાનસીંગ આ એવરેસ્ટ શિખર સર કરવા ઇ.સ. ૧૯૫૨માં પ્રયત્ન થયેલો અને આ શિખરથી એ લોકો આશરે ૮૦૦ ફીટ દૂર હતા ત્યારે ઓચિંતા અતિશય ઝડપથી પવન ફુંકાવા માંડ્યો. બરફની વર્ષા શરૂ થવા માંડી અને આજ વિષમતા આ સાહસની હતી અને અંતે સર્વેને પાછા તળેટીમાં જીવ બચાવવા ફરી જવું પડ્યું.

આમ કરતાં, ફરી એવરેસ્ટ શિખર સર કરવાનું સાહસ શરૂ થયું અને તેમ કરતાં ૧૯૫૩ના માર્ચ મહિનામાં હવે શેરપા તાનસીંગ આ એડમન્ડ હિલેરી સાથે હતા અને શિખર સર કરવા અર્થે પ્રયાણ થયું. જેમાં અન્ય ૨૦ પાવરધા પર્વતારોહણવાળા શેરપાઓ અને અન્ય ૪૦૦ જેટલા સાહસિકો હતા.

અહીં તળેટીના કેમ્પમાં વિષમ વાતાવરણ વિશે જાણકારી લેવામાં આવી. તે સામે રક્ષણ મેળવવા તાલીમ અને પોષાકો વિશે જાણ્યું. એવા પોષાકો તૈયાર થયા. જરૂર પડ્યે તળેટીમાં ડોક્ટરોની ટીમ તૈયાર રાખવામાં આવી. પ્રાણવાયુના બાટલાઓ કેમ ઉંચકવા - રાખવા - જરૂર પડતાં ખોરાકના પેકેટો વચ્ચે તંબુ નાખવા પડે તો? – એ વિશેની તૈયારીઓ થઇ અને આગેકૂચ શરૂ થઇ. ઊંચા ચઢાણ, વિષમ વાતાવરણ અને ઓછામાં ઓછી જરૂરિયાતવાળો આશરે ૪.૫ કિ.ગ્રા.નો સામાન બધા પાસે હતો.

આગળ વધતાં વધતાં તકલીફો શરૂ થઇ અને ઘણા પાચા ફરી ગયા. પરંતુ એડમન્ડ હિલેરી અને શેરપા તેનસીંગ અડગ રહ્યા. બંને હવે એકલા હતા ત્યાં એક દિવસ એડમન્ડના બુટો બરફવાળા થઈ સાવ થીજી જતાં તે ઓગળી શકે તેટલા તડકા માટે રોકાવું પડ્યું. આ વખતે તેઓ પાસે વિશેષ વજનવાળો સામાન હતો – બંને એકલા હતા.

તા. ૧૬-૦૫-૧૯૫૩ના રોજ આશરે ૨૩,૯૦૦ ફીટની ઊંચાઈ સુધી પહોંચી ગયેલા. આગળ વધતાં તેઓ બંને એવરેસ્ટ શિખરથી બહુ ખાસ દૂર નહોતા ત્યાં એડમન્ડનો પગ લપસ્યો અને એ ગબડી પડ્યા પરંતુ તાનસીંગે તેને વધુ પડતા બચાવી લીધા. જે સ્થાન આજે પણ "હિલેરી સ્ટેપ" તરીકે જાણીતું છે.

અને અંતે... વાતાવરણની અતિ વિષમતાઓ વચ્ચે આખરે તા. ૨૯-૦૫-૧૯૫૩ના રોજ આ સર્વોચ્ચ એવરેસ્ટ શિખરે તેઓ પહોંચી ગયા જ્યાં તેઓ આશરે ૧૫ મિનિટ રોકાયા.

જય હિંદ.

*'નીલયમ', એસ.બી.એસ. સોસાયટી,*
*સહકારનગર મેઇન રોડ, મહિલા કૉલેજ પાસે, રૈયા રોડ,*
*રાજકોટ. • મો. ૯૪૨૮૩ ૪૯૮૧૨*

***કડવું છે પણ સત્ય છે : વખાણ કર્યા વગર કોઈ ખુશ થતા નથી પણ ખોટું બોલ્યા વગર કોઈના વખાણ થઈ શકતા નથી.***

# ગજીયો મૂંજો જોર જલાણું, જલાણેતી જૂલીઆં

લાલજીભાઈ મેવાડા

*શ્રી લાલજીભાઈ મેવાડા કચ્છી શબ્દ ભંડોળના ધની લોક સાહિત્યકાર છે. કચ્છી શબ્દો પર ઘણું કામ કરેલ છે.*

લોકગીતો એ લોકહૃદયના ઊર્મિઓની સતત વહેતી સરિતા છે. એટલે તેના પ્રવાહો લોકમાનસની સંવેદનાથી ધબકતા હોય છે. લોક સંસ્કૃતિની ઉજ્જવળ પરંપરાઓનું એક પાસું સમાજમાં મહત્ત્વનું રહ્યું છે. જ્યારે લોકજીવનના અનેક પ્રીંછ્યા અને વણપ્રીંછ્યા પાસાઓ પર લોકગીતો પ્રકાશ પાડે છે. નારી હૃદયની ઉત્કૃષ્ટ ભાવનાની સીમાપારની અભિવ્યક્તિ તેમાં રજૂ થતી હોય છે. નિર્મળ પ્રેમનું નિરૂપણ 'ખાયણા'ના ગીતો, 'ટપ્પા'ના ગીતો અને 'ગજીયો' જેવા ગીતોથી વ્યક્ત થતો હોય છે. એમ કચ્છી લોકસાહિત્યના ઊંડા અભ્યાસ દિનેશ એમ. જોશી નોંધે છે.

આજે અહીં મારે શબ્દના જીરામાંથી 'ગજીયો' શબ્દ અને તેના ભાવાત્મક અભિગમની વાત કહેવી છે. પણ! તેથી પહેલાં 'ગજીયા' ગીતની બે ચાર પંક્તિઓ મૂકવાની અદમ્ય ઇચ્છાને રોકી શકતો નથી.

*ગજીયો મૂંજો જોર જલાણું (૨)*
*જલાણેમેં જૂલેયાં... ભેંણ ગજીયો તી ગાઈયાં...*
*સવા બ સેરજા કડલા મૂંજા (૨)*
*પગેમેં તી પાઈયાં... ભેંણ ગજીયો તી ગાઈયાં...*

આ ગીતના કચ્છ પ્રદેશના લોકમાનસે તેને શ્રમગીત તરીકે સ્વીકારી લીધું છે. નાયિકા 'ગજીયો' (સિમેન્ટનો બ્લોક કે લંબચોરસ ઘાટ આપેલો પથ્થર) ઉપાડતી વખતે આ ગીત ગાતી હોય છે. અથવા ભરત ભરતાં કે અન્ય કામ કરતાં નાયિકા (સ્ત્રી) ગાતી હોય છે એવું જનમાનસ કહે છે. ગીત માનવ હૃદયની ઉત્કટ ભાવના વ્યક્ત કરવાનું હાથવગું સાધન છે.

ભાષાની શોધ થયા બાદ સૌ પ્રથમ પોતાની ઉર્મિઓને વાચા આપવા અનાયાસે માનવીથી ગીતનું સર્જન થયું હશે. ભાવ જ્યારે પરાકાષ્ઠાએ પહોંચે છે ત્યારે ગીત બને છે. માનવ સંવેદનશીલ પ્રાણી છે. જીવનમાં હર્ષ કે વિષાદની ઘટનાઓ બનતા માનવીનું હૈયું હાત રહેતું નથી અને માનવીના જીવનની રાગાત્મક વૃત્તિના કારણે સ્વર અને શબ્દોથી ગીતનું સર્જન થતું હોય છે. ઉપરોક્ત ગજીયા ગીતમાં પણ આવું જ એક પાસું છુપાયેલું છે પણ કચ્છ પ્રદેશની તાસીર અને તેના લોકસાહિત્યથી અજાણ એવા લોકસમૂહે ઉપરોક્ત વાતને સ્વીકારી લીધી છે. પણ વાત કંઈ જુદી જ છે.

આ ગીતમાં નારી (નાયિકા)ના નિર્વાક પ્રેમનું નિરૂપણ છે. આ ગજીયો ગીત શ્રમગીત નથી. જેના કેટલાક પાસાથી માહિતગાર થઈએ તો આપણને એ વાત ખરી લાગશે.

આ ગજીયો શબ્દનો અર્થ જોતાં શ્રી દુલેરાય કારાણીજીના કચ્છ શબ્દકોશમાં ગજીયો શબ્દ જ નથી. જ્યારે શ્રી પ્રતાપરાય ત્રિવેદીજીના શબ્દકોશમાં તે ઘડેલા પથ્થરનો ઘાટ જેવો અર્થ મળે છે અને ગુજરાતી સાર્થ જોડણી કોશમાં 'ગજ' શબ્દના પેટા વિભાગમાં તે ગજના માપ જેટલું કપડું એવા અર્થ સ્વરૂપે જોવા મળે છે.

વળી, ભગવદ્‌ગોમંડલમાં પણ એજ અર્થમાં આલેખાયેલું છે. ઉપરોક્ત બંને વિદ્વાનોના શબ્દકોશ અને ભગવદ્‌ગોમંડલમાં જોતા ક્યાંય પણ સિમેન્ટનો બ્લોક કે પથ્થરનો ઘડેલો ઘાટ એવો ઉલ્લેખ મળતો નથી. મૂળ આ શબ્દ સંસ્કૃત અને ફારસી ભાષાના 'ગજ' (લંબાઈ માપવાનું ૨૪ તસુનું માપ) પરથી આવ્યું છે અને સંસ્કૃત ભાષામાં અન્ય અર્થમાં હાથી એવો અર્થ સૂચવે છે. જે આ ગીત હાથીની મદમસ્ત ચાલનું સૂચક અર્થ પણ બતાવે છે. અન્ય એક વાત કરીએ તો આ ગીત ડોલન શૈલીનું ગીત છે. જે નાયિકા ગાતાં ગાતાં રમતી હોય છે અને અન્ય સ્ત્રી સમુદાય પણ તેની સાથે રમવા પોતાની ઇચ્છાને રોકી શકતો નથી. એ તો ઠીક છે પણ જે શ્રોતા વર્ગ છે તે પણ આ ગીતની રજૂઆત સમયે ડોલ્યા વિના રહી શકતો નથી. તો નાયિકા ગજીયો (પથ્થર)ને ઉપાડી કેવી રીતે ચાલી શકે? અથવા અન્ય કામ કરતાં તે કેમ ગાઈ શકે? આ ગીત કેટલો સમય પૂર્વે લખાયું હશે એ કહેવું મુશ્કેલ છે પણ એટલું જરૂર કહી શકાય કે એ જમાનો હાથવણાટથી બનતા કાપડનો હશે. હજી હમણા જ પરણીને આવેલી નવયૌવનાનું યૌવન ભરપૂર ખીલ્યું છે અને હાથવણાટના કાપડમાંથી બનાવેલા વસ્ત્ર (ચોડી-કબજા) વારંવાર ધોતાં ચડી જાય છે, ટૂંકા થઈ જાય છે અને યૌવનમાં વિકસિત થયેલા પોતાના અંગોને જોઈને પોતે શરમાય છે. વળી, પરદેશ કમાવા ગયેલા

(અનુસંધાન : જુઓ પાના નં. – ૫૧ ઉપર)

# ભુજના અબ્બાસઅલી પીરની ઐતિહાસિક દાસ્તાન



નરેશ અંતાણી

*ભુજના પશ્ચિમ છેવાડે અબ્બાસઅલી પીર તરીકે પૂજાતા અબ્બાસઅલી મૂળ પુનાના વતની, બ્રિટીશ લશ્કરના કુશળ રસાલદાર તરીકે નિવૃત્ત થયા પછી તેમણે કચ્છને પોતાની કર્મભૂમિ બનાવી લીધી અને આમરણ કચ્છની સેવા કરી. વાગડના પથુજી વાઘેલા અને તેમની મિત્રતાની અજોડ દાસ્તાન કચ્છના ઈતિહાસમાં કંડારાઈ છે.*

કચ્છના ઈતિહાસમાં એવા કેટલાય અમર પાત્રો છે કે જેઓ મૂળ કચ્છના ન હોય છતાંય કચ્છને પોતાની કર્મભૂમિ બનાવી માતૃભૂમિ સમાન પ્રેમ કર્યો અને તેના માટે જરૂર પડ્યે બલિદાન આપ્યા છે. આજે આવા જ એક પાત્રની વાત કરવી છે.

ભુજ શહેરની પશ્ચિમે હાલના એસ.ટી. વર્કશોપ પાસે અબ્બાસઅલી પીરનો મકબરો છે. નવી પેઢી આ અબ્બાસઅલીના નામથી અપરીચિત હોય એ સંભવ છે. અબ્બાસઅલી પીરનો મકબરો આજે પણ આપણે નિહાળી શકીએ છીએ. આ અંગેની ઐતિહાસિક હકીકત કચ્છના ઈતિહાસમાં બહુ ઓછી નોંધાઈ છે.

અબ્બાસઅલી સૈયદ મુસલમાન હતા અને તેમનું મૂળ વતન પૂના હતું. તેઓ બ્રિટીશ સરકારના લશ્કરની સાથે કચ્છમાં ફરજના ભાગરૂપે આવ્યા હતા. બ્રિટીશ સરકારની છાવણી જ્યારે કચ્છમાં આવી ત્યારે તેઓ તેના ઘોડેસવાર રસાલામાં રસાલદાર તરીકે ફરજ બજાવતા હતા. તેઓ કચ્છમાં લાંબા સમય સુધી રહ્યા હતા. તેમની કચ્છમાંની આ ફરજ દરમ્યાન જ તેઓ બ્રિટીશ સરકારની સેવામાંથી નિવૃત્ત થયા હતા. આ સમયે કચ્છમાં રાવ દેશળજી બીજા (ઇ.સ. ૧૮૧૯ – ૧૮૬૧)નું શાસન હતું. બ્રિટીશ સરકારની નોકરી પછી અબ્બાસઅલીએ પોતાના વતન જવાના બદલે કચ્છ રાજ્યની નોકરીમાં જોડાયા. કચ્છ રાજ્યના રસાલામાં એ સમયે ઘોડેસવાર રસાલાને વ્યવસ્થિત કરી, આધુનિક ઢબે તૈયાર કરવાની જવાબદારી તેમને સોંપવામાં આવી. થોડા જ સમયમાં કચ્છ દરબારનો વિશ્વાસ તેમણે સંપાદન કરી લીધો. તેમનો પરિવાર પણ સારી પ્રતિષ્ઠા ધરાવતો હતો અને ખાનદાન પણ હતો. એ સમયના ઘણા ગરાસિયા પરિવારો સાથે અબ્બાસઅલી સારો નાતો ધરાવતા હતા. આથી ગરાસિયા પરિવારોની ડેલીએ તેમનો આવરો જાવરો પણ રહેતો. તેમની ડેલીએ યોજાતા ડાયરાઓમાં પણ તેમને માનભેર નિમંત્રવામાં આવતા. પરિણામે ગરાસિયા પરિવારોના બ્રિટીશ સરકાર કે કચ્છ રાજ્ય સાથે ચાલતા કેસ કે વિવાદોથી પણ તેઓ સારા માહિતગાર રહેતા.

વાગડના બેલાના પથુજી વાઘેલાનો કચ્છ રાજ્યમાં એક કેસ ચાલતો હતો. કેટલાક કેસ અને દંડના કારણે તેમનો કેટલોક ગરાસ કચ્છ રાજ્યે જપ્ત કર્યો હતો. આ કેસના કારણે પથુજી અવારનવાર ભુજ આવતા હતા. તે પણ ડાયરાઓના શોખીન હોવાથી ભુજમાં ગરાસિયાઓની ડેલીએ તેમની પણ અવરજવરને કારણે પથુજી અને અબ્બાસઅલીની મિત્રતા બંધાઈ હતી અને તે એટલી ગાઢ થઈ હતી કે તેઓ એક બીજાની મશ્કરી પણ કરી લેતા હતા.

આમ છતાં એક ડાયરા દરમ્યાન જૂના સમયના રજપૂતોની વાત નીકળતાં અબ્બાસઅલીએ પથુજીની મજાક કરી કે, 'હવે તમે વાઘેલાઓ પહેલા જેવા રહ્યા નથી... તો જ તમારો ગરાસ જપ્ત થાય અને તમારે છેક ભુજ સુધી કોર્ટ કચેરીમાં આવી અમલદારોની ખુશામત કરવી પડે છે.' બંને મિત્રો વચ્ચે મજાક મશ્કરીનો વહેવાર હોવા છતાં તેમની આ મજાક પથુજીથી સહન ન થઈ અને તે ખૂબ જ ઉશ્કેરાઈ ગયા અને બંને વચ્ચે ખાસી બોલાચાલી થઈ.

અબ્બાસઅલીની મજાકે પથુજીના માનસ પર ખૂબ જ મોટી અસર કરી. બંને મિત્રો હોવાથી બીજું કોઈ પગલું ન ભરી લેતા પથુજી તુરંત વાગડ ભેગા થયા અને બેલા જઈને પોતાના પરિવારને પિયર મોકલી, પોતાના ખાસ વિશ્વાસુ સાથીઓને એકઠા કરી હથિયારબંધ ઘોડાઓ તૈયાર કરી બહારવટીએ ચડ્યા. બેલાથી રણ પાર કરી સિંધમાં જઈને દેકારો મચાવી દીધો. સિંધમાં અનેક નિર્દોષ નાગરિકોને તેઓ લૂંટવા લાગ્યા. ચારેકોર ત્રાહિમામ મચાવી દીધો.

આ સમાચારો કચ્છમાં મળતા કચ્છ રાજ્યનો રસાલો તેમને જેર કરવા તેમની પાછળ પડ્યો. બ્રિટીશ સરકાર તરફથી પણ તેમને પકડવા તાકીદ કરવામાં આવી અને દબાણ પણ વધતું ચાલ્યું. આથી કચ્છ રાજ્યે અબ્બાસઅલીને પોતાના ચુનંદા કાફલા

સાથે જઇને પથુજીને પકડવા હુકમ કરાયો. પથુજી અબ્બાસઅલીના સારા મિત્ર હોવા છતાં સરકારી હુકમ અને ફરજ સામે તે લાચાર હતા.

પથુજીના સિંધમાં અનેક મિત્રો હોવાથી તે સિંધ અને વાગડમાં અવારનવાર લૂંટફાટ મચાવી સિંધમાં તેના મિત્રોને ત્યાં ભરાઈ રહેતા. જેથી અબ્બાસઅલીના હાથે આવતા જ નહીં. આથી એવા આક્ષેપ થવા લાગ્યા કે પથુજી અબ્બાસઅલીના મિત્ર થાય. તેથી તેને પકડવામાં તેઓ ઢીલ કરે છે. હકીકત જુદી જ હતી. અબ્બાસઅલી પોતાની ફરજ ખૂબ જ નિષ્ઠાપૂર્વક બજાવતા હતા પરંતુ પથુજી તેમને કાયમ ચકમો આપતા રહેતા હતા.

એક વખત અબ્બાસઅલી પથુજીની શોધમાં પોતાના કાફલા સાથે કચ્છના રણમાં નીકળ્યા હતા. એવા સમયે અચાનક બંને સામસામા આવી ગયા. બંને કાફલાઓ વચ્ચે થોડી લડાઈ પણ થઈ. પરંતુ પથુજીનો કાફલો ખાસ્સો મોટો હોઈ અબ્બાસઅલીના ઘોડેસવારો પાછા ફરી ગયા. આ વખતે પથુજી અને અબ્બાસઅલી બંને સામસામે આવી ગયા. અબ્બાસઅલી એકલા જ હતા. આથી તેના પર વાર કરવાને બદલે પથુજીએ પોતાના સાથીદારોને અબ્બાસઅલીની દાઢી-મૂંછ કાઢી લેવાનો આદેશ કર્યો. આથી અબ્બાસઅલીએ પથુજીને જણાવ્યું કે, તેના કરતાં પોતાને મિત્રના હાથે મરવું વધુ પસંદ છે. આથી તે તેને મારી નાખે. એવું કહેતા પથુજીએ અબ્બાસઅલી હવે પછી પોતાનો પીછો નહીં કરે એવું વચન મેળવી, તેમને પરત જવા દીધા.

પથુજીની બહેનના લગ્નનો પ્રસંગ હોતા પથુજી લપાતા છુપાતા વડવા આવ્યા અને ભાઈ તરીકેનો બધો વહેવાર કરી થોડા દિવસ છૂપા વેશે રોકાઈ સંન્યાસી વેશમાં સિંધ પરત જતા હતા તે દરમ્યાન નાગા બાવાઓની એક જમાત સિંધમાં હિંગલાજ પીરસવા જતી હતી. તેની સાથે મેળાપ થતાં અને વાર્તાલાપ થતાં પથુજી સંન્યાસીના કોઈ નીતિ નિયમો કે સિદ્ધાંતો જણાતા ન હોઈ એમની પોલ ખૂલી ગઈ અને નાગાબાવાઓએ તેમને કચ્છ રાજયને સોંપી દેતાં કચ્છ રાજયે પથુજીને તેમના અનેક અપરાધોની સજારૂપે તોપના નાળચે બાંધીને ફૂંકી મારવાની સજા કરી. આ સજાનો અમલ કરતાં ભુજ શહેરમાં કોઈ ઉહાપોહ ન સર્જાય એ માટે ભુજથી દસ માઈલ દૂર કરવાનું નક્કી કરાયું અને તે માટે પથુજીને બેડી-દસકલા સાથે બાંધીને રાતોરાત લઇ જવામાં આવ્યા. સાથે પોલીટીકલ એજન્ટના કેટલાક પોલીસો પણ સાથે રવાના થયા.

પથુજીની સજાનો અમલ થાય એ પહેલાં અંધારી રાતમાં પથુજીએ ગમે તે રીતે સિપાહીને ચકમો આપીને નાસી છુટ્યા અને થોડા દિવસ પાછા પોતાની બહેનના ઘરે વડવા ગામમાં સંતાઈને રહ્યા પછી સિંધ પહોંચી ગયા. સિંધ પહોંચ્યા પછી પુનઃ પોતાના સાથીદારોને એકઠા કરી બમણા વેગે લૂંટફાટ અને આતંક મચાવવાનું શરૂ કર્યું.

કચ્છ રાજ્યે પથુજીને પકડવા માટે મોટી રકમના ઈનામો જાહેર કર્યા. બ્રિટીશ સરકાર તથા કચ્છ અને સિંધની પ્રજામાંથી પણ પથુજીને પકડવા માંગણી થવા માંડી. આથી ભુજમાં કચ્છ રાજ્યે અબ્બાસઅલી રસાલદાર પર તાકીદનો હુકમ કરી ગમે તેમ કરીને પથુજીને પકડવા આદેશ કરવામાં આવ્યો.

આ કારણે અબ્બાસઅલી માટે ધર્મસંકટ આવી પડ્યું. એક બાજુ ફરજ અને બીજી બાજુ પથુજીને તેની પાછળ ન પડવાનું આપેલું વચન! જેને કારણે અબ્બાસઅલી વિમાસણમાં પડી ગયા. આથી બને ત્યાં સુધી હુકમનો અમલ કરવામાં ઢીલ કરવા લાગ્યા. પરંતુ કચ્છ રાજય અને બ્રિટીશ સરકારને તેઓ જાણી જોઈને ઢીલ કરે છે તેની જાણ થતાં આક્ષેપ અને તાકીદ કરવામાં આવી. આથી નાછુટકે અબ્બાસઅલી પથુજીને પકડવા રણના માર્ગે રવાના થયા.

આ બાજુ પથુજીને રણમાં કચ્છનું લશ્કર તેને પકડવા આવ્યું હોવાની જાણ થતાં રણમાં જ ઊંટને ઝોકાવી તેની ઓથમાં પોતાના સાથીદારોને સંતાઇને કચ્છના લશ્કરનો સામનો કરવા અને ગોળીબાર કરવા આદેશ આપ્યો. વળી પથુજીને ખાતરી હતી કે અબ્બાસઅલીએ વચન આપ્યું છે તેથી તે કચ્છના લશ્કરમાં હશે જ નહીં. આથી સામસામા ગોળીબારો થવા લાગ્યા. કચ્છ રાજયના રસાલા પાસે માત્ર ઘોડાઓ જ હતા. તેથી રણમાં તેમને કોઈ ઓથ મળી શકે તેમ નહોતી. પથુજીએ છોડેલી એક ગોળી અબ્બાસઅલીને વાગી ગઈ અને તે ત્યાં જ ઢળી પડ્યો અને તેમનું અવસાન થયું. આથી કચ્છ રાજયનું લશ્કર તેમને ત્યાં જ મૂકીને પરત ફરી ગયું.

પથુજીએ મૃત્યુ પમેલા કચ્છ રાજયના સિપાહીઓના મૃતદેહ જોયા અને જાણ્યું કે પોતાની ગોળીથી ખુદ અબ્બાસઅલી જ મરણ પામ્યા છે. તેથી તેને ખૂબ જ દુઃખ થયું અને પોતાની સાથે રાખેલી રેશમી ખાંપણ તેને ઓઢાડી દીધી.

ભુજમાં અબ્બાસઅલીના અવસાનના સમાચાર મળતાં રાજયનો દરબારી રસાલો તેમની અંતિમ વિધિ કરવા પુનઃ રણમાં આવ્યો અને તેમના મૃતદેહને ભુજમાં લાવી સરકારી માન સન્માન સાથે દફનાવવામાં આવ્યા અને તે જગ્યાએ મકબરો બનાવવામાં આવ્યો, જે આજે પણ છે.

જો કે, અબ્બાસઅલીના મરણના સંબંધમાં અન્ય એક વિગત પણ મળે છે. એ મુજબ સિંધનો લૂંટારો તાર લુણાઈ અંગ્રેજો સામે લડતો હતો પરંતુ તે માનતો હતો કે અંગ્રેજો સામે લડવા માટે અમુક પ્રદેશ પોતાના કબજામાં હોવા જરૂરી છે. આ માટે તેણે કચ્છ પર નજર કરી. આથી તેણે પોતાના ૩૦૦૦ માણસો સાથેનું લશ્કર હબાયના ડુંગર પર ગોઠવું અને સૌપ્રથમ અંજાર પર હુમલો કર્યો. અંજારમાંનું બ્રિટીશ લશ્કર સૈયદ કુતુબશાહની આગેવાની

હેઠળ તાર લુણાઇનો સામનો કરતું રહ્યું. પરંતુ કંપની સરકારે લૂંટારા સામે વધુ સખ્તાઇથી કામ લેવા અબ્બાસઅલીને મોકલ્યા અને તેમણે અંજારના ગંગા નાકામાં લૂંટારાઓનો સામનો કરી સફળતા મેળવી હતી. મૌલાના હાફીઝ મોહમ્મદ હાશિમ સત્તારીએ માર્ચ ૨૦૧૧માં પ્રકાશિત કરેલું પુસ્તક 'તારીખે ઓલિયાએ કચ્છ'માં જણાવ્યા મુજબ તાર લુણાઇ અંજારમાં અબ્બાસઅલીના હાથે મરાયા બાદ તેના માણસોનો અબ્બાસઅલીએ હબાય સુધી પીછો કર્યો અને તે દરમ્યાન થયેલી ઝપાઝપીમાં તેમના માણસોની ગોળી અબ્બાસઅલીને વાગતાં તેમનું અવસાન થયું.

આમ, તેના મરણ અંગે બે વિગતો જુદી જુદી મળે છે. જો કે કચ્છ કલાધરમાં દુલેરાય કારાણી પણ અબ્બાસઅલી પથુજીના હાથે જ મરણ પામ્યા હોવાની પુષ્ટિ કરે છે.

તેમના અવસાન પછી તેમનું કોઈ સગું કે વહાલું ન હોઈ, કચ્છ રાજ્યે તેમની મિલ્કતમાંથી એક ટ્રસ્ટ બનાવ્યું. જેમાં કચ્છ રાજ્યે પણ પોતાની સારી એવી રકમ આપી. આ ટ્રસ્ટના સંચાલન હેઠળ જ મકબરો બાંધવામાં આવ્યો અને તેના નિભાવ, ધૂપ લોબાન, મુજાવરનો પગાર, તેને રહેવા મકાનની વ્યવસ્થા કરવામાં આવી અને આ ટ્રસ્ટ જાગીરના તથા મુંજાવરના પરિવારના કાયમી નિભાવ માટે આવક ઊભી કરવા ગળપાદર ગામે કેટલોક ગરાસ આ ટ્રસ્ટને આપવામાં આવ્યો. ટ્રસ્ટનો સમગ્ર વહીવટ કચ્છ રાજ્યની પોલીસ કરતી હતી, જે આઝાદી મળતા સુધી કરવામાં આવતો હતો.

આ બાજુ પોતાના હાથે જ પોતાના પરમ મિત્રનું અવસાન થવાથી પથુજીએ બહારવટું છોડી દીધું અને સિંધમાં થરપારકરમાં રહીને પોતાની બાકીની જિંદગી પસાર કરી.

આ લેખાંકના પ્રથમ મણકામાં કહેવાયા મુજબ અબ્બાસઅલી પૂનાના વતની હતા પરંતુ અન્ય આધાર તે પંજાબના વતની હોવાનું જણાવે છે. તેની પણ અહીં નોંધ લેવી જરૂરી હોઈ તેની વિગતો ટૂંકમાં જોઈએ.

અબ્બાસઅલી પૂનાના વતની હતા તે વિગતો અહીંથી શંભુદાન ગઢવીના પુસ્તક 'કચ્છ દર્શન'ના સંદર્ભથી આપવામાં આવી હતી. તો મૌલાના હાફિઝ મોહમ્મદ હાશિમ અત્તારીએ માર્ચ ૨૦૧૧માં પ્રકાશિત કરેલું પુસ્તક 'તારીખે ઓલિયાએ કચ્છ'માં જણાવાયું છે તે મુજબ અબ્બાસઅલી મૂળ પૂર્વ પંજાબના સૈયદ સાદાત હતા.

તારીખે ઓલિયાએ કચ્છમાં અબ્બાસઅલીની રોજિંદી દિનચર્યા તથા તેમના અંગે કેટલીક વિગતો પણ આપવામાં આવી છે તે મુજબ અબ્બાસઅલી બ્રિટીશ સરકારની ફરજમાં હતા ત્યારે અંગ્રેજ રેસિડેન્ટના બંગલાની બાજુમાં જ તેમના માટે ખાસ ક્વાર્ટર તૈયાર કરવામાં આવ્યું હતું. તેઓ સવારના વહેલા ઉઠી જતા અને નમાઝ અદા કરતા અને ધાર્મિક પુસ્તકોનું વાંચન કરતા. એ પછી ફરી ફજરની નમાઝ અદા કરી ભુજના પરેડ ગ્રાઉન્ડમાં જતા. ત્યાં સતત ત્રણ કલાક સુધી પલટણને પરેડ કરાવી પરેડ ગ્રાઉન્ડની બાજુમાં જ આવેલી એક ટેકરી પર દાતમ કરતા ને એ પછી મહાદેવ નાકા પરની બાર વાગ્યાની તોપ ફૂટે ત્યાં સુદી બંદગીમાં લીન થઇ રહેતા.

આમ, મૂળ કચ્છના ન હોવા છતાંય અબ્બાસઅલીએ કચ્છને પોતાની કર્મભૂમિ બનાવી માતૃભૂમિ સમાન પ્રેમ કર્યો અને તેના માટે બલિદાન પણ આપ્યું એ મહત્ત્વની વાત છે અને એથી જ આજેય અબ્બાસઅલી પીર પર માથું બનાવવા સર્વ કોમના લોકો આસ્થાપૂર્વક જાય છે.

*'ભૂમા નિકેતન', ૨૨/બી, શિવમ્ પાર્ક,*
*નાના યક્ષ મંદિર પાસે, માધાપર રિંગ રોડ,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૪૩૨૪૨, મો. ૯૯૮૯૨ ૨૦૪૭૮*

*નોંધ : 'કચ્છમિત્ર'માં કટાર લેખક તરીકે રહી ચૂકેલા કચ્છના ઈતિહાસકાર તરીકે એક નામ શ્રી નરેશભાઈનું મૂકી શકાય. કચ્છના ઈતિહાસને ઉજાગર કરતાં ઘણા અભ્યાસલક્ષી લેખો તેમના પ્રગટ થયા છે. – તંત્રી*

## ખૂબ ખૂબ અભિનંદન



**શ્રી જીગર તારાચંદભાઈ છેડા**
**પ્રમુખ, શ્રી સર્વ સેવા સંઘ (કચ્છ) ભુજ**
**પ્રમુખ, શ્રી ક.વી.ઓ. જૈન મહાજન - ભુજ**

સ્નેહ, સેવા અને શિક્ષણના સિદ્ધાંતોને અનુસરીને અનશનવ્રતધારી શ્રી તારાચંદભાઈ છેડાની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ અનેકવિધ માનવસેવા અને જીવદયાના સેવાકીય કાર્યો કરતી સંસ્થાઓમાં આપની ઉપરોક્ત હોદ્દા પર નિમણુંક થતા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ આપને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

# પ્રતિભાના પોંખણા



શ્રીમતી ફાલ્ગુની હિરેન

*શ્રીમતી ફાલ્ગુનીબેન હિરેન શાહ વિવિધ સાંસ્કૃતિક અને આર્ટસ - કલાના અભ્યાસુ છે. તેમની કલાની અભિરૂચિ અને અભ્યાસની પારદર્શકતા તેમના આલેખનમાં પ્રગટ થાય છે.*

*– તંત્રી*

**"Age is Just a Number"** – આ વાક્ય આપણે અવારનવાર સાંભળતા હોઈએ છીએ, વાપરતા હોઈએ છીએ. સ્ફુર્તિ અને તરવરાટથી ભરપૂર કોઈ વયસ્ક વ્યક્તિને જોઈને આ વાક્ય સાર્થક થતું જોતા હોઈએ છીએ. આજે આપણા સમાજના એક એવાં સન્નારીની વાત કરીશું, જેમણે ઉપરોક્ત વાક્યને ખરા અર્થમાં સાચું કરી બતાવ્યું છે.

તાજેતરમાં જ યુનિવર્સિટી વિસ્તારમાં આવેલ 'અમદાવાદ આર્ટ ગેલેરી' ખાતે એક ચિત્ર પ્રદર્શન યોજાયું હતું. ૬ દિવસના આ પ્રદર્શનમાં ૬ કલાકારોના ચિત્રો મૂકાયાં હતાં. એમાં સૌથી નાની વયની કલાકાર માત્ર ૧૫ વર્ષની હતી અને સૌથી વધુ ઉંમરના કલાકાર ૬૭ વર્ષના હતાં. પ્રદર્શનની મુલાકાતે આવનાર સૌ કલા રસિકોને પ્રેમથી આવકારવા, એમને ચિત્રો બતાવવા, એમના સવાલોના જવાબો આપવા, અન્ય ચિત્રકારો અને ગુરૂજીનો પરિચય કરાવવા, ચિત્રની ઝીણી ઝીણી ખાસિયતો કહેતા કહેતા સમગ્ર ગેલેરીમાં એમનો ઉત્સાહ જાણે ઉડીને આંખે વળગતો હતો. ઉંમરને અવગણીને, બોલચાલમાં જોમ છલકાવતાં આ કલાકાર એટલે ભારતીબેન અશ્વિનભાઈ સાવલા.





શ્રીમતી ભારતીબેન અશ્વિનભાઈ સાવલા

એમના ગુરૂ જાણીતા ચિત્રકાર વિનોદ પટેલ અને સૌ સાથી કલાકારો તો એમના વખાણ કરતા થાકતા ન હતા. સાથે જ આર્ટ ગેલેરીમાં આવનાર સાવ અજાણ્યા લોકો પણ ઉંમરની સરખામણીએ એમના જોશને જોઈને આશ્ચર્યચકિત થતા અને એમની કલાની સાથે એમના જુસ્સાને અચૂક બિરદાવતા. ભારતીબેન પ્રસન્ન વદને, પ્રશંસાના એ પુષ્પોને નમ્રતાથી સ્વીકારતાં.

ભારતીબેનને આપણે સૌ એક મીઠાબોલા, પ્રેમાળ વ્યક્તિ તરીકે ઓળખીએ છીએ. એવી સરળ અને સંવેદનશીલ વ્યક્તિ, જે અન્યની તકલીફમાં અચૂક પડખે ઊભી રહે. એમની નજીકના લોકોએ એમની રસોઈકલા કૌશલ્યનો પણ સ્વાદ ચાખ્યો છે. આસપાસના નાના બાળકોને, પેપર, સળેખડી કે ચોકલેટ રૅપર જેવી હાથવગી વસ્તુઓથી ઢીંગલી કે અન્ય વસ્તુઓ બનાવી આપી છોકરાઓના દિલ જીતી લેતાં જોયા છે. પરંતુ એમના ટેરવે રમતી ચિત્રકલાના કસબ વિશે તો અણસારેય ન હતો. એટલે વાતચીત થકી એમના જીવન વિશે અને કલા સફર વિશે જાણ્યું.

ભારતીબેનનો જન્મ જામનગરમાં થયો હતો. એમના પિતા રેલવેમાં નોકરી કરતા હતા. એમની મહારાષ્ટ્રના ભુસાવળમાં બદલી થઈ એટલે પરિવાર ત્યાં રહેવા ગયો. ત્યારે ભારતીબેનની ઉંમર માત્ર ૧૦ મહિનાની હતી. એટલે એમનું બાળપણ ભુસાવળમાં વિત્યું અને ભણતર પણ ત્યાં જ થયું. ગુજરાતી તો લખતા વાંચતાય ન શીખ્યાં પરંતુ બાળપણથી તેમની કલા પ્રત્યેની અભિરૂચિ દેખાતી ગઈ. નાનપણમાં તેઓ રંગોળીઓ કરતાં, ચિત્રો દોરતાં અને થોડું ઘણું લખતાંય ખરા. એમની આ આવડત માટે સ્કુલમાં તેમને ઘણા મેડલ્સ પણ મળેલા. દીકરીની કલા જોઈને પિતાજીએ એમને એ ક્ષેત્રમાં આગળ વધવા પ્રોત્સાહિત કર્યા. પણ ભુસાવળ નાનું ગામ. એટલે ત્યાં ચિત્રકામને લગતી કોઈ કોલેજ કે સંસ્થા ન હતી. એટલે પોસ્ટલ કોર્સ માટે તપાસ કરી. ત્યારે લંડનથી આવો કોરસપોન્ડન્સ કોર્સ ઉપલબ્ધ હતો. એમાં બે વિકલ્પો હતા : પત્રકારત્વ અને કાર્ટુનિસ્ટ. પિતાએ આગ્રહ કર્યો કે તું







**શ્રીમતી ભારતીબેન અશ્વિનભાઈ સાવલાના પેઇન્ટીંગ્સ**

કાર્ટુનિંગ જ કર. ભારતીબેન માટે તો 'ભાવતું'તું ને વૈદ્યે કીધું' જેવો ઘાટ થયો. લંડનની કોલેજમાંથી બે વર્ષનો કોર્સ તેમણે ભુસાવળ બેઠે દોઢ વર્ષમાં પૂરો કર્યો અને A+ પણ મેળવ્યો.

એ સમયે અમર ચિત્રકથાઓનો જમાનો હતો. છોકરાઓના જ્ઞાનવર્ધન અને મનોરંજન માટે અમર ચિત્રકથાઓ ખૂબ વંચાતી. તે સમયે ભારતીબેનને અમર ચિત્રકથા માટે ચિત્રકામ કરવાની ઑફર મળી હતી. પરંતુ તેમની સાથે પાંચ વર્ષના કરાર કરવાની શરત હતી. કોલેજમાં ભણતા ભારતીબેન માટે તો લગ્નના માંગા આવવા લાગેલા. એટલે એ ઑફર તેમણે નકારવી પડી. ને તેઓ અશ્વિનભાઈ સાથે લગ્ન કરીને ગૃહિણી તરીકેની જવાબદારીઓમાં પડી ગયાં. બે છોકરાઓને ઉછેરવામાં અને ઘર સંભાળવામાં શોખને યાદ કરવાનો પણ સમય મળતો નહીં.

પરંતુ કલાકાર જીવ એટલે એમને એમ બેસી શકે? જીવનની વ્યસ્ત ઘટમાળ વચ્ચે પણ ભારતીબેન બોટલ પેઇન્ટીંગ, ક્લે ટ્રે મેકિંગ, કચ્છનું મડ વર્ક (માટી કલા) કરતાં રહ્યાં. Quiling માં તો એમણે મહારત મેળવી. જ્વેલરી, ફ્રેઇમ્સ, ઘડિયાળ – એવી કેટલીય વસ્તુઓ તેઓ હાથે બનાવતા. નવી આર્ટ શીખવા માટે શિબિરોમાં જતા અને પછી પોતાની સર્જનશીલતા અને કલ્પના શક્તિના મિશ્રણથી નવી નવી સુંદર વસ્તુઓ બનાવતા. આમ, તેમણે કલા સાથેનો નાતો અકબંધ રાખ્યો.

છોકરાઓ મોટા થતા ગયા. મમ્મી થકી એમનું પણ કલા સાથેનું અનુસંધાન કેળવાતું ગયું. પુત્ર ચિંતને તબલાં શીખવું શરૂ કર્યું. સમાજમાં પણ એણે તબલાં વાદન કર્યું હતું. ભણતરની સાથે છોકરાઓએ મમ્મીના કલાપ્રેમને પિછાણ્યો. ૧૯૯૯માં દીકરી નેહાલીએ કહ્યું, 'મમ્મી! તારે ફરીથી તારી પીંછી હાથમાં પકડવી જોઈએ. અમારી ચિંતા ન કર. અમે હવે મોટા થઇ ગયા છીએ. તું ફરી તારું આર્ટ શરૂ કર.' દીકરીના આ આગ્રહ સાથેના પ્રોત્સાહનથી ભારતીબેને આઝાદ સોસાયટીમાં રહેતા બાબુભાઈ પટેલના ક્લાસ શરૂ કર્યા. એમની પાસેથી તેઓ ઓઇલ પેઇન્ટીંગ શીખ્યાં. લગભગ ૧૦ વર્ષ સુધી એમણે ત્યાં તાલીમ લીધી. નાના મોટા ૪૫ ચિત્રો બનાવ્યાં અને ત્યારબાદ વિનોદ પટેલ પાસે પેન્સિલથી દોરવાનું શરૂ કર્યું. બેઝીક પેન્સિલથી કામ શરૂ કર્યું. પેન્સિલ કેમ પકડવી ત્યાંથી લઇને અણી કેવી રીતે કાઢવી, રંગ અને રેખાનો ઉપયોગ કેવી રીતે કરવો, સ્ટ્રોક્સ કેવી રીતે મારવા – આ બધા વિશેનું જ્ઞાન મેળવ્યું. કલાકારે બનાવેલી કૃતિ ઉપર વિશ્લેષણ મંથન કરવામાં આવતું. ક્યાં ક્ષતિ રહી ગઈ અથવા ચિત્રને વધુ સારું કેવી રીતે કરી શકાય? આ વાતની ચર્ચા થતી. બધાની વાહવાહી મળે, પણ આગળ વધવા માટે ખૂબ જરૂરી એવી ટીપ્પણીઓ પણ થતી. કેન્વાસ પેઇન્ટિંગ માટે આઉટડોર વર્કશોપ થતા. આ બધામાં ભારતીબેન ઉત્સાહભેર જોડાતાં. આર્ટ ગેલેરીની મુલાકાતોમાં જતાં. તેઓ સર સાથે આંતરરાષ્ટ્રીય કલા મેળામાં પણ જઇ આવ્યાં.

ચાર વર્ષોની તાલીમ દરમિયાન તેમણે ચિત્રોનું ત્રણ દિવસનું Exhibition કર્યું હતું. પરંતુ છ દિવસનું પ્રદર્શન એમની માટે પ્રથમ અનુભવ હતો. આ પ્રદર્શન માટે ભારતીબેને ખિસકોલીને વિષય તરીકે પસંદ કરી હતી. એના માટે ભારતીબેને જણાવ્યું હતું કે, 'મને ખિસકોલી ખૂબ જ ગમે. અમારા ઘરમાં પણ એ આવતી હોય, ફરતી હોય. એ ખૂબ જ નિર્દોષ પ્રાણી છે. એટલે પ્રાણી તરીકે તો પસંદ હતી જ, સાથે જ મારા માટે એનું ચિત્ર દોરવું, એક પડકાર પણ હતો. એના શરીર પરની રૂંવાટી અને પૂંછડીના વાળને પેન્સિલથી આબેહૂબ બનાવવા એ મોટી ચેલેન્જ હતી. ખિસકોલીના ફોટા ભેગા કરતી ગઈ અને સરના માર્ગદર્શન અને પ્રોત્સાહનથી ચિત્ર બનાવતી ગઈ. મેં તો ક્યારેય સ્વપ્નમાં પણ વિચાર્યું ન હતું કે મારી કલા, મારા સર્જનો, મારા ચિત્રો

ગેલેરી સુધી પહોંચશે અને લોકો એને જોવા આવશે. મારા પપ્પાએ મારા માટે જોયેલું સ્વપ્ન સાચું થયું, એવું મને લાગે છે.

આ પ્રદર્શન માટે તેમણે નાળીયેર પાણી પીતી ખિસકોલી, બીજા જીવ સાથે મિત્રતા કરતી અને મસ્તી કરતી ખિસકોલી, વણાટકામમાં માહેર એવી સુગરીનો માળો, પીંછી અને પેન્સિલથી બનાવેલ ઘર પાસે ગુફતેગુ કરતા ચકો-ચકી – એમ નાના નાના સુંદર પેન્સિલ ચિત્રો અને એક મોટું કેન્વાસ પેઇન્ટીંગ પ્રદર્શિત કર્યા હતા. પેન્સિલથી સર્જન કરવું એમને વધુ ગમે છે. વોટર કલર કે ઓઇલ પેઇન્ટ અને પેન્સિલથી લગભગ પાંચેક હજાર ચિત્રો એમણે બનાવ્યાં છે.

એક ગૃહિણીની જવાબદારી નિભાવતાં નિભાવતાં તેઓ દિવસના ૨-૩ કલાક પોતાના આ શોખ માટે ફાળવે છે. ભારતીબેન કહે છે કે, “એ બે કલાક દરમિયાન કોઈની દખલ ન હોય. ફોન પણ બાજુમાં મૂકી દઉં. પૂરી એકાગ્રતા સાથે મારું કામ થાય. કામના એ બે-ત્રણ કલાક મારા માટે ધ્યાન છે, મેડિટેશન છે. મારું આ પેશન છે. એ જ મારી પાસેથી કામ કરાવે છે. એટલે સુધી કે ક્યારેક ક્યાંક લાગણી દુભાઈ હોય, થોડું લૉ ફીલ કરતી હોઉં, ત્યારે તરત જ કલર્સ લઇને બેસી જાઉં. રંગોને જોઉં, ને હું બીજી દુનિયાને ભૂલી જાઉં. મન પાછું ફ્રેશ થઇ જાય.”

પ્રદર્શનમાં સાવ અજાણ્યા લોકો પાસેથી પણ કદર થતાં એમને લાગે છે કે તેમને હજુ વધુ અને સારું કામ કરવું છે.

સમાજની ગૃહિણીઓને સંદેશ આપતા ભારતીબેન ઉમેરે છે કે, ‘ઉંમર તો માત્ર એક આંકડો છે. એ આંકડાને અવરોધ બનાવ્યા વગર તમારા શોખને કેળવો, ગમતી પ્રવૃત્તિ કરો. ગાયન, વાદન, નૃત્ય, ચિત્રકલા હોય કે પછી સાઇકલિંગ, વોકિંગ કે રીડિંગ. જે ગમતું હોય તે કરો. તમે તમારા દુઃખોને ભૂલી જશો. બીમાર થઈને દવાઓ ખાવાની જરૂર નહીં પડે. જીવન વિશે કે શરીર વિશે કોઈ ફરિયાદ નહીં રહે. મન પ્રસન્ન રહેશે.’

નવું નવું શીખવાની - કરવાની માનસિકતા જ કદાચ ભારતીબેનને આ ઉંમરે પણ દોડતા રહેવાની શક્તિ આપે છે. એમના જુસ્સાને, ઉત્સાહને અને કલા-પ્રેમને સલામ. ભારતીબેન, તમારા હવે પછીના ચિત્ર પ્રદર્શનની અમે રાહ જોઈએ છીએ....

*(કલા પ્રદર્શનના નિમંત્રણ પર ચિત્રકાર તરીકે ભારતીબેનનું નામ વાંચી ખૂબ હરખ થયો અને ત્યારે જ વિચાર આવ્યો કે ભારતીબેનની આ છૂપી પ્રતિભાને છતી કરવી જોઈએ. એમના વિશે લેખ લખવો જોઈએ. બીજા દિવસે એમનો ઈન્ટરવ્યુ કરીને એમની કલા સફર વિશેની માહિતી મેળવી. ત્યારે વિચાર આવ્યો કે સમાજની આવી કેટકેટલીય પ્રતિભાઓ છે, જે ઢંકાયેલી હશે, પરદા પાછળ છૂપાયેલી હશે. આવી જાણી - અજાણી શક્તિઓને બહાર લાવવી જોઈએ. એ વિચાર સાથે ‘મંગલ મંદિર’માં નવી કોલમ શરૂ કરવાનો વિચાર સ્ફુર્યો છે. સમાજની પ્રતિભાઓને પોંખીએ, પ્રોત્સાહિત કરીએ અને તેમનામાંથી પ્રેરણા લઈએ એ જ આશય છે.)*

## ગજીયો મૂંજો જોર જલાણું, જલાણેતી જૂલીઆં

**(અનુસંધાન : પાના નં. – ૪૫ ઉપરથી ચાલુ)**

પતિના વિરહમાં તેનો જીવ મુંઝાય છે. એટલે કહ્યું છે કે; ‘ગજીયો મૂંજો જોર જલાણું’ – અહીં ગજીયાને જીવની ઉપમા આપી છે. આ ‘જીવ જલાણું’ – એટલે કે વળગણ લાગવું. હે પ્રિયે! તારા નામનું, તારા દર્શનનું મને વળગણ લાગ્યું છે.

કચ્છી ભાષામાં ‘જલાણું’ એટલે વળગણ લાગવું એવો અર્થ થાય છે. દા.ત. ‘હી પીરવારે કંઢે મિંજા જલાણું આય’ એટલે ત્યાંથી તેને (ભૂત-પ્રેતનું) વળગણ લાગ્યું છે. અને હે પ્રિયે! પછી તારા સવા બે સેરના કડલા જોઈ જોઈ મારો જીવ મૂંઝાતા ઝુલે (હિલોળે ચડે) છે. ‘જલાણેતી જૂલીયાં’ – આમ જલાઈ જવાથી ઝુલું છું. બહેન! (આમ) હું મારા દુઃખને રડું છું. આ તારા સવા બે સેરના કડલા પગમાં જોઉં છું અને તારી યાદ સતાવે છે. પછી આ કાંબી, આ નથ-નથડી, આ ચૂડલો તારી યાદના દર્દ માટે શું પૂરતા નથી? વારંવાર તેને પહેરું છું, ઉતારું છું.

આમ, નાયિકા પોતાના સૌભાગ્યના શણગારના અન્ય નામ લઈ પ્રિયતમને યાદ કરે છે.

આ ગીત પહેલા લખ્યું તેમ ડોલન શૈલીનું હોતા જ્યારે સ્ત્રીઓ રમે છે ત્યારે દેહને એટલી કમનીયતાથી કમાનની જેમ વાળે છે કે, તે પોતાની અંગભંગીઓને કાબૂમાં રાખી શકતી નથી. એટલું તો ઠીક છે પણ જે લોકો સાંભળે છે તે નાના-મોટા ડોલવા માંડે છે, કે ગણગણવા માંડે છે. એનો મતલબ એમ થયો કે, આ ‘ગજીયો’, ‘જીવ’ અને નાયિકાના સ્વરૂપે દરેકના હૃદયમાં બિરાજે છે.

આ ‘ગજીયો’ ગાતાં ‘મટકી’ (એ નામનો રાસડો) રમાય છે. કેટલાક સમય પૂર્વે દાગીના રાખવા - સાચવવા પિત્તળના ગોળ બેઠા ઘાટના ડબ્બા વપરાતા. જેને ‘ડાબર’ કહેતા. તેમજ તેને ‘ગજીયો’ પણ કહેતા.

ઉપરોક્ત વાતને સમર્થન આપતાં આ ગીતની આગળની કડીઓમાં એમ કહેવાયું છે કે,

***દેશ-પરદેશજા માડૂ રોંધલ (૨)***
***નીયાંપા હલાઈયાં... ભેંણ ગજીયોતી ગાઈયાં...***


***ગજીયો મૂંજી મિઠી રોટી (૨)***
***પરદેશજીતાં કમાઈ ખોટી... ભેંણ ગજીયોતી ગાઈયાં...***

માનવ સમૂહને આનંદ આપવા ખાતર પ્રયોજાતા લોકગીતોમાં રસ અનાયાસે આવી જવાથી મોરપીચ્છના રંગો સમાન તે દીપી ઊઠે છે. ઉરની ઉત્કૃષ્ટ ઊર્મિ રેલાવતી કેટલીક પંક્તિઓ રસશાસ્ત્રના નિયમોને અનુસરતી ન હોવા છતાં રસપ્રચૂર છે. ***(ક્રમશઃ)***

# મોબાઇલ તમારો મિત્ર છે કે દુશ્મન?



પરિતા શર્મા




● **મોબાઈલ આપણો મિત્ર છે કે દુશ્મન?**

આજના જમાનામાં ફોનનું વ્યસની થવું સ્વાભાવિક છે, પછી ભલે તમારી ઉંમર ગમે તેટલી હોય. ફોન આ યુગની જરૂરિયાત છે. માત્ર બાળકો જ ફોન સાથે જોડાયેલા નથી, પુખ્ત વયના લોકો પણ મોબાઈલની લતથી સમાન રીતે પીડાય છે. બધું જ ફોનથી જોડાયેલું છે. બેંકથી લઈને પ્રિસ્ક્રિપ્શન સુધી, શાળાથી લઈને વ્યવસાય સુધી, ઓળખથી લઈને સ્ટેટસ સુધી – બધું માત્ર એક ક્લિક દૂર છે.

દુનિયા ડિજિટલ થઈ રહી છે. અગાઉ ફક્ત વિશેષાધિકારોને જ સ્ક્રીન પર આવવાની તક આપવામાં આવતી હતી. પરંતુ હવે દરેક વ્યક્તિ સ્ક્રીન પર હોઈ શકે છે. પહેલા માત્ર રાજાશાહી વ્યક્તિઓને જ શિક્ષણનો અધિકાર મળતો હતો. હવે ભણવા માંગતા દરેક માટે દરવાજા ખુલ્લા છે. પહેલા વિદ્યાર્થીઓને શાળાએ જવા માટે માઈલો ચાલીને જવું પડતું. હવે તમારા ઘરમાં આરામથી તમારા મોબાઈલ સ્ક્રીન પર શાળા આવે છે. પહેલા પરિવારો તેમનાથી દૂર રહેતા બાળકોનો ચહેરો જોવા માટે વર્ષો સુધી રાહ જોતા હતા. હવે તેઓ મફતમાં વીડિયો કોલ કરી શકે છે. પહેલાની માહિતી અખબારો અને ન્યુઝ ચેનલો સુધી સીમિત હતી, હવે તે માત્ર એક અંગુઠા દૂર છે. પહેલા ઉઠવું પડતું હતું, તૈયાર થઈને કામ પર જવું પડતું હતું. હવે ઈન્ટરનેટ અને મોબાઈલ દ્વારા ઘરે કામ આવે છે. પહેલા તમારા પ્રિયજનને તમારા પત્ર માટે દિવસો સુધી રાહ જોવી પડતી હતી. હવે ઈ-મેઈલ માત્ર એક ક્લિક દૂર છે. પહેલા વિદેશમાં બિઝનેસ કરવા માટે મુસાફરી કરવી પડતી હતી. હવે તે ઝુમ કોલ પર આસાનીથી થઈ જાય છે. અગાઉ ખરીદી કરવા બહાર જવું પડતું, તડકો સહન કરવો પડતો, વરસાદમાં ભીંજાવું પડતું. શિયાળામાં ધાબળામાંથી બહાર નીકળવું પડતું અને હવે ઘરના ઠંડા વાતાવરણમાં ભીના થયા વિના ગોદડાની અંદરથી ખરીદી કરી શકાય છે, બસ એક ક્લિકની સાથે. દુનિયા બદલાઈ રહી છે. હવે આપણે આપણા પોતાના શહેર અને રાજ્ય સુધી સીમિત નથી રહ્યા પરંતુ આપણે હવે વૈશ્વિક સ્તરે જોડાયેલા છીએ. આ વૃદ્ધિ સારી છે પણ તેની કિંમત કેટલી ચૂકાવી છે? આપણે ઈમોજી જોવામાં એટલા વ્યસ્ત છીએ કે આપણે આપણી વાસ્તવિક લાગણીઓને વ્યક્ત કરવાનું ભૂલી ગયા છીએ. લોકોની તસવીરો જોવામાં આપણે એટલા ખોવાઈ જઈએ છીએ કે આપણે આપણા નજીકના સંબંધોને માટે સમય કાઢી શકતા નથી. આપણને વધુને વધુ જોઈએ છે. માહિતીનો દરેક ભાગ અલ્પવિરામ જેવો છે અને પૂર્ણવિરામ ખૂટે તેવું લાગે છે.

આ ઝડપથી વિકસતા ડિજિટલ વિશ્વમાં, જ્યારે આપણે અસંતુષ્ટ હોઈએ છીએ અને વિશ્વ સાથે ટાઈમપાસ કરીએ છીએ ત્યારે સંતુષ્ટ રહેવાની વિવેકબુદ્ધિ કેવી રીતે જાળવી શકાય? બધું જાણવાની જરૂર છે. ભૂખ સાથે મન સતત ચિંતામાં રહે છે. આ ઝડપી ગતિ માટે ચાલવા માટે, નવી માહિતીઓ સાથે અપડેટ રહેવું મહત્ત્વપૂર્ણ બની ગયું છે. માહિતી સાથે રાખવા માટે વ્યક્તિએ તેમના મોબાઈલ સાથે હંમેશાં કનેક્ટેડ રહેવું જરૂરી થઈ ગયું છે. મોબાઈલ લાઈફલાઈન બની ગયો છે.

આ બધા જોડાણો સ્વયં અને નજીકના પ્રિયજનો સાથેના સંબંધોમાં ગરબડ કરી દે છે. આપણે શા માટે જોઈએ છે, આપણને શું જોઈએ છે, તે હવે આપણે જાણતા નથી. માહિતી અને સમાચારના નામે, આપણે સોશિયલ મીડિયા દ્વારા ઝેરી

કચરો ઉઠાવીએ છીએ અને શૅર કરીએ છીએ. લાઇક્સ, નાપસંદ, આપણા મિત્રો અને ફોલોઅર્સની સંખ્યા આપણું સોશિયલ સ્ટેટસ નક્કી કરે છે. આપણી પસંદગીઓ, વિચારો અને વ્યક્તિત્વની ગોપનીયતા હવે વૈશ્વિક અલ્ગોરીધમ્સ છે. સર્ચ એન્જિન, સોશિયલ મીડિયા અને અન્ય ડિજિટલ પ્લેટફોર્મ આપણે શું ખરીદીએ છીએ, આપણે શું વિચારીએ છીએથી લઇને આપણી રોજનીશી પર પણ નજર રાખે છે. પછી તેઓ અમને વધુ ઉત્પાદનો વેચવા માટે આપણા દ્વારા આપવામાં આવેલી માહિતીનો ઉપયોગ કરી પોતાનો બિઝનેસ વધારે છે.

આ મૂંઝવણ માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ ઊભી કરી રહી છે. બાળકો હવે તેમના માતા-પિતાનું સાંભળતા નથી. મોટાભાગે તેઓ ઉપકરણો સાથે જોડાયેલા હોય છે. શેરીમાં બાળપણ ખોવાઈ ગયું હોય એમ લાગે છે. ડાઈનિંગ ટેબલ હવે કુટુંબ સમય નથી રહ્યો. માતા-પિતા બહાર ફરવા જાય અને સામાજિક મુલાકાતો દરમિયાન બાળકોને બિઝી રાખવા ફોન આપી દેતા હોય છે. જેથી માતા-પિતા તેમના બાળકોની અરાજકતાથી મુક્ત રહી શકે. આજકાલ મોટાભાગના ઘરોમાં ફોન બેબીસીટર તરીકે કામ કરે છે. લોકો હવે ઈમોજીસમાં એટલા ફસાઈ ગયા છે કે વાસ્તવિક લાગણીઓને જોઈ અથવા વ્યક્ત કરવા સક્ષમ રહ્યા નથી. રીલ અને રીયલ લાઇફમાં બેલેન્સ કેવી રીતે લાવવું તે ખરેખર મૂંઝવણભર્યું છે. દુનિયા સાથે તો જોડાઈ જઈએ છીએ પણ પોતાની જાત સાથે ડિસકનેક્ટ થઇ જવાય છે.

- **મોબાઈલ તમારો મિત્ર છે કે દુશ્મન તે કેવી રીતે ખબર પડે?**

ચિંતાની લાગણીઓ અનુભવાય, બધાને આવડી જશે હું રહી જઈશ એવો ડર લાગેલો રહે, મૂંઝવણ અનુભવાય, પસંદગી કરવામાં અસમર્થતા થાય, ઓછો આત્મવિશ્વાસ, કામમાં મન ન લાગે, શ્વાસ લેવામાં તકલીફ અનુભવીએ, રાત્રે ઊંઘ ના આવે અને ઉદાસીનો અનુભવ ચાલુ રહે, બધાની વચ્ચે હોઈએ તે છતાં એકલું લાગે, મિત્રો અને પરિવારના સભ્યો વચ્ચે બેસીને પણ આપણે આપણા ફોનમાં ખોવાયેલા રહીએ – તમે તમારી જાતને અથવા તમારા પ્રિયજનોને મોટાભાગે ફોન વાપરતા જુઓ છો? કોઈપણ કાર્યસૂચિ વિના સ્ક્રીન સ્ક્રોલ કરી રહ્યા છો? સંદેશાઓ, ફોરવર્ડ અને જવાબો માટે વારંવાર ફોન તપાસો છો? જ્યારે તમે અન્ય લોકોનો આનંદ માણસો હોય તેવા ચિત્રો જુઓ છો ત્યારે તમે એકલતા અનુભવો છો અથવા ઈર્ષ્યા થાય છે? સતત કાર્યક્રમો બનાવતા રહો છો જેથી કરીને તમે સોશિયલ મીડિયા પર ફોટા અપલોડ કરી શકો? તમે રાહ જુઓ કે તમને સોશિયલ મીડિયા પર કેટલા શેર અને લાઇક્સ મળે છે? ડિજિટલ વિશ્વમાં એટલા બધા સંકળાયેલા રહો છો, કે મિત્રો વાતો કરી રહ્યા છે, આનંદ માણી રહ્યા છે અને તમે ફબિંગમાં વ્યસ્ત થઇ જાવ છો? ટ્રીપ પર, તમે અપલોડ કરવામાં વ્યસ્ત રહો છો.

જો તમે તમારી જાતને અથવા તમારા પ્રિયજનોમાંથી કોઈને પણ ઉપર જણાવ્યા મુજબ પ્રવૃત્તિઓમાં સંકળાયેલા જુઓ છો ત્યારે સમજી લેવું, કે તમે મોબાઇલ ફોનને મિત્રને બદલે તમારો દુશ્મન બનાવ્યો છે.

- **તમે શું કરી શકો?**

જ્યારે માનસિક સ્વાસ્થ્યની વાત આવે છે ત્યારે તે જરૂરી નથી કે જે વ્યક્તિ માટે યોગ્ય છે તે બધા લોકો માટે યોગ્ય હોય. તમારી પોતાની જાતને સમજવા માટે, તમારા પ્રિયજનો અને પરિવારના સભ્યોને મદદ કરવા માટે, મોબાઈલની લતમાંથી મુક્તિ મેળવવા માટે, તમારા બાળકને મોબાઈલના સદુપયોગ શીખવાડવા માટે, મોબાઈલની ડિટોક્સ શીખવા અને શીખવવા માટે તમારા મોબાઈલને તમારો મિત્ર બનાવવા માટે પરામર્શ મનોવૈજ્ઞાનિકની મુલાકાત કરો.

*પરિતા શર્મા - પરામર્શ મનોવૈજ્ઞાનિક*
*મો. ૯૭૧૨ ૭૭૭ ૩૩૦*

## ભાગે આવેલ કામ શ્રેષ્ઠતાપૂર્વક કરો

જીવનમાં આપણા ભાગે જે કામ આવ્યું છે તે અવિરતપણે શક્ય એટલી ઉત્તમ રીતે આપણે કરવાનું છે. દરેક માણસ પાસે વ્યવસાયિક નિપુણતા ન હોઈ શકે. પ્રખર બુદ્ધિમાન વિજ્ઞાની અથવા પૂર્ણ કલાકાર તો વળી એનાથીય ઓછા હોય. મોટાભાગના તો કારખાનામાં, ખેતરમાં કે શેરીમાં કામ કરતા કામદાર જ હોય. પણ કોઈ જ કામ નાનું કે નગણ્ય નથી. માનવજાત માટે ઉપયોગી હોય તે દરેક કામ ગૌરવપૂર્ણ છે. તેને પૂરેપૂરી ચીવટથી કરવું જોઈએ.

જો કોઈ સફાઈ કામદાર શેરીની સફાઈ કરે તો એ કામ એણે એ રીતે કરવું જોઈએ જે રીતે માઇકલ એન્જેલો ચિત્રકામ કરતો કે બીથોવન સંગીતની તર્જ બનાવતો કે શેક્સપિયર નાટક-કવિતા રચતો. તેણે સફાઈ કામ એ રીતે કરવું જોઈએ કે પૃથ્વી ઉપર માનવો અને સ્વર્ગમાંથી દેવો એનું અભિવાદન કરતા કહે, "અહીં એક મહાન સફાઈ કામદાર વસે છે, જે પોતાનું કામ શ્રેષ્ઠ રીતે કરી શકે છે."

***– માર્ટિન લ્યુથર કિંગ, જુનિયર***

## સાભાર સ્વીકાર

★ **જાગૃત નાગરિક (અંક-૧૦, ફેબ્રુઆરી)**
★ **શિશુ વિહાર (એપ્રિલ-૨૦૨૨)**
★ **જૈન પ્રકાશન (એપ્રિલ-૨૦૨૨)**
★ **શ્રીયુત સૌરભ (એપ્રિલ-૨૦૨૨)**
★ **કચ્છ સત્તા**
★ **ન્યુઝ સમાંતર ગુજરાત**

## એક બોધ કથા

## કાચની બરણી ને બે કપ ચા

જીવનમાં જ્યારે બધું એક સાથે અને જલ્દી જલ્દી કરવાની ઈચ્છા થાય... બધું ઝડપથી મેળવવાની ઈચ્છા થાય અને આપણને દિવસના ૨૪ કલાક પણ ઓછા લાગવા લાગે... ત્યારે આ બોધકથા "કાચની બરણી ને બે કપ ચા" ચોક્કસ યાદ આવવી જોઈએ...!!

દર્શનશાસ્ત્રના એક સાહેબ (ફિલોસોફીના પ્રોફેસર) વર્ગમાં આવ્યા અને વિદ્યાર્થીઓને કહ્યું કે એ આજે જીવનનો એક મહત્વપૂર્ણ પાઠ ભણાવવાના છે...!! એમણે પોતાની સાથે લાવેલી એક મોટી કાચની બરણી (જાર) ટેબલ પર રાખી. એમાં ટેબલ ટેનિસના દડા ભરવા લાગ્યા અને જ્યાં સુધી એમાં એકપણ દડો સમાવવાની જગ્યા ના રહી ત્યાં સુધી ભરતા રહ્યા...!!

પછી એમણે વિદ્યાર્થીઓને પૂછ્યું, 'શું આ બરણી ભરાઈ ગઈ છે?'

'હા' નો અવાજ આવ્યો.

પછી સાહેબે નાના-નાના કાંકરા એમાં ભરવા માંડ્યા. ધીરે ધીરે બરણી હલાવી તો ઘણાખરા કાંકરા એમાં જ્યાં જ્યાં જગ્યા ખાલી હતી ત્યાં ત્યાં સમાઈ ગયા.

ફરી એકવાર સાહેબે પૂછ્યું, 'શું હવે આ બરણી ભરાઈ ગઈ છે...?!'

વિદ્યાર્થીઓએ ફરીથી એકવાર 'હા' કહ્યું...

હવે સાહેબે રેતીની થેલીમાંથી ધીરે ધીરે તે બરણીમાં રેતી ભરવાનું શરૂ કર્યું. રેતી પણ બરણીમાં જ્યાં સમાઈ શકતી હતી ત્યાં સમાઇ ગઈ... એ જોઈ વિદ્યાર્થીઓ પોતાના બંને જવાબ પર હસવા માંડ્યા...

ફરી સાહેબે પૂછ્યું, 'કેમ..? હવે તો આ બરણી પૂરી ભરાઈ ગઈ છે ને...?!'

'હા... હવે તો પૂરી ભરાઈ ગઈ...!!' બધા વિદ્યાર્થીઓએ એક સ્વરમાં કહ્યું.

હવે સાહેબે ટેબલ નીચેથી ચા ના ભરેલા બે કપ બરણીમાં ઠાલવ્યા, ને ચા પણ બરણીમાં રહેલી રેતીમાં શોષાઈ ગઈ... એ જોઈ વિદ્યાર્થીઓ તો સ્તબ્ધ થઇ ગયા...!!!

હવે સાહેબે ગંભીર અવાજમાં સમજાવવાનું શરૂ કર્યું.... "આ કાચની બરણીને તમારું જીવન સમજો. ટેબલ ટેનીસના દડા સૌથી મહત્ત્વપૂર્ણ ભાગ એટલે કે ભગવાન, પરિવાર, માતા-પિતા, દીકરા-દીકરી, મિત્રો અને સ્વાસ્થ્ય...!! નાના નાના કાંકરા એટલે કે તમારી નોકરી-વ્યવસાય, ગાડી, મોટું ઘર, શોખ વગેરે... અને રેતી એટલે કે નાની નાની બેકારની વાતો, મતભેદો ને ઝઘડા...!!

જો તમે તમારી જીવનરૂપી બરણીમાં સર્વપ્રથમ રેતી ભરી હોત તો તેમાં ટેબલ ટેનીસના દડા ને નાના નાના કાંકરા ભરવાની જગ્યા જ ન રહેત... ને જો નાના નાના કાંકરા ભર્યા હોત તો દડા ન ભરી શક્યા હોત, રેતી તો જરૂર ભરી શકતા...!!

બસ, આ જ વાત આપણા જીવન પર લાગુ પડે છે... જો તમે નાની નાની વાતો અને વ્યર્થના મતભેદ કે ઝઘડામાં પડ્યા રહો ને તમારી શક્તિ એમાં નષ્ટ કરશો તો તમારી પાસે મોટી મોટી અને જીવન જરૂરિયાત અથવા તમારી ઈચ્છિત વસ્તુ કે વાતો માટે સમય ફાળવી જ ન શકો... તમારા મનના સુખ માટે શું જરૂરી છે તે તમારે નક્કી કરવાનું છે... ટેબલ ટેનીસના દડાની ફિકર કરો, એ જ મહત્ત્વપૂર્ણ છે...

પહેલા નક્કી કરી લો કે શું જરૂરી છે...? બાકી બધી તો રેતી જ છે...!!

વિદ્યાર્થીઓ ધ્યાનપૂર્વક સાંભળી રહ્યા હતા ને અચાનક એકે પૂછ્યું, 'પણ સાહેબ, તમે એક વાત તો કહી જ નહીં કે 'ચા ના ભરેલા બે કપ' શું છે?'

સાહેબ હસ્યા અને કહ્યું, 'હું એ જ વિચારું છું કે સુધી કોઈએ આ વાત કેમ ના પૂછી? એનો જવાબ એ છે કે, જીવન આપણને કેટલું પણ પરિપૂર્ણ અને સંતુષ્ટ લાગે, પણ આપણા ખાસ મિત્ર સાથે 'બે કપ ચા' પીવાની જગ્યા હંમેશાં હોવી જોઈએ.'

***સંગ્રાહક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ***

## સાચા મહાત્મા કોણ?

મહાત્મા ગાંધીજી, ઈંગ્લેન્ડ - લંડનમાં યોજાયેલી ગોળમેજી પરિષદમાં ભાગ લેવા ગયેલા. એમની સાથે મહાદેવ દેસાઈ પણ ગયેલા. એક સાંજે મહાદેવ દેસાઇ મહાન ફિલસૂફ બર્નાર્ડ શો ને મળવા ગયા. વાતવાતમાં એમણે બર્નાર્ડ શો ને કહ્યું, 'અમે સૌ ગાંધીજીને મહાત્મા ગણીએ છીએ. આપને પણ ખ્યાલ હશે!'

બર્નાર્ડ શો એ ઉત્તર આપતા જણાવ્યું, 'હા, મને ખબર છે. પણ એ બે નંબર અને હું એક નંબર...!'

મહાદેવ દેસાઇને આ સાંભળીને આઘાત લાગ્યો. મહાદેવભાઈને કલ્પના પણ ન હતી કે કોઈ વ્યક્તિ એમને આટલું સીધે સીધું કહી દેશે!

એમણે જઇને ગાંધીજીને આ વાત કરી.

ગાંધીજી એમની વાત સાંભળી અને હસવા લાગ્યા અને બોલ્યા, 'બર્નાર્ડ શોએ એક વ્યક્તિ તરીકે સાચી વાત કરી. એમના મનમાં જે હતું એ સ્પષ્ટપણે કહ્યું. જો કે મને આવી વાતોથી કોઈ ફરક પડતો નથી કેમકે ખરેખર હું શું છું એ મને ખ્યાલ છે!'

***પરેશ અંતાણી - રાજકોટ***

### ૨૧મી જૂન : વિશ્વ યોગ દિવસ

# ભારતના યોગી પતંજલીએ યોગાસનને દુનિયાને આપેલી ભેટ છે



ડૉ. મિહિર એમ. વોરા

મિત્રો, આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ૨૦૨૨ની થીમ છે : "યોગના ફાયદાઓ". આપણા વડાપ્રધાનની અથાગ મહેનતને કારણે આપણે દર વર્ષે ૨૧ જૂનના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી આખા વિશ્વમાં કરીશું. ભારત માટે આ ઘણો મોટો દિવસ છે. ભારતની સંસ્કૃતિ હવે ધીરે ધીરે પણ મક્કમ પગલે દુનિયાભરમાં આદર પામતી થઈ ગઈ છે. યોગ, એ એક પ્રાચીન શારીરિક, માનસિક અને આધ્યાત્મિક પ્રણાલી છે. સમગ્ર વિશ્વને યોગની ભેટ આપનાર બીજું કોઈ નહીં, પણ આપણો ભારત દેશ છે. યોગ, એ સંસ્કૃત શબ્દ છે જેનો અર્થ જોડાણ કરવું કે એક કરવું થાય છે. યોગ, એ શરીર અને આત્માના જોડાણનું પ્રતીક છે. યોગ, એ આધ્યાત્મિક શિસ્ત છે. આજે યોગ એ સમગ્ર વિશ્વમાં જુદા જુદા સ્વરૂપે કરાય છે અને તેની લોકપ્રિયતા પણ દિન-પ્રતિદિન વધી રહી છે. યોગ, એ સદીઓથી ચાલી આવતી આપણી ભારતીય સંસ્કૃતિનો એક ભાગ છે. હિંદુ, બૌદ્ધ અને જૈન ધર્મમાં યોગને ધ્યાનાવસ્થા સાથે જોડવામાં આવે છે.

ભારતીય સંસ્કૃતિમાં યોગ અને આયુર્વેદ બંને લગભગ એક સાથે ચાલ્યા આવે છે. આયુર્વેદ, એ ભારતીય ઉપચાર પદ્ધતિ છે. વર્તમાન સમયમાં કસરત, નિયમિતતા વગેરેને અન્ય આધુનિક ગણાતી ઉપચાર પદ્ધતિઓએ પણ અપનાવેલ છે, જે યોગ અને આયુર્વેદમાં સદીઓથી દર્શાવેલ છે. આધુનિક ઉપચાર પદ્ધતિઓમાં સૌથી મોટી મુશ્કેલી એક રોગનો ઉપચાર શરીરમાં અન્યત્ર આડઅસરનો છે. જ્યારે યોગ અને આયુર્વેદ શરીરને નિરોગી રાખવા માટે છે. યોગથી વ્યક્તિ આજના તણાવગ્રસ્ત સમયમાં શારીરિક અને માનસિક શાંતિ મેળવી શકે છે, જે સરવાળે આપણને વધુ સ્વસ્થ અને ઉર્જાવાન બનાવે છે. યોગ શરૂઆતમાં કોઈ નિષ્ણાતના માર્ગદર્શનમાં કરવા જોઈએ તથા સમય જતાં તમારા શરીરની પ્રકૃતિ, કામનો પ્રકાર, કોઈ શારીરિક મર્યાદા હોય તો એ, ઉંમર વગેરે અનુસાર વ્યક્તિ જાતે પોતાની જરૂરિયાત અને રૂચિ પ્રમાણેના આસનો કરી શકે છે.

જાણીતા ગુજરાતી વિવેચક અને લેખક સૌરભ શાહે એક વાત સાચી લખી છે કે : "ગુજરાતી ભાષામાં ગાંઠિયા તથા એના વિવિધ સ્વરૂપો માટે સેવ, પાપડી, ફાફડા, રતલામી, ભાવનગરી વગેરે કુલ દોઢ ડઝન કરતા વધુ વિકલ્પો છે. આપણી પાસે ધન, લક્ષ્મી, પૈસા, રૂપિયા, દામ વગેરે માટે એથીય વધુ શબ્દો છે. પણ આપણી માતૃભાષામાં હિંમત, સાહસ, કસરત, તાકાત, થાક કે પરસેવા માટે શાબ્દિક માંડ બે-ત્રણ પર્યાયો છે."

વધુમાં તેઓ જણાવે છે કે, "નાસ્તામાં ગાંઠિય - ચેવડા ખાઈને શરીર સુદ્રઢ બનતું નથી. આખો દિવસ બાઈક પર રખડીને કે ખુરશીમાં બેસીને બોડી બિલ્ડિંગ થતું નથી. ગુજરાતીઓમાં જ નહીં, ભારતની મોટાભાગની પ્રજાઓમાં શારીરિક સ્વાસ્થ્ય માટેની સભાનતા ખૂબ મોડી આવી. અમેરિકા - બ્રિટનની પ્રજાઓ જ્યારે આ બાબતમાં ખૂબ આગળ નીકળી ગઈ હતી ત્યારે ભારતના આમ આદમીઓ આ ક્ષેત્રે પહેલું ડગલું ભરતા થયા હતા. રાજા-મહારાજાઓના કાળમાં અખાડા અને વ્યાયામશાળાઓ હતા, પણ માત્ર રાજ્યના મલ્લ અને સૈનિકો માટે. આમ પ્રજા માટે નહીં. માત્ર ઋષિમુનિઓ જ યોગ કરતા હતા, જે આગળ જતાં લોકપ્રિય બન્યું."

જો આપણા વડીલોને પૂછજો તો તેઓ જણાવશે કે ૧૯૬૦ના દાયકામાં ભારતમાં કસરત માટેનું એક સાધન વેચાતું 'બુલ વર્કર' હતું. રીડર્સ ડાઈજેસ્ટમાં એની ઍડ આવતી હતી.'બુલ વર્કર'ના બેઉ છેડા એકબીજા સાથે પ્રેસ કરીને એક ઇંચ પણ સરકાવી શકાતું નહીં. એની બેઉ બાજુના પ્લાસ્ટીકના દોરડા ગમે એટલા ખેંચો, સહેજ પણ સરકતા નહીં. આજે તો હવે તમામ શહેરોમાં ડઝનથી વધુ જાણીતી ફ્રેન્ચાઈઝીવીળા જીમ ખૂલી ગયા છે. વિદેશથી મંગાવેલા આધુનિક સાધનો પર પરસેવો પાડીને ફિટનેસ જળવાય છે. પણ એક વખત, માત્ર એક જ વખત જીમ છોડીને ઘરમાં વ્યાયામ કરી જુઓ. તમને અંદરથી ખરેખર માનસિક શાંતિ જણાશે. ઘરમં બારસાખ સાથે એક દાંડો ફીટ કરીને તમે જીમ જેટલી જ ઈફેક્ટીવ એક્સરસાઇઝ કરી શકો છો. જીમના બંધિયાર અને ક્યારેક પ્રદૂષિત વાતાવરણમાં શરીરને લાભ થવાને બદલે નુકસાન થઇ જતું હોય છે. પ્રોપર ટ્રેનિંગ ન હોય તો વેઇટ્સ ઊંચકતી વખતે કમર, ગરદન, સાંધાઓને લાંબા ગાળાનું નુકસાન થઈ શકે છે. આથી જ આવી જોખમી કસરતો મૂકીને યોગ જેવી શુધ્ધ યોગ ક્રિયાઓ અપનાવીએ. ભારતના યોગી પતંજલીએ, યોગાસનને દુનિયાને આપેલી ભેટ છે.

ભારતમાં આમ પ્રજા યોગાસન કરતી થઈ એ પહેલા

આપણા યોગ ગુરૂઓ વિદેશોમાં જઇને ત્યાંની પ્રજાને એનું ઘેલું લગાડી આવ્યા હતા. યોગી આયંગરજી આજીવન એક યોગી પુરુષ તરીકે જ રહ્યા હતા. કૃપાલુ મહારાજે યોગાસન વિશેનું એક સચિત્ર પુસ્તક 'તલવલકર્સ' લખેલું હતું. કૃપાલુ મહારાજથી લઇને બાબા રામદેવ સુધીના અનેક ગુરૂઓએ ભારતમાં અને ભારતની બહાર યોગનો પ્રચાર કર્યો છે. મિત્રો જીમિંગની સામે કોઈ મોટો વિરોધ નથી, પણ એકવાર ઘરમાં યોગ કરી જુઓ. તો જીમિંગને ભૂલી જશો. સૂર્ય નમસ્કાર જો પદ્ધતિસર અને પૂરતો સમય આપીને કર્યા હશે તો શરીરમાંથી એટલો જ પરસેવો છૂટશે જેટલો અડધો કલાકના જીમિંગ પછી તમને થતો હોય છે. યોગાસન ધીરજ માંગી લે છે, મનની શાંતિ માંગી લે છે.

મિત્રો, આજે ઠેકઠેકાણે કેટલાક આધુનિક જીમમાં હજુ મુખ્ય દરવાજો ખોલો ત્યાં જ ડિસ્કોમાં પ્રવેશતા હો એવું ધડામ ધુડુમ મ્યુઝીક સંભળાય છે. એવા સંગીત સામે પણ વ્યાયામ કરવાની મજા આવી શકે છે. પણ આપણું મન તદ્દન નીરવ શાંતિ મહેસૂસ કરતું હોય એવા ઘરના પોતીકા વાતાવરણમાં યોગાસન કરી જુઓ. તમને અંદરથી જણાશે કે ખરેખર માનસિક શાંતિવાળી કસરત એટલે યોગ. યોગની શરૂઆત સૂર્ય નમસ્કારથી કરવામાં આવે છે. સૂર્ય નમસ્કારથી શરીર જ નહીં, મન પણ શાંત થઇ જશે. કોઈ રોગીષ્ઠ શરીરવાળી વ્યક્તિ યોગી નહીં બની શકે. યોગી બનવા માટે પહેલા ભોગ છોડવો પડે, તો જ યોગ કરવાની મજા આવે. મિત્રો, આપણે યોગ અપનાવીને કોલેસ્ટેરોલનો કાબૂમાં રાખી શકીએ છીએ.

દૈનિક જીવનમાં થોડો ફેરફાર કરો. નિયમિત વ્યાયામ કરો અને યોગ્ય ખોરાક લો. મોટાભાગે કોલેસ્ટેરોલ વ્યક્તિના લીવરમાં બને છે અને બાકી વ્યક્તિને ભોજનમાંથી મળે છે. તેથી ભોજનમાં ચરબી અને કોલેસ્ટેરોલને ઘટાડવા જરૂરી છે. યોગ હાનિકારક કોલેસ્ટેરોલનો દુશ્મન છે. તે મૂળથી નાશ કરી દે છે. તમારી ઈચ્છાશક્તિ મજબૂત હોય અને તમને યોગ પર વિશ્વાસ હોય તો યોગથી તમને ઘણો લાભ થઈ શકે છે.

***આનો અભ્યાસ નિયમિત કરવો જરૂરી છે.***

★ સર્વાંગાસન, ઉત્તાનપાદાસનનો અભ્યાસ કરવાથી કબજિયાત, ગેસ, સ્થૂળતા વગેરે દૂર થઈ ભૂખ વધે છે અને હાનિકારક કોલેસ્ટેરોલ ઘટે છે.

★ પવન મુક્તાસનનો અભ્યાસ કરવાથી પેટની વધેલી ચરબી દૂર થાય છે. અમ્લપિત્ત, હૃદયરોગ, ગઠિયો અને કમરનો દુઃખાવો વગેરે દૂર થાય છે.

★ દીર્ઘ નૌકાસનનો અભ્યાસ કરવાથી હૃદયને શક્તિ મળે છે અને કોલેસ્ટેરોલ બળી જાય છે. શસકાસનનો અભ્યાસ કરવાથી પણ હૃદયને શક્તિ મળે છે.

★ વક્રાસન કમરની ચરબીને ઘટાડે છે. પશુ વિશ્રામાસનથી કમરના પાછળના ભાગમાં વધેલી ચરબી ઘટે છે.

★ દ્વિચક્રિકાસનથી પણ સ્થૂળતા ઘટે છે અને હાનિકારક કોલેસ્ટેરોલ નાશ પામે છે. અર્ધ હલાસન, પાદવૃત્તાસનથી પણ બિનજરૂરી ચરબી બળી હાનિકારક કોલેસ્ટેરોલ ઘટે છે.

★ ભસ્ત્રિકા પ્રાણાયામનો અભ્યાસ કરવાથી ત્રિદોષનું શમન થાય છે. લોહી શુધ્ધ થાય છે, શરીરના ઝેરીલા પદાર્થો બહાર નીકળી જાય છે, હાનિકારક કોલેસ્ટેરોલ ક્યારેય વધી શકતો નથી.

★ કપાલભાતિ પ્રાણાયામ કરવાથી હૃદય, ફેફસા તથા મગજના બધા રોગ દૂર થાય છે અને યકૃતમાં અનાવશ્યક ચરબીનું નિર્માણ થતું નથી. જેનાથી હાનિકારક કોલેસ્ટેરોલ વધતું નથી. પેટના બધા જ રોગ આનાથી દૂર થાય છે.

★ અનુલોમ-વિલોમ કે નાડીશોધન પ્રાણાયામનો અભ્યાસ કરવાથી બોંત્તેર કરોડ બોંત્તેર લાખ દસ હજાર બસ્સો નાડીઓ શુદ્ધ થાય છે. કોલેસ્ટેરોલ, ટ્રાયગ્લીસરાઇડ્સ, એચ.ડી.એલ. અથવા એલ.ડી.એલ. વગેરેની અનિયમિતતા દૂર થાય છે.

સારા પરિણામ માટે આ પ્રાણાયામનો અભ્યાસ ૧૦થી ૧૫ મિનિટ સુધી કરો. તો આજે જ નહીં, કાયમ માટે યોગને અપનાવીને આપણા શરીરને રોગમુક્ત બનાવીએ.

આવો, આજથી આંતરરાષ્ટ્રીય યોગ દિવસની કાયમી યોગ દિવસ તરીકેની ઉજવણી કરીએ.

***સંદર્ભ : વિકીપીડિયા અને વિવિધ અખબારી અહેવાલો અને દાક્તરની સલાહ***

***"પરમેશ્વરી", પ્લોટ નંબર ૧૬૫, હોસ્પિટલ રોડ, વિજયનગર એરિયા, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.***
***મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫***

## વિશ્વપ્રસિધ્ધ આર્કિટેક્ટ શ્રી બી.વી. દોશી "રોયલ ગોલ્ડ મેડલ"થી સન્માનિત

### ગુજરાતનું ગૌરવ

વિશ્વના પ્રથમ કક્ષાના આર્કિટેક્ટ, અમદાવાદ સ્થિત માન. શ્રી બી. વી. દોશીને 'રોયલ ગોલ્ડ મેડલ'થી રોયલ ઇન્સ્ટિટ્યુટ ઓફ બ્રિટીશ આર્કિટેક્ટ ઇન્સ્ટીટ્યુટ દ્વારા સન્માનિત કરવામાં આવેલ છે.

આ સન્માન પ્રથમવાર આ ઇન્સ્ટિટ્યુટના પ્રમુખ લંડનથી રૂબરૂ આવીને ઍવોર્ડ શ્રી બી.વી. દોશીને પ્રદાન કરવામાં આવેલ હતો.

## ભાષાના સંરક્ષક હેમરાજ શાહે સર્જ્યો વર્લ્ડ રેકોર્ડ

હેમરાજ શાહ – સમાજના લાભની અને 'સર્વજન હિતાય'ની પ્રવૃત્તિ, સમાજસેવા માટેની શક્તિ છે. વરસોથી હેમરાજભાઈ કચ્છી, ગુજરાતી અને મરાઠી ભાષાના સંરક્ષકની મહત્ત્વની ભૂમિકા પણ ભજવી રહ્યા છે. તેમણે ભાષાના સંરક્ષક તરીકે ગુજરાતી ભાષામાં ૨૮ જેટલી 'નિબંધ સ્પર્ધાઓ' યોજી છે. એટલું જ નહીં, મરાઠી ભાષામાં પણ ૪ નિબંધ સ્પર્ધાઓ યોજીને 'વર્લ્ડ રેકોર્ડ' રચવા તરફ જઈ રહ્યા છે!!!

મહારાષ્ટ્રમાં તેમજ ગુજરાતમાં પણ ગુજરાતી શાળાઓનું પ્રમાણ ઘટતું જાય છે તેવી સ્થિતિમાં હેમરાજ શાહ, વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને ભાષાની જાગૃતિ અને જીવંત રાખવા માતૃભાષામાં નિબંધ સ્પર્ધાઓનો પ્રયોગ અત્યંત અસરકારક સાબિત થયો છે.

કવિ, વીર નર્મદની જન્મ જયંતીનો દિવસ 'ગુજરાતી ભાષા દિવસ' તરીકે ઉજવવાનો પ્રારંભ હેમરાજ શાહે કર્યો જ્યારે કવિવર દુલેરાય કારાણીના જન્મ દિવસને 'કચ્છી ભાષા દિવસ' તરીકેની શરૂઆત કરીને તેમણે પૂર્વસૂરી સાહિત્યકારોને શ્રેષ્ઠ અંજલી આપી છે. એ બંને મહાનુભાવોના જન્મ દિવસે અન્ય સાહિત્યિક - સાંસ્કૃતિક કાર્યક્રમોનાં આયોજન ઉપરાંત હેમરાજભાઈ નિબંધ સ્પર્ધાઓ તો અચૂક યોજે છે.

નિબંધ સ્પર્ધાઓના વિષયો પણ સાંપ્રત અને સમાજને દિશાદોર આપનારા જ પસંદ કરે છે. જેમકે, 'ગુજરાતી ભાષાનું ભવિષ્ય' એ વિષય પર એમની પાસેથી જ નિબંધ લખાવે, જેમને જાગૃત કરવા માટે તો આ સ્પર્ધા યોજાઈ હોય! એવો જ બીજો વિષય 'શિક્ષણમાં માતૃભાષાનું મહત્ત્વ' નિબંધ લખનારને પ્રેરક રીતે એ આપોઆપ સમજાઈ જાય. સામાજિક જીવનને સ્પર્શતા નિબંધના વિષયોનું ચયન પણ પ્રભાવ પાડનારૂં રહ્યું છે. જેમકે, નારી નિર્ભય કેવી રીતે બની શકે?, મારા જીવનના યાદગાર પ્રસંગો, બાળપણ, યુવાની અને વૃદ્ધાવસ્થા, મારા જીવનનો ટર્નિંગ પોઈન્ટ, નારી જીવનની ગઈકાલ, આજ અને આવતીકાલ, માતૃ-પિતૃ વંદના, કન્યાભ્રૂણ હત્યા (દીકરી તે દીવડી), આંતરજ્ઞાતિય લગ્નના ફાયદા - ગેરફાયદા, સંયુક્ત કુટુંબના લાભાલાભ, આપણા બાળકો : જવાબદારી કે અસ્ક્યામત અને શું યુવતીઓએ લગ્ન પછી જોબ કરવી જોઈએ? જેવા વિષયો આજના સમાજ માટે દીવાદાંડી સમાન બની રહે તેમ છે. દેશપ્રેમ, વાંચનપ્રેમ, રાજકારણ, સાહિત્યમાં વાર્તા સ્પર્ધા જેવા વિવિધ વિષયોને આવરી લઈને નિબંધ સ્પર્ધાઓ યોજાતી રહી છે.

તેમના વિશે આદરણીય વીનેશભાઈ અંતાણીએ સુંદર શબ્દો ટાંકતા લખ્યું છે કે : "માણસને વિસ્તરવા માટે સૌથી પહેલી જરૂર પડે છે સમાજની. સમાજ એને સંબંધ સુધી લઈ જાય છે. હેમરાજભાઈએ અંગત સમજથી માંડીને વ્યાપક સંબંધ સુધીના દરિયાને અને રણને પસાર કર્યા છે. સમજભર્યો સંબંધ અને સંબંધની સમાજ ક્યારેક માણસને એકલો બનાવી દે છે. હેમરાજ શાહે 'એકલા'નો અર્થ જ બદલી નાખ્યો છે. એક એકલો, હજારો એકલાને એક ભૂમિકા ઉપર, એક વ્યાસપીઠ ઉપર કેવી રીતે એકઠા કરી શકે છે એ વાતના અનેક દૃષ્ટાંતો તેમની કર્મયાત્રામાંથી મળી રહે છે!

આવા કર્મવીર, સામાજિક, રાજકીય, સાંસ્કૃતિક અને સાહિત્ય ક્ષેત્રે અગ્રેસર એવા હેમરાજભાઈ શાહને ગ્રિનસ ફાઉન્ડેશન એન્ડ વર્લ્ડ રેકોર્ડ ઓફ ઇન્ડિયા તરફથી 'લાઇફ ટાઇમ એચિવમેન્ટ ઍવોર્ડ' તા. ૨૨-૫-૨૦૨૨ના રોજ મુંબઈ ખાતે એનાયત કરવામાં આવેલ છે.

## 'નર્મદ ચંદ્રક'થી કચ્છને સન્માનિત કરનાર સાહિત્યકાર શ્રી ગૌતમ જોશી

શ્રી ગૌતમભાઈ જોશીને 'કચ્છની રંગભૂમિ' પુસ્તકના સર્જન માટે 'નર્મદ ચંદ્રક' એવોર્ડથી સન્માનિત કરવામાં આવેલ છે. ગુજરાતની પ્રતિષ્ઠિત 'નર્મદ સાહિત્ય સભા'એ ૨૦૨૨ વર્ષ માટે શ્રી ગૌતમ જોશીની પસંદગી કરવામાં આવેલ છે.

શ્રી ગૌતમભાઈએ ૨૦૧૬થી ૨૦૨૧ વર્ષ દરમિયાન કચ્છની રંગભૂમિને લગતા સંશોધનના લેખોની શ્રેણીને પુસ્તકાકારે પ્રકાશિત કરેલ છે. આ નર્મદ ચંદ્રક, આ અગાઉ કચ્છના સાહિત્યકાર ડૉ. ધીરેન્દ્ર મહેતા, ડૉ. દર્શનાબેન ધોળકિયા અને સાહિત્યકાર શ્રી વીનેશભાઈ અંતાણીને આપવામાં આવેલ છે.

શ્રી ગૌતમભાઈ જોશી કચ્છના પ્રતિષ્ઠિત નામાંકિત સાહિત્યકાર તરીકે નામના મેળવેલ છે. અત્યાર સુધીમાં તેમણે કુલ તેંત્રીસ પુસ્તકો આપેલ છે અને આ પૈકીના બાર પુસ્તકોને ઍવોર્ડ મળેલ છે. હાલમાં શ્રી જોશી 'કચ્છ મિત્ર' દૈનિકમાં પરાગ પૂર્તિમાં 'પાંજી અખાણી' લેખની શ્રેણી ચાલુ છે.

કચ્છી સાહિત્યને ઉજાગર કરનાર શ્રી જોશીને અભિનંદન.

## નાદનો બ્રહ્માંડમાં વિલય

પદ્મભૂષણ દિગ્ગજ ભારતીય સંતૂરવાદક પંડિત શિવ કુમારના નિધનથી શાસ્ત્રીય સંગીત નિરાધાર થઈ ગયું. 'સંતૂર' જેવા તંતુવાદ્યને શાસ્ત્રીય સંગીતમાં સ્થાન અપાવનાર અને વિશ્વને તેના વાદનથી આખું વિશ્વને ઘેલું કરનાર પંડિત હવે આપણી વચ્ચે રહ્યા નથી.

પંડિતજી છેલ્લા પચાસ વર્ષથી જાન્યુઆરીની ૧લી થી ૧૩ દરમ્યાન અમદાવાદના શાસ્ત્રીય સંગીતનો શોખ ધરાવનાર સાથે આત્મીયતાનો સંબંધ - નાતો હતો. પેન્ડેમિક સમય દરમ્યાન તેની સાથેના સંગીત માર્તંડને પણ ગુમાવ્યા છે. આવા નાદ માર્તંડનની ખોટ કેવી રીતે પૂરાય તે પ્રશ્ન સાથે વિલય પામેલા સંગીત માર્તંડને પણ શત શત નમન.

# શ્રીમતી એન.એચ.એલ. મ્યુનિસિપલ મેડિકલ કોલેજ

એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

## એનોટોમી ડિપાર્ટમેન્ટ

## દેહદાન કરવા માટેનું ફોર્મ

*સૂચના : આ સાથે દેહદાન કરનાર વ્યક્તિના મૃત્યુ સમયે/પછી તેની સારવાર કરનાર એમ.બી.બી.એસ. કે તેનાથી વધારે કક્ષાના ડોક્ટરનું સર્ટિફિકેટ અચૂક લાવવાનું રહેશે.*

હું / મારા શ્રી ______________________________ ઉંમર આશરે વર્ષ __________

ધર્મે ______________ ધંધો : ______________ રહેવાસી : ______________

______________________ ફોન નંબર (હોય તો) ______________________ ના આથી

મારું / તેઓનું વીલ યાને વસિયતનામું મારી / તેઓની રાજીખુશીથી નીચે મુજબનું કરી ઠરાવું છું / ઠરાવીએ છીએ કે :-

૧. મારી / તેઓની સ્થાવર તથા જંગમ મિલ્કતની વ્યવસ્થા કરવા માટે મારી/તેઓની ઈચ્છા નથી. પરંતુ મારી/તેઓની હયાતી બાદની મારી/તેઓના શરીર સંપત્તિની વ્યવસ્થા કરવા માટે ઉત્સુક હોય તે અંગેનું મારું વીલ યાને વસિયતનામું કરી ઠરાવું છું / ઠરાવીએ છીએ કે :

★ મારી / તેઓની હયાતી બાદ મારા સ્થૂળ શરીરનો કોઈપણ ધાર્મિક વિધિ અનુસાર નહીં કરતા તેનો સદુપયોગ થાય તેમ ઈચ્છું છું. મારા/તેઓના મૃત્યુ બાદ મારા/તેઓના શરીરનો ઉપયોગ મ્યુનિસિપલ મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓ અભ્યાસ કરે તેમ ઈચ્છું છું / ઈચ્છીએ છીએ.

ઉપરની વિગતો મારી/તેઓની રાજીખુશીથી, મારા/તેઓના મૃત્યુ બાદ, મારા/તેઓના શરીરના ઉપયોગ અંગે ઉપર મુજબનું વિલ કરું છું / કરીએ છીએ, જેમાં મારી/અમારી સહી કરેલ છે. તે મને/તેઓને કબૂલ મંજૂર અને બંધનકર્તા છે તેમજ અમારા માતા/પિતાશ્રીના દેહદાનનો ઉપયોગ અમદાવાદ અને ગુજરાતની કોઈપણ મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓ કરશે તે બાબતે અમને કોઈ વાંધો નથી.

આજે તારીખ ______________ માહે : ______________ સને : ______________ દિને

ઉપર જણાવેલ શ્રી ______________________________ એ આ વીલ યા વસિયતનામું અમારી રૂબરૂમાં રાજીખુશીથી કરેલ છે.

તા. : ______________ ______________

સાક્ષી તથા સંબંધીઓની સહી : *દેહદાન કરનાર / કરાવનારની સહી*

૧. ______________________________

૨. ______________________________

સંબંધી :

| નામ | સગપણ | સહી |
|---|---|---|

૧. ______________________________

*કમલેશભાઈ બાબુભાઈ શાહ, કન્વીનર - અંગદાન સમિતિ*

*મો. : ૯૮૯૮૭ ૪૨૬૨૪*

# VERSATILE IN TEXTILE

## Expertise and experience in the areas of Textile logistics.

V-Trans have been offering Integrated logistics services for the textile industry for over decades. Ensuring that every consignment reaches on time, to the right place, and in great shape.





### V-TRANS EDGE FOR TEXTILE LOGISITICS

- Attractive price as per customised needs.
- Expertise in Reverse Logistics
- Appointments deliveries
- Fully tax compliant as per Govt. norms
- Oracle empowered ERP with Shipx edges





Integrated Logistics Solutions with surface transport, multimodal express logistics, 3PL & warehousing services.

Strong connectivity with 850+ branches & 50 hub centres

V-Trans (India) Limited, 06, Corporate Park,
V N Purav Marg, Chembur, Mumbai - 400 071.

9892644665 marketing@vtransgroup.com www.vtransgroup.com

V-TRANS® Driving Excellence

Other Divisions: V-Xpress | V-Logis

"Mangal Mandir" - Regd. under Postal Registration No. GAMC-315/2021-2023 Valid upto 31st December, 2023 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month.
R.N.I. No. of RNP is 33266/1978 • Published on 1st of Every Month


## આ પુસ્તકોનાં પ્રાપ્તિસ્થાન

# ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્યભવન**
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ-380001,
ફોન : 079-22149660, 09227055777
ઇ-મેઇલ : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ,
ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે,
સીમા હૉલ સામે,
પ્રહ્લાદનગર, અમદાવાદ-380 015
ફોન : 079-26934340, 98252 68759
ઇ-મેઇલ :
gurjarprakashan@gmail.com
વેબસાઇટ :
www.gspbooksmall.com

### ભારતમાં દરિયાકિનારાના પ્રવાસ

| | | |
|---|---|---|
| લક્ષદ્વીપ પ્રવાસ | સ્વામી સચ્ચિદાનંદ | 65 |
| ગોવાપ્રવાસ | સ્વામી સચ્ચિદાનંદ | 40 |
| રાષ્ટ્રીય તીર્થ આંદામાન | સ્વામી સચ્ચિદાનંદ | 125 |
| આંદામાનનો પ્રવાસ (સાધ્વી સમર્પણાદેવી તીર્થ, લાભુભાઈ લખાણીની સાથે) | સ્વામી સચ્ચિદાનંદ | 70 |
| લક્ષદ્વીપ-પ્રવાસ | સ્વામી સચ્ચિદાનંદ | 65 |

### ભારતમાં પર્વતીય પ્રવાસ

| | | |
|---|---|---|
| લેહ, લદ્દાખ, કારગિલ, કાશ્મીર | સ્વામી સચ્ચિદાનંદ | 60 |
| કૌસાની, રાણીખેત અને નૈનિતાલનો ઊડતો પ્રવાસ | સ્વામી સચ્ચિદાનંદ | 45 |
| નયનરમ્ય નૈનીતાલ | જયંતી ડી. શાહ | 70 |
| મહાબળેશ્વર | જયંતી ડી. શાહ | 60 |
| હિમાલય અને હિમાલય | રમણ સોની | 200 |
| અરવલ્લીની અસ્મિતા | ઈશ્વર પ્રજાપતિ | 140 |

### ભારતમાં ઐતિહાસિક પ્રવાસ

| | | |
|---|---|---|
| બીજાપુરથી નાંદેડ | સ્વામી સચ્ચિદાનંદ | 60 |
| હમ્પી, વેલૂર અને હળેબીડૂ પ્રવાસ | સ્વામી સચ્ચિદાનંદ | 50 |
| પૂર્વની સાત બહેનો | સ્વામી સચ્ચિદાનંદ | 110 |
| તાલમિનાડુની યાત્રા | સ્વામી સચ્ચિદાનંદ | 100 |
| સ્થાપત્ય અને શૌર્યની ભૂમિ રાજસ્થાન | સ્વામી સચ્ચિદાનંદ | 180 |

### ભારતમાં તીર્થપ્રવાસ

| | | |
|---|---|---|
| કાશી-અયોધ્યાની યાત્રા | સ્વામી સચ્ચિદાનંદ | 100 |
| હરિદ્વારની યાત્રા | સ્વામી સચ્ચિદાનંદ | 45 |
| બોધગયામાં નેત્રશ્રાદ્ધ | સ્વામી સચ્ચિદાનંદ | 75 |
| હિમાલયનાં ચાર ધામ | સ્વામી સચ્ચિદાનંદ | 80 |
| હિમાલયના હીંડોળે | સ્વામી સચ્ચિદાનંદ | 100 |
| અમારી અધૂરી નર્મદા પરિક્રમા | સ્વામી સચ્ચિદાનંદ | 100 |
| અમરનાથયાત્રાનાં સંસ્મરણો | હરીશ ત્રિવેદી | 115 |
| કૈલાશ-માનસરોવરનો ચરણસ્પર્શ | અભેસિંહ બારડ | 200 |

### ભારતમાં અન્ય પ્રવાસ

| | | |
|---|---|---|
| ચાલો, ગુજરાતના પ્રવાસે | પ્રવીણ શાહ | 500 |
| પ્રકૃતિના પ્રહરીઓ (ઇન્દ્રોડા પાર્ક, ગાંધીનગરનો પરિચય, પુરસ્કૃત) | નટવર હેડાઉ | 180 |
| નગરયાત્રા | યશવંત મહેતા | 300 |
| દો કદમ હમ ભી ચલેં (પુરસ્કૃત) | મહેબૂબ દેસાઈ | 85 |
| પ્રવાસન : સિદ્ધાંત અને વ્યવહાર | મહેબૂબ દેસાઈ | 150 |
| સફર | રજની વ્યાસ | 200 |




**ભારતનાં વિવિધ પ્રવાસસ્થળો વિશે માહિતી-સભર માર્ગદર્શક પુસ્તકો**





*If undelivered please return to :*
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૧ થી ૬૦૦૬

**To,**